આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૩૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫




# કરવડમાં ભંગારના ૪ ગોડાઉનોમાં આગ

## વારંવાર બનતી આગની ઘટનાઓથી સ્થાનિકોમાં ચિંતા : ફાયર વિભાગની ૫ થી ૬ ગાડીઓ સ્થળ ઉપર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપી મહાનગર પાલિકા હદના કરવડ વિસ્તારમાં આવેલા એક ભંગારના ગોડાઉનમાં ગુરુવારે બપોરના સમયે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગ લાગતાં જ ગોડાઉનમાંથી ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઊંચે સુધી દેખાતા હતા, જોતજોતામાં આગે બાજુની અન્ય ૩ ગોડાઉન પણ ચપેટમાં લેતાં આસપાસના લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

આગની જાણ થતાં વાપી ફાયર વિભાગની ૫ થી ૬ ફાયર ટેન્ડર ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી.

ફાયર કર્મચારીઓએ ભારે જહેમત બાદ આગને વધુ ફેલાતી અટકાવી કાબૂમાં લીધી હતી. ભંગારના જથ્થામાં પ્લાસ્ટિકના ડ્રમ રબર અને અન્ય જ્વલનશીલ સામગ્રી મોટી માત્રામાં સંગ્રહિત હોવાથી આગ ઝડપથી ફેલાઈ હતી હોવાનું જાણવા મળ્યું છે.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ ગોડાઉનમાં રાખવામાં આવેલ ભંગારનો મોટો જથ્થો આગમાં ખાખ થઈ ગયો હોવાનું પ્રાથમિક અંદાજ છે. આગ લાગવાના ચોક્કસ કારણ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે કરવડ અને આસપાસના વિસ્તારોમાં ભંગારના ગોડાઉનોમાં આગ લાગવાની ઘટનાઓ વારંવાર બનતી રહે છે. આવી ઘટનાઓને લઈને આગ સલામતીના નિયમોના પાલન સામે પણ પ્રશ્નો ઊભા થયા છે. સ્થાનિકોએ સંબંધિત તંત્ર દ્વારા કડક તપાસ કરી ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા જરૂરી પગલાં ભરવાની માંગ ઉઠાવી છે.

# સેલવાસમાં પાણી પુરવઠાની સમસ્યા

## કરોડો રૂપિયાના પાણી અને ગટર પ્રોજેક્ટ છતાં અનેક વિસ્તારોમાં પાણી પુરવઠા અંગે સવાલો : વહીવટ અને વ્યવસ્થામાં મુશ્કેલીની ચર્ચા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૨ :** શહેરમાં પાણી પુરવઠાની વ્યવસ્થાને લઈને રહેવાસીઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. બાલાજી મંદિર વિસ્તારના કેટલાક રહેવાસીઓએ દાવો કર્યો છે કે છેલ્લા કેટલાક દિવસોથી પીવાના પાણીનો પુરવઠો પ્રભાવિત રહ્યો હતો, જેના કારણે તેમને દૈનિક જરૂરિયાતો પૂર્ણ કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

સ્માર્ટ સિટી પ્રોજેક્ટના સત્તાવાર વિગતો મુજબ શહેરમાં પાણી પુરવઠા, ઘરેલુ વોટર મીટર અને ગટર વ્યવસ્થા સંબંધિત ૧૩૫ કરોડ રૂપિયાથી વધુ ખર્ચના પ્રોજેક્ટોને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટોનો હેતુ પાણી વિતરણ વ્યવસ્થાને મજબૂત બનાવવાનો, મોનિટરિંગ સિસ્ટમને વધુ અસરકારક બનાવવાનો અને શહેરી સુવિધાઓમાં સુધારો લાવવાનો હોવાનું જણાવવામાં આવ્યું છે.

તે છતાં કેટલાક વિસ્તારોના રહેવાસીઓ પાણી પુરવઠા સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોવાનો દાવો કરી રહ્યા છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર શહેરના વિવિધ વિસ્તારોમાં પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે નગર પરિષદ દ્વારા ટેન્કર મારફતે પણ પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જોકે ટેન્કરોની સંખ્યા અને તેમના સંચાલન અંગેની સત્તાવાર પુષ્ટિ મળી શકી નથી. રહેવાસીઓએ પાણીની સમસ્યા સાથે સાથે માહિતીના અભાવ અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમનું કહેવું છે કે પાણી પુરવઠામાં વિક્ષેપ અંગે અગાઉથી કોઈ જાણ કરવામાં આવી નહોતી. આ પ્રતિનિધિ દ્વારા સ્માર્ટ સિટીની વેબસાઈટ તેમજ ઉપલબ્ધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મની સમીક્ષા દરમિયાન પણ પાણી પુરવઠાના વિક્ષેપ સંબંધિત કોઈ જાહેર સૂચના જોવા મળી નહોતી. જોકે અન્ય કોઈ માધ્યમ દ્વારા માહિતી આપવામાં આવી હતી કે નહીં તેની પુષ્ટિ થઈ શકી નથી.

બાલાજી મંદિર વિસ્તારની રહેવાસી અને ગૃહિણી રીના પટેલે જણાવ્યું હતું કે જો કોઈ કારણસર પાણી પુરવઠો પ્રભાવિત થવાનો હોય તો નાગરિકોને સમયસર માહિતી આપવામાં આવવી જોઈએ જેથી તેઓ જરૂરી વૈકલ્પિક વ્યવસ્થા કરી શકે. તેમના જણાવ્યા મુજબ અનેક પરિવારોને કોઈ સ્પષ્ટ માહિતી વિના પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક રહેવાસી અમર યાદવે જણાવ્યું હતું કે જો નાગરિકોને પીવાના પાણી જેવી મૂળભૂત સેવાઓ અંગે ફરિયાદો છે તો સંબંધિત તંત્રની કામગીરીની સમીક્ષા થવી જોઈએ. તેમણે સ્થાનિક પ્રશ્નોના ઉકેલમાં નગર પરિષદની ભૂમિકા વધુ અસરકારક બનાવવાની માંગ કરી હતી.રહેવાસીઓનું માનવું છે કે કોઈપણ ટેકનિકલ ખામી અથવા આપાત પરિસ્થિતિ દરમિયાન પારદર્શક સંચાર અને સમયસર માહિતી આપવી એ તંત્રની મહત્વપૂર્ણ જવાબદારી છે. તેમનું કહેવું છે કે નિયમિત અપડેટ અને સ્પષ્ટ માહિતીથી લોકોની મુશ્કેલીઓમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે.

પાણી પુરવઠાની હાલની સ્થિતિ, ટેન્કર વ્યવસ્થા, પાણીની સમસ્યાના કારણો તેમજ રહેવાસીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ અંગે સંબંધિત અધિકારીઓનો પ્રતિભાવ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમાચાર લખાય ત્યાં સુધી તેમનો સત્તાવાર પ્રતિસાદ પ્રાપ્ત થઈ શક્યો નહોતો.

# ડુંગરાથી ઝડપાયેલું કોલ સેન્ટર સીમકાર્ડના બદલે ઈન્ટરનેટ કનેક્ટીવીટી એપથી સંચાલિત હતું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ટીમને મળેલી બાતમી આધારે વાપીના ડુંગરા હરિયા પાર્કમાં આવેલા એક બંગલામાં છાપો મારતા તેમાંથી નવ પુરુષ અને બે મહિલા મળી ૧૧ આરોપીઓને ૫.૯૫ લાખના મુદ્દામાલ સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાનું કોલ સેન્ટર ચલાવતા ઝડપી પાડવામાં આવ્ય હતું. આ ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ચલાવનાર મુખ્ય આરોપી રાજેશ ઉર્ફે રાજ ઠોલાર, રહે.જાગૃતી નગર પાસે, મેટ્રો સ્ટેશન, મુંબઈ માં રહે છે.મુખ્ય આરોપી રાજેશ ઉર્ફે રાજ ધ્વારા ગુન્હાહિત કાવતરાના ભાગરૂપે વ્ઝ્ર MIDNIGHT CLUB નામનુ ખાનગી વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવેલ જે ગ્રુપનો એડમીન જીગર માવદીયા છે. જેમા તમામ આરોપીઓ ગૃપના મેમ્બર હતા. આ ગ્રુપમાં વિદેશી નાગરીકોને જાળમાં ફસાવવા માટે ફોન ઉપર શુ વાત કરવી તેની ઓપનિંગ સ્ક્રીપ્ટ અપલોડ કરવામાં આવેલ અને તમામને આ સ્ક્રીપ્ટ મુજબ કેવી રીતે વાત કરવી તે વોન્ટેડ આરોપી રાજ ધ્વારા શીખવાડવામાં આવતુ હતુ.આરોપીઓ પકડાઇ ન જાય તે માટે લોકલ સીમકાર્ડના બદલે ઈન્ટરનેટ કનેક્ટીવીટી પર ચાલતી X-lite અને APhone જેવી એપ્લિકેશન તથા વીઓઆઈપી (VoIP) ટેકનોલોજીનો ઉપયોગ કરતા હતા. તેઓ 'X-lite Version 4' અને મોબાઈલ ફોનને સીધા વાઈફાઈ થી કનેક્ટ કરી તથા 'APhone' એપ્લિકેશન મારફતે કેનેડાના નંબરો પર સીધા કોલ કનેક્ટ કરતા હતા. ડાર્ક વેબ તથા ઓપનસોર્સનો ઉપયોગ કરી, સોશીયલ મીડીયા મારફતે તેઓ સ્ક્રપ્ટ અને કેનેડીયન નાગરીકોનો લીડ ડેટા (મોબાઈલ નંબરો) મેળવતા હતા. આરોપીઓ કેનેડા પોસ્ટ (Canada Post), કેનેડિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ (CSIS) કે રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) ના ઉચ્ચ સરકારી અધિકારી તરીકેની પોતાની ખોટી ઓળખ આપતા હતા. તેઓ સામેવાળા કેનેડીયન નાગરીકોને ડરાવી-ધમકાવીને તમારા નામે મોકલેલ પાર્સલમાં નાર્કોટિક્સ ડ્રગ્સ અથવા ગેરકાયદેસર ડોલર પકડાયા છે અને કાયદાકીય તપાસમાં તમારા નામે મની લોન્ડરિંગના અનેક નકલી બેંક ખાતાઓ ખુલ્યા છે તેમ કહી ભોગ બનનાર વ્યક્તિને સંપૂર્ણ વિશ્વાસમાં લેવા અને ડરાવવા માટે 'Government of Canada' ના નકલી લેટરપેડવાળા ઈલેક્ટ્રોનિક દસ્તાવેજો બનાવી મોકલતા હતા અને કેસ રફે-દફે કરવાના બહાને એપલ (Apple), સુફેરો (Sufero) વગેરે પ્રતિષ્ઠિત કંપનીઓના મોંઘા ગિફ્ટ કાર્ડના સિક્રેટ નંબર મેળવી આંતરરાષ્ટ્રીય સ્તરે લાખો રૂપિયાની ડિજિટલ લૂંટ ચલાવતા હતા.




# આજે ભણતરની સાથે સોફ્ટ અને કોમ્યુનિકેશન સ્કીલ જરૂરી : સાંસદ ધવલભાઈ પટેલ

## રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લાના ગુજરાત બોર્ડના ૫૩૫ તેજસ્વી તારલાનું સન્માન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ તેમજ વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લામાં ધો. ૧૦ અને ધો. ૧૨ બોર્ડની સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં શાળા કક્ષાએ પ્રથમ અને એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર



વિદ્યાર્થીઓનો ''તેજસ્વી તારલા સન્માન સમારોહ'' ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાયો હતો. સમારોહમાં આદિજાત વિકાસમંત્રી નરેશભાઈ પટેલ, વલસાડ - ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન જે.પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે ધો. ૧૦ના ૨૭૫, ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૯૩ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહના ૧૬૭ મળી કુલ ૫૩૫ તેજસ્વી તારલાઓનું સન્માન કરાયુ હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે, દીકરાઓએ પણ ભણતર પાછળ ખૂબ ધ્યાન આપવુ પડશે. જેથી વધુ દીકરાઓ સરકારની યોજનાનો લાભ લઈ શિક્ષણ મેળવી આત્મનિર્ભર બની શકે છે. શિક્ષણ સુવિધાના કારણે આદિવાસી દીકરા-દીકરી આઈઆઈટી સુધી પહોંચ્યા છે, તે મોટી સિધ્ધિ છે. જયારે વલસાડ - ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના વિઝનના કારણે સારામાં સારૂ શિક્ષણ આજે મળી રહ્યુ છે. પણ આજનો સમય ભણતરની સાથે સોફ્ટ સ્કીલ અને કોમ્યુનિકેશન સ્કીલનો છે. આપણે પણ નવી નવી સ્કીલ શીખવાની જરૂર છે. તેમણે ઓનલાઈન ગેમિંગ તરફ કયારેય ન વળવા અનુરોધ કર્યો હતો. વલસાડ જિલ્લા કલેકટર નીતિન સાંગવાને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી વોકેશનલ કોર્સનું મહત્વ વધી રહ્યુ હોવાનું જણાવ્યું હતું. શ્રીમદ રાજચંદ્ર આશ્રમના ટ્રસ્ટી સંજયભાઈ ટોલિયાએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.રાજેશ્રી ટંડેલે સ્વાગત પ્રવચન કર્યુ હતું. આ સમારોહમાં તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, પ્રોબેશનર આઈ.એ.એસ. પિયુષભાઈ ઘટાલા, રાજચંદ્ર આશ્રમના આત્મપિત કોઠારી, વિદ્યાર્થીઓ, વાલીઓ અને આચાર્યોઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# ખેરગામ તાલુકાનો વિકાસ કેમ રૂંધાયો !

## આ વિસ્તારના રહીશ રાજકારણીઓની નબળી નેતાગીરી કે સક્ષમ અધિકારીઓની ઢીલાસ !

નવસારી જિલ્લાના ખેરગામને તાલુકા નો દરજ્જો તો આપી દેવાયો જેમાં અલગ તાલુકા પંચાયત કચેરી, તાલુકા મામલતદાર ઓફિસ, અલગ પોલીસ સ્ટેશન થી જોડી દેવાયા પરંતુ ગામનો જે વિકાસ થવો જોઈએ જેમાં કોઈક જગ્યાએ ક્ષતિ જોવા મળી રહી છે જેના કારણે ગામના જાગૃત નાગરિકોને મોડે મોડે જ્ઞાન લાધતાં હવે કમિટી બનાવી ગામમાં પાયાની સુવિધાઓ મળી રહે તે માટે ગાંધીનગરની વાત પકડી રજૂઆતો કરવામાં આવી રહી છે જો કે ખેરગામ પંથક અને આજુબાજુના ગામોની વસ્તીને ધ્યાનમાં લેવામાં આવે તો ખેરગામને નગરપાલિકાના દરજ્જો આપી શકાય તેમ છે પણ ખેરગામ તાલુકાના રહીશ રાજકારણીઓની રાજકીય પહોંચ ટૂંકી પડી રહી છે જોકે ખેરગયામ ના આજુબાજુ ગામોમાં વિશાળ જગ્યાઓ પણ રહી છે જેથી સરકારી બાંધકામો કરવા હોય તો તે પણ થઈ શકે તેમ છે. ખેરગામ તાલુકો આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો રહ્યો છે ખેરગામને તાલુકો જાહેર કર્યા બાદ સરકાર દ્વારા જે ગતિએ વિકાસ થવો જોઈએ તેમાં ઢીલાશ જોવા મળી રહી છે જોકે ખેરગામ તાલુકાના ગામોમાં ઘરે ઘરે રાજકારણ જોવા મળતું હોય છે પરંતુ તાલુકા નો વિકાસ થાય તે તરફ કોઈએ ધ્યાન આપ્યું નથી ખેરગામ પંથકમાં હાલમાં ભૂગર્ભ ગટરની ચળવળ ચલાવવામાં આવી રહી છે અને તેમાં એક કમિટી બનાવી ગાંધીનગર સુધી રજૂઆતો કરવામાં આવી છે પરંતુ માત્ર ભૂગર્ભ ગટર જ નહીં પરંતુ રહીશો ને પાયાની સુવિધા આપવામાં પણ કચાશ રહ્યો છે રસ્તા, પાણી, વીજળી ની સાથે સાથે રોજગારીની તકો ઉભી થાય અને આ વિસ્તારમાં નાના નાના ઉદ્યોગોની



ચીખલીનો પત્ર
જ્યોતીન્દ્ર છોવાલા, ચીખલી

સ્થાપના થાય તેવા પણ પ્રયત્નો કરવા જોઈએ ખેરગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટેભાગના રહીશો ગુંદલાવ, વાપી જીઆઈડીસી માં નોકરી ધંધાર્થે જતા હોય છે જ્યારે વલસાડ નવસારી શહેરોમાં પણ લોકોની અવર-જવર વધુ જોવા મળતી હોય છે જ્યારે સરકાર દ્વારા ખેતી કરતા ખેડૂતોને પણ થોડું ઘણું પ્રોત્સાહીત કરી ઓર્ગેનિક ખેતી તરફ વળે તે માટેના પ્રયાસો પણ કરવા રહ્યા. આ વિસ્તારના રહીશો મોટેભાગે શાકભાજીના પાકો અને દૂધના વ્યવસાય સાથે જોડાયેલા રહ્યા છે. ખેરગામ તાલુકામાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતોનું મોટું મકાન આવેલ હોય પરંતુ ચીખલી-ખેરગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સાથે સંયુક્ત હોય ત્યારે ખેરગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અલગથી બનાવવું પણ જરૂરી બની રહે છે સરકાર દ્વારા ખેરગામ તાલુકામાં એસટી પીકઅપ સ્ટેન્ડની પણ ખાસ જરૂરિયાત રહી છે. ખેરગામ તાલુકા સાથે વલસાડ, નવસારી, ધરમપુર, ચીખલી, વાંસદા તાલુકા પણ ટૂંકા અંતરમાં આવેલા હોય ત્યારે ખેરગામની પ્રજાને આવનજવન માટે પણ યોગ્ય સુવિધા પ્રાપ્ત થઈ શકે પણ ખેરગામ તાલુકા ના રહીશ રાજકારણમાં રાજકીય કમી જોવા મળી રહી છે જોકે ટૂંકા ગાળામાં ગ્રામ પંચાયતનું ઈલેકશન અને ત્યારબાદ વિધાનસભાનું ઈલેક્શન આવી રહ્યું છે

ત્યારે તાલુકાની પ્રજાએ અત્યારથી જ તૈયારીઓ ચાલુ કરવી પડશે નહીં તો વિકાસના નામ ઉપર વોટ માંગવા માટે મતદારો પાસે જશો ત્યારે કયો વિકાસ મતદારોને બતાવી શકશો.

### દાનવીર દાતા સ્વ. ચંદુભાઈ પટેલને

# વાંસદાના જલારામ મંદિરે સંયુક્ત શ્રદ્ધાંજલિ અપાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૧૨ :** વાંસદા શ્રી જલારામ બાપા મંદિરના મુખ્ય દાતા અને જલારામ બાપાની મૂર્તિનું દાન આપનાર એવા ગણદેવી નિવાસી ચંદ્રકાંતભાઈ રતિલાલ પટેલ (ચંદુભાઈ) નું ૮૮ વર્ષે અમેરિકા મુકામે દુઃખદ અવસાન થયેલ હતું. એમને આજે જલારામ બાપાના મંદિરે શ્રી જલારામ સેવા ટ્રસ્ટ અને ખંભાતી લેઉઆ પાટીદાર સમાજ, વાંસદા દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અપાઈ હતી. સ્વ. ચંદુભાઈ ના પરિવાર નો શ્રી જલારામ મંદિર અને શ્રી જલારામ હોલ કેલ્પસ બંનેને બનાવવા માં સિંહફાળો છે. તેમજ તેઓ એ ખંભાત પાટીદાર સમાજ માં પણ સક્કરપુર ખાતે કરોડોની જમીન દાન રૂપે આપી પટેલવાડી બનાવવામાં સ્વ. રતિલાલ દામોદરદાસ પટેલ પરિવારનો સિંહફાળો રહ્યો હતો. એમાં સ્વ ચંદુભાઈ મોટા પુત્ર હતા. સદગત ની આત્મા ને પ્રભુ શાંતિ આપે એજ સૌએ પ્રાર્થના કરી બે મિનિટનું મૌન પાડ્યું હતું.

# ડાંગમાં ૧૨ વર્ષ વિકાસના, વિશ્વાસના અને જનકલ્યાણના ગુજરાતથી રાષ્ટ્ર વિકાસ સુધીની ગૌરવગાથા ગુંજશે

**અહેવાલ : મનોજ ખેંગાર**

દેશના વડાપ્રધાનના ૧૨ વર્ષના સફળ નેતૃત્વ અને જનકેન્દ્રિત શાસનના અવસરે રજૂ થયેલી વિશેષ ફિલ્મ (TVC) વિકાસ, સુશાસન અને જનકલ્યાણના વિવિધ આયામોને ઉજાગર કરે છે. ક્ર૧૨ વર્ષ વિકાસના, વિશ્વાસના, જનકલ્યાણના સૂત્ર સાથે તૈયાર કરાયેલ આ અભિયાન દેશમાં થયેલા સર્વાંગી વિકાસની ગાથા રજૂ કરે છે.

ગત બાર વર્ષ દરમિયાન દેશે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ ક્રાંતિ, ગરીબ કલ્યાણ, મહિલાઓના સશક્તિકરણ, યુવાનો માટે નવી તકો અને ખેડૂતોના હિત માટે અનેક ઐતિહાસિક નિર્ણયોનો અનુભવ કર્યો છે. વિકાસના આ પ્રવાસમાં ગુજરાતે પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે અને રાજ્ય અનેક ક્ષેત્રોમાં દેશ માટે પ્રેરણારૂપ બન્યું છે.

રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ હસ્તકની માહિતી કમિશનરની કચેરી દ્વારા નિર્મિત આ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું છે કે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા છે. ગરીબોને આવાસ, સ્વચ્છતા, પીવાનું પાણી, આરોગ્ય સુરક્ષા અને મફત અનાજ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો લાવવામાં આવ્યો છે. ડિજિટલ ઈન્ડિયા અભિયાન દ્વારા સરકારી સેવાઓને પારદર્શક અને સરળ બનાવવામાં આવી છે. ટેક્નોલોજીના ઉપયોગથી નાગરિકોને ઝડપી સેવાઓ મળવા લાગી છે, જ્યારે સ્ટાર્ટઅપ અને નવીનતા ક્ષેત્રે ભારતે વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.

મહિલા સશક્તિકરણના ક્ષેત્રમાં પણ અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. શિક્ષણ, આરોગ્ય અને આર્થિક સ્વાવલંબન માટે અમલમાં મૂકાયેલી યોજનાઓએ મહિલાઓને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. યુવાનો માટે કૌશલ્ય વિકાસ, રોજગારી અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપતી પહેલોએ નવા અવસરોનું સર્જન કર્યું છે. ખેડૂતોના કલ્યાણ માટે કૃષિ ક્ષેત્રમાં આધુનિક ટેક્નોલોજી, નાણાકીય સહાય અને બજાર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેના પરિણામે કૃષિ વિકાસને નવી દિશા મળી છે.

આ ૧૨ વર્ષની યાત્રા માત્ર વિકાસના આંકડાઓની નહીં, પરંતુ દેશવાસીઓના વિશ્વાસ, આશા અને આત્મનિર્ભર ભારતના સંકલ્પની યાત્રા છે. વિકાસના આ માર્ગે આગળ વધતાં ભારત આજે વૈશ્વિક સ્તરે વધુ મજબૂત, આત્મવિશ્વાસપૂર્ણ અને પ્રગતિશીલ રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યું છે.૧૨ વર્ષ વિકાસના, વિશ્વાસના અને જનકલ્યાણનાનો સંદેશ આપતી આ ફિલ્મ દેશના દરેક નાગરિકને વિકાસયાત્રામાં સહભાગી બનવા અને વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા માટે પ્રેરિત કરે છે.

આ ફિલ્મ રાજ્ય સમસ્તમાં યોજાઈ રહેલા ૧૨ વર્ષ વિકાસના, વિશ્વાસના અને જનકલ્યાણના અંતર્ગત આયોજિત શ્રેણીબદ્ધ કાર્યક્રમોમાં પ્રદર્શિત થઈ રહી છે. જેના ભાગરૂપે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આયોજિત કાર્યક્રમમાં પણ, આ ફિલ્મના માધ્યમથી પ્રેક્ષકોને ગુજરાતથી રાષ્ટ્ર વિકાસ સુધીની ગૌરવગાથાથી અવગત કરાવ્યા હતા.

# આહવાની સરકારી હોસ્ટેલમાં પાણીની અછત અંગે પગલાં લેવાયા

**આહવા, તા. ૧૨ :** ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી સરકારી હોસ્ટેલમાં પાણીની અછતને લઈને પ્રકાશિત અહેવાલોને સંવેદનશીલતા સાથે ધ્યાને લેતા, ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી જરૂરી પગલાં હાથ ધરવામાં આવ્યા છે.

અહીંના વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે નિયમિત અને પૂરતો પાણી પુરવઠો ઉપલબ્ધ કરાવવા જિલ્લા પ્રશાસન સતત કાર્યરત છે. આહવા ગામની અંદાજિત ૧૮ હજાર ૩૨૦ની વસ્તીને રોજિંદા ૧૪૦ LPCD મુજબ ૨.૫૨ MLD પાણીની જરૂરિયાત સામે, હાલમાં ૧.૮૦ MLD પાણી ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે.



તાજેતરમાં ઉનાળાની તીવ્રતા અને વધતા પાણી વપરાશને કારણે કેટલાક વિસ્તારોમાં પાણીની અછત સર્જાઈ હતી, જેના કારણે હોસ્ટેલ સહિતના સંસ્થાગત પરિસરોમાં પણ તેની અસર જોવા મળી હતી.

જિલ્લા કલેક્ટર એન.ડી.પરમારના માર્ગદર્શન હેઠળ સંબંધિત વિભાગોએ પરિસ્થિતિની સમીક્ષા કરી હોસ્ટેલમાં પાણી પુરવઠો જળવાઈ રહે તે માટે વિશેષ વ્યવસ્થા ગોઠવી છે. સ્વરાજ આશ્રમ હેડવર્ક્સ ખાતે ઉપલબ્ધ ૨૪ લાખ લીટરની ક્ષમતાવાળા સંપમાંથી પમ્પિંગ કરી ૨૦૦ ની પાઈપલાઈન દ્વારા સરકારી હોસ્ટેલ અને માધ્યમિક શાળાના કેમ્પસમાં આવેલા ટાંકા ભરવાની કામગીરી નિયમિત ધોરણે હાથ ધરવામાં આવી રહી છે.

તાજેતરમાં જિલ્લા વહીવટી તંત્રના વડા એવા કલેક્ટર એન.ડી.પરમાર સહિતના ઉચ્ચ અધિકારીઓએ સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું, અને વિદ્યાર્થીઓને પીવાના પાણી સહિતની કોઈ મુશ્કેલી ન પડે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. હાલમાં હોસ્ટેલમાં નિયમિત પાણી પહોંચાડવાની કામગીરી ચાલુ છે, અને વિદ્યાર્થીઓને આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે કે આગામી દિવસોમાં પણ પાણીની માંગને ધ્યાનમાં રાખી વધારાની જરૂરિયાત ઊભી થશે તો ટેન્કર દ્વારા પણ પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે. જિલ્લાના નાગરિકોને અફવાઓથી દૂર રહી તંત્રને સહકાર આપવા તેમજ કોઈ સમસ્યા હોય તો સંબંધિત વિભાગનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### સોમનાથ મંદિર પરિવારે શિક્ષણસેવાનો અનોખો યજ્ઞ

# ગણદેવી-ચીખલીની ૧૯ શાળાઓમાં નોટબુકનું નિ:શુલ્ક વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૨ :** નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત સાથે વિદ્યાર્થીઓના ભવિષ્ય ઘડતર માટે બીલીમોરાના શ્રી સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટે શિક્ષણસેવાનું પ્રેરણાદાયી કાર્ય હાથ ધરી બુધવાર સવારે ૧૯ શાળાઓ તેમજ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ૭,૫૦૦ નોટબુકનું નિ:શુલ્ક વિતરણ કર્યું હતું. ટ્રસ્ટના આ સેવાકીય પ્રયાસથી અનેક વાલીઓ અને વિદ્યાર્થીઓને આર્થિક રાહત મળી હતી. શ્રી સોમનાથ મહાદેવ મંદિરના પવિત્ર સાનિધ્યમાં બુધવાર સવારે ગણદેવી અને ચીખલી તાલુકાની ૧૯ શાળાઓના વિદ્યાર્થીઓને નોટબુકો અર્પણ કરવામાં આવી હતી. શિક્ષણને પ્રોત્સાહન આપવાની સાથે વિદ્યાર્થીઓમાં સારા સંસ્કારોનું સિંચન થાય તેવા હેતુથી નોટબુકના કવર પર સોમનાથ દાદાના દર્શન દર્શાવવામાં આવ્યા હતા.આ પ્રસંગે ટ્રસ્ટના ઉપપ્રમુખ દેવચંદભાઈ પટેલે જણાવ્યું



હતું કે શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે. વિદ્યાર્થીઓને જરૂરી શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવાથી તેમના અભ્યાસમાં પ્રોત્સાહન મળે છે અને તેઓ વધુ આત્મવિશ્વાસ સાથે પોતાના સપનાઓ સાકાર કરી શકે છે. ધર્મ અને શિક્ષણના સમન્વય દ્વારા નવી પેઢીમાં મૂલ્યો અને સંસ્કારોનું નિર્માણ થાય તે પણ સમયની જરૂરિયાત છે. ટ્રસ્ટના આ સેવાયજ્ઞને શાળા પરિવાર, વિદ્યાર્થીઓ અને વાલીઓએ હર્ષભેર આવકાર્યો હતો. કાર્યક્રમ દરમિયાન સોમનાથ ટ્રસ્ટના પ્રમુખ સુરેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ દેવચંદભાઈ પટેલ, વિનોદભાઈ દેસાઈ, ઓફિસ સ્ટાફના સુરેશ તલાવીયા, કરસન પટેલ, વિવિધ શાળાઓના શિક્ષકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ ક્ષેત્રે સમાજને પ્રેરણા આપતું આ કાર્ય માત્ર નોટબુક વિતરણ પૂરતું મર્યાદિત ન રહી વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આશા અને પ્રોત્સાહનનો દીપ પ્રગટાવનાર પ્રયાસ તરીકે સરાહના પામી રહ્યું છે.

# ડાંગ જિલ્લામાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાશે

**આહવા, તા. ૧૨ :** ગુજરાત સરકારના '૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના' અને 'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' સંકલ્પ કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી સમયમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે મુજબ ડાંગ જિલ્લાના આહવા ખાતે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાવા જઈ રહ્યું છે. આ કાર્યક્રમ ડૉ. જયરામભાઈ ગામીત (માન. મંત્રી (રા.ક.), ઉદ્યોગ, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પ્રભારી મંત્રી, ડાંગ જિલ્લો) ના અધ્યક્ષ સ્થાને યોજાશે.જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે રાજેશભાઈ એમ. ગામીત (પ્રમુખ, જિલ્લા પંચાયત, આહવા-ડાંગ), ધવલભાઈ પટેલ (દંડક, લોકસભા અને સાંસદ, ૨૬ વલસાડ-ડાંગ) વિજયભાઈ પટેલ (નાયબ મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા અને ધારાસભ્ય, ૧૭૩ ડાંગ) ઉપસ્થિત રહેશે.

# ગણદેવીમાં કલ્યાણકારી યોજનાઓના પ્રચાર-પ્રસાર માટે જન કલ્યાણ શિબિરનો પ્રારંભ

**બીલીમોરા, તા.૧૨ :** ગુજરાત સરકાર દ્વારા જાહેર જનતાના હિતાર્થે અમલી બનાવેલી વિવિધ કલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને યોજનાઓનો મહત્તમ લાભ આપવાના ઉદ્દેશ્યથી ગણદેવી તાલુકામાં વિશેષ પ્રચાર ઝુંબેશ જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત શુક્રવારના રોજ અમલસાડની મહેતા વાડી ખાતે નવસારી જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલી નાયક,ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પટેલ,તાલુકા વિકાસ અધિકારી ચેતન દેસાઈ, મામલતદાર દીપિકાબેન રોઝ અને નાયબ મામલતદાર તન્વીબેન પટેલની ઉપસ્થિતિમાં પ્રથમ શિબિરનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહીને સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી મેળવી હતી. ૧૩૬૩ લાભાર્થીઓને ઘરઆંગણે જ જરૂરી પ્રમાણપત્રો મળતા તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. ગણદેવી તાલુકા મામલતદાર કચેરી દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર સમયપત્રક અનુસાર વિશેષ ઝુંબેશ આગામી ૧૮મી જૂન સુધી તાલુકાના વિવિધ



ક્લસ્ટરોમાં સવારે ૧૦ કલાકથી સાંજના ૦૫ કલાક દરમિયાન અવિરતપણે ચાલશે.

અમલસાડ ખાતે સફળતાપૂર્વક યોજાયેલા પ્રથમ કાર્યક્રમ બાદ હવે બાકીના ગામો અને ક્લસ્ટરોમાં શિબિરોનું આયોજન કરવામાં આવશે,જેમાં ૧૩ જૂને પ્રાથમિક શાળા, બીગરી (સમાવિષ્ટ ગામોં બીગરી, ધોલાઈ, પોંસરી, ગોયંદી ભાઠલા, વણગામ, તલોધ,વાઘરેચ, ખાપરવાડા) ૧૫ જૂને દૂધ મંડળી હોલ,ધકવાડા (સમાવિષ્ટ ગામોં દેવસર, આંતલીયા,ધકવાડા,વલોટી કેસલી,ઉંડાચ વાણીયા ફળિયા, ઊંડાચ લુહાર ફળિયા,૧૬ જૂને નાયક કન્યા છાત્રાલય મણિનગર ગણદેવા (સમાવિષ્ટ ગામો અંભેટા, નાંદરખા, પાટી, ધનોરી, વડસાંગળ, ખેરગામ, દેસાડ, એંધલ, દુવાડા, કલવાચ, ગણદેવા મટવાડ,ખાપરીયા, પીપલધરા, માણેકપોર, ૧૭ જૂને ગાંધીઘર કછોલી (સમાવિષ્ટ ગામોં કછોલી, સોનવાડી, સાલેજ, કોલવા, મોહનપુર, અચેલી, ગંઘોર, વેગામ-વગલવાડ, પિંજરા ગડત, ઈચ્છાપોર અને પાથરી ) અને ૧૮ જૂનેઆર એન હાઈસ્કુલ સરીખુરદ (સમાવિષ્ટ ગામો માસા, મેંધર, મોરલી, સરીબૂજરંગ, સરીખુરદ, કોથા અને વાસણ) રહેશે. શિબિરોમાં રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃધ્ધ અને દિવ્યાંગ આર્થિક સહાય યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના જેવી અતિ મહત્વની યોજનાઓના ફોર્મ સ્વીકારવા, ચકાસણી કરવા તેમજ અરજદારોને જરૂરી તમામ વહીવટી માર્ગદર્શન આપવા માટે નાયબ મામલતદારો, સર્કલ ઓફિસરો અને તલાટીઓ ની ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે.

મામલતદાર ગણદેવી અને તાલુકા ભાજપ સંગઠનના પ્રમુખ શૈલેષ હળપતિ દ્વારા તમામ સંબંધિત ગ્રામજનોને આવનાર શિબિરનો બહોળો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૩-૦૬-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** જેઠ, તેરસ **સૂર્યોદય :** ૦૫ : ૫૭ **સૂર્યાસ્ત** ૦૭ :૨૧, **ચંદ્રોદય** - ૦૩:૪૧ **ચંદ્રાસ્ત** - ૦૫:૪૧ **ચંદ્ર રાશિ :** વૃષભ, **નક્ષત્ર** - કૃતિકા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** સવાર સુધી ચંદ્રબળ સારું રહેશે. કોઈ મહત્વપૂર્ણ કાર્યમાં તમને -ગતિ મળશે.

**વૃષભ(બ.વ.ઉ) :** ૦૯ઁ૨૫ વાગ્યા પછી ચંદ્ર આ રાશિમાં -વેશ કરશે. મનમાં શાંતિ અને સંતોષની લાગણી રહેશે.

**મિથુન(ક.છ.ઘ) :** આર્થિક બાબતોમાં સાવધાની રાખવી. વેપારમાં સારો લાભ થઈ શકે છે.

**કર્ક(ડ.હ) :** કૌટુંબિક જીવનમાં સુમેળ રહેશે અને અટવાયેલા કાર્યો પૂરા થઈ શકે છે.

**સિંહ(મ.ટ.) :** વ્યાવસાયિક મોરચે સાવચેત રહેવું. અજાણ્યા લોકો પર વધારે ભરોસો ન કરવો.

**કન્યા(પ.ઠ.ણ.) :** આ રાશિ માટે અષ્ટમ ચંદ્ર હોવાથી આરોગ્ય અને વાહન ચલાવતી વખતે વિશેષ ધ્યાન રાખવું.

**તુલા (ર.ત.) :** વિવાહિત જીવનમાં મધુરતા વધશે અને ભાગીદારીના કામોમાં લાભ થશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આત્મવિશ્વાસ વધશે. કોર્ટ-કચેરીના મામલાઓમાં અનુકૂળ પરિણામ મળી શકે છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** અધિકારી વર્ગ સાથે ચર્ચામાં પડવાનું ટાળવું. તણાવ મુક્ત રહેવાનો -યાસ કરવો.

**મકર(જ.ખ) :** અચાનક મુશ્કેલીઓ આવી શકે છે. આરોગ્યની દ્રષ્ટિએ ગરમી અને એલર્જીથી બચવું.

**કુંભ(ગ.શ.સ.) :** આર્થિક લાભ થશે. સામાજિક માન-સન્માનમાં વધારો થવાની સંભાવના છે.

**મીન(દ.ચ.ઝ.થ) :** કોઈને પણ પૈસા ઉધાર આપવાનું ટાળવું. અજાણ્યા લોકો પર આંધળો વિશ્વાસ ન કરવો.

## દમણ રેડિયો

आकाशवाणी

102.3 FM

શનિવાર/રવિવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે** : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | 2 | | | 5 | | 4 |
| | 7 | | | | | | | |
| | | 9 | | 5 | 6 | | 1 | 2 |
| | | | 3 | 1 | 5 | | | 7 |
| | | | | 8 | | | | |
| 9 | | | 6 | 2 | 4 | | | |
| 4 | 3 | | 9 | 6 | | 8 | | |
| | | | | | | | 4 | |
| 5 | | 6 | | | 2 | | 9 | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૦૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 2 | 7 | 9 | 4 | 1 | 8 | 5 | 6 |
| 4 | 1 | 9 | 5 | 6 | 8 | 3 | 7 | 2 |
| 6 | 8 | 5 | 2 | 3 | 7 | 4 | 1 | 9 |
| 2 | 6 | 1 | 7 | 5 | 4 | 9 | 3 | 8 |
| 9 | 7 | 4 | 6 | 8 | 3 | 1 | 2 | 5 |
| 5 | 3 | 8 | 1 | 9 | 2 | 6 | 4 | 7 |
| 8 | 5 | 2 | 3 | 1 | 9 | 7 | 6 | 4 |
| 7 | 4 | 3 | 8 | 2 | 6 | 5 | 9 | 1 |
| 1 | 9 | 6 | 4 | 7 | 5 | 2 | 8 | 3 |

કૃત્રિમ અંગ વિતરણ કેમ્પના પ્રથમ દિવસે જ

## ઉમરગામ તાલુકાનાં ૫૪થી વધુ દર્દીઓએ લાભ લીધો





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨ :** રોટરી ક્લબ ઓફ ઉમરગામ દ્વારા ઉમરગામ ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશન (UIA), રોટરી ક્લબ ઓફ બોમ્બે અને મહાવીર સેવા સદનના સહયોગથી આયોજિત કૃત્રિમ હાથ-પગ (કૃત્રિમ અંગો) વિતરણ કેમ્પને પ્રથમ જ દિવસે ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો છે. કેમ્પમાં અત્યાર સુધીમાં આશરે ૮૦ લાભાર્થીઓએ નોંધણી કરાવી છે, જ્યારે ૫૪થી વધુ દર્દીઓની તપાસ કરીને તેમના માપ લેવામાં આવ્યા છે. દિવ્યાંગજનોને ચાલવા-ફરવામાં સરળતા અને આત્મનિર્ભરતા મળે તે હેતુથી યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકો લાભ લેવા માટે પહોંચ્યા હતા. આયોજકોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ વધુ લાભાર્થીઓ જોડાશે તેવી આશા છે.

કેમ્પ દરમિયાન રોટરી ક્લબ ઓફ બોમ્બેના રોટેરિયન મિરલ શાહ, UIAના પ્રમુખ અશોક ગુપ્તા, સચિવ શ્યામ વિજાન, રોટરી ક્લબ ઓફ ઉમરગામના પ્રમુખ ડૉ. પ્રિયંકા શેઠ, સચિવ લલિત તાપરિયા, પ્રોજેક્ટ ચેરમેન મિલિંદ સોનપાલ, પ્રોજેક્ટ કો-ચેર પટેલ તથા રોટરી ક્લબ ઓફ ઉમરગામના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.આ સમગ્ર પ્રોજેક્ટને સફળ બનાવવા માટે ઉમરગામ ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશન (UIA), રોટરી ક્લબ ઓફ બોમ્બે, મહાવીર સેવા સદન તથા અન્ય સહયોગી સંસ્થાઓએ આપેલા અમૂલ્ય યોગદાન બદલ રોટરી ક્લબ ઓફ ઉમરગામે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## મોટાપોંઢા હાઈસ્કૂલ ખાતે વિશ્વ પર્યાવરણ અંતર્ગત વૃક્ષારોપણ કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીવલ, તા. ૧૨ :** વિશ્વ પર્યાવરણ દિવસ (૫ જૂન)અંતર્ગત નિમિત્તે એક પેડ મા કે નામ ૩.૦ અભિયાન અંતર્ગત વલસાડ દક્ષિણ વન વિભાગની નાનાપોંઢા રેન્જ દ્વારા મોટાપોંઢા હાઈસ્કૂલ ખાતે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન કપરાડા વિધાનસભાના ધારાસભ્ય જીતુભાઈ એચ. ચૌધરીએ સંભાળ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના સંકલ્પ સાથે વૃક્ષોના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વૃક્ષો માનવ જીવન માટે ઓક્સિજન, વરસાદ અને પર્યાવરણીય સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે ઘર ગમે તેટલું ભવ્ય હોય, પરંતુ તેની આસપાસ હરિયાળી ન હોય તો તેની શોભા અધૂરી રહે છે. વધતી ગરમી અને આબોહવા પરિવર્તનના પડકારો વચ્ચે દરેક નાગરિકે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું જતન કરવાની જવાબદારી નિભાવવી જોઈએ.

પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબેન પટેલ, ભાજપ પ્રમુખ વિપુલભાઈ ભોયા, આર.એફ.ઓ. જીતેન્દ્રભાઈ ભેડા, જિલ્લા પંચાયત સભ્ય મિતેશભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય કેતનભાઈ પટેલ સહિત વન વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, સરપંચો અને વિવિધ ગામોના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તેમજ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. એક પેડ મા કે નામ ૩.૦ અભિયાન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમ હરિયાળું, સ્વચ્છ અને સમૃદ્ધ સમાજ નિર્માણ તરફનું પ્રેરણાદાયી પગલું સાબિત થયું હતું.

## ઉદવાડામાં પ્લાસ્ટિક સફાઈ દિવસની ઉજવણી કરાઈ

**વલસાડ, તા. ૧૨ :** જીલ્લા કલેકટરશ્રી નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જન કલ્યાણ નેજા હેઠળ વલસાડમાં જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જેના ભાગરૂપે પારડી તાલુકાના ઉદવાડા ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત પ્લાસ્ટિક સફાઈ દિવસ નિમિત્તે સઘન સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ ઝુંબેશમાં ગામના સરપંચ, તલાટી, સફાઈ કર્મચારીઓ અને જાગૃત ગ્રામજનોએ સાથે મળીને રસ્તાની બંને બાજુ, જાહેર સ્થળો અને બજાર વિસ્તારમાંથી તમામ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરી ગામને સ્વચ્છ અને સુંદર બનાવવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો હતો.

## દમણમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ શિબિર યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૧૨ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના સફળ ૧૨ વર્ષના કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે ભારતીય જનતા પાર્ટી દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયાના માર્ગદર્શન હેઠળ દમણ જિલ્લા ભાજપ કિસાન મોર્ચા દ્વારા પરિયારી મંડળ ખાતે ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ખેતીવાડી વિભાગના અધિકારીઓએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ, રાસાયણિક મુક્ત ખેતીની આધુનિક પદ્ધતિઓ તેમજ સરકાર દ્વારા અમલમાં મુકાયેલી વિવિધ કૃષિ યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. અધિકારીઓએ ખેડૂતોને ઓછી ખર્ચાળ અને પર્યાવરણમૈત્રી ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત ખેડૂત ભાઈઓ અને બહેનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાકૃતિક ખેતીને વધુ પ્રોત્સાહન આપવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## વલસાડ જિલ્લા તિજોરી કચેરીના સેવકની પ્રમાણિકતા



**વાપી, તા.૧૨ :** વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના અશરફભાઈ ચુડાસમા પેન્શનના કામાર્થે વલસાડ જિલ્લા તિજોરી ઓફિસમાં ગયા હતાં. જ્યાં તેઓ પોતાનું પોકેટ કોઈ જગ્યા પર ભૂલી ગયા હતાં. જેમાં ઘણાં અગત્યના ડોક્યુમેન્ટ હતાં.

જેઓ ઘરે પહોંચ્યા બાદ અચાનક જ વલસાડ જિલ્લા તિજોરી અધિકારી અતુલકુમાર ધોરાજીયાનો ફોન આવ્યો કે, આ ઓફિસના સેવક ચિરાગભાઈ રાઠોડને તમારૂં પાકીટ મળી આવ્યું છે અને જે તમે આવીને લઈ જશો.

અશરફભાઈને તેમનું પાકીટ મળી જતા તેમને વલસાડ જિલ્લા તિજોરી કચેરીના સેવક ચિરાગભાઈની પ્રમાણિકતાને બિરદાવી હતી અને પુષ્પગુચ્છથી તેઓને સન્માનિત કર્યા હતાં.

## દમણમાં કાનૂની સાક્ષરતા કાર્યક્રમ યોજાયો





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૧૨ :** રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણ દ્વારા એડવોકેટ્સ બાર એસોસિએશનના સહયોગથી આજે પાટલારા ગ્રામ પંચાયત ખાતે કાનૂની સાક્ષરતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોમાં કાનૂની અધિકારો, સરકારી કલ્યાણકારી યોજનાઓ અને સામાજિક મુદ્દાઓ અંગે જાગૃતિ લાવવાનો હતો.કાર્યક્રમની શરૂઆત એડવોકેટ સ્મિતા ગોહિલના સ્વાગત પ્રવચનથી થઈ હતી. ત્યારબાદ એડવોકેટ મયંકભાઈ પટેલે આરોગ્ય સંબંધિત અધિકારો, અનુસૂચિત જાતિ અને જનજાતિ માટેની કલ્યાણકારી યોજનાઓ, સ્કિલ ઈન્ડિયા મિશન, ડિજિટલ કૌશલ્ય તાલીમ અને પીએમ વન ધન યોજનાની માહિતી આપી હતી. એડવોકેટ સોહિની ભંડારીએ નાલસાની 'ડોન' યોજના અંતર્ગત નશામુક્ત ભારત માટે જાગૃતિ અને માર્ગદર્શન અંગે માહિતી આપી હતી. તેમણે યુવાનોને નશાથી દૂર રહેવા અપીલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન એડવોકેટ સ્મિતા ગોહિલે બાળમજૂરી વિરોધી કાયદાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું, જ્યારે એડવોકેટ ભક્તિબેન ઉપાધ્યાયે ઘરેલુ હિંસા વિરોધી કાયદા અને મહિલાઓના કાનૂની અધિકારો વિશે માહિતી આપી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અંતે એડવોકેટ મયંકભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

## વલસાડના કોસંબા ગામમાં તાલુકા કક્ષાનો વિશ્વ યોગ દિવસ કાર્યક્રમ યોજાયો

**વલસાડ, તા. ૧૨ :** ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા આયુર્વેદ શાખા,વલસાડના માર્ગદર્શન હેઠળ તાલુકા કક્ષાનો ૧૨મો વિશ્વ યોગ દિવસ-૨૦૨૬ નો કાર્યક્રમ વલસાડના કોસંબા ગામમાં યોજાયો હતો.



ગુજરાત રાજ્ય યોગ બોર્ડના દક્ષિણ ઝોનના કો-ઓર્ડિનેટર પ્રિતિબેન પાંડે દ્વારા આયુષમાન આરોગ્ય મંદિર, મરલાના યોગ ટ્રેનર ચાન્ગુનાબેન અને મનીષભાઈ સાથે મળી યોગ પ્રોટોકોલ અનુસાર યોગાભ્યાસ તથા યોગાસન, પ્રાણાયમ, ધ્યાનને દૈનિક જીવનમાં અપનાવી આ વર્ષની થીમ તંદુરસ્ત વૃધ્ધત્વ માટે યોગ થીમ અંગે સમજણ આપી હતી. જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનુ, કોસંબા, વલસાડના મેડિકલ ઓફિસર સ્વાતિ ચૌધરીએ જણાવ્યું કે, યોગ એ સતત અભ્યાસનો વિષય છે. નિયમિત ૧૦ મિનિટ યોગાસન અભ્યાસ શરીર સ્વાસ્થય, ૧૦ મિનિટ પ્રાણાયમ અભ્યાસ મન અને બુધ્ધિના સ્વાસ્થય, ૧૦ મિનિટનું ધ્યાન પોતાના ભીતર રહેલ આત્માની અનુભૂતિ મેળવી સાકારથી નિરાકાર સુધીની યાત્રા છે. શરીર-મન-આત્માનું સંતુલન દૈનિક જીવનમાં સતત જાગૃતિ સાથે નિર્ણય લેવામાં મદદરુપ બને છે. આજના બાળકો અને યુવાનો જો યોગ વિષયક માહિતી પ્રાપ્ત કરે અને જીવનમાં અપનાવશે તો પોતાના જીવન, સ્વાસ્થય, કરિયર અને ભવિષ્યને ઉજ્વળ બનાવી શકે છે અને સાથે સાથે દેશનું ભવિષ્ય પણ ઉજ્જવળ બનશે. યોગનું ક્ષેત્ર ખૂબ વિશાળ છે, જે માત્ર યોગાસન પુરતુ સીમિત નથી. યોગના સતત અભ્યાસથી જ યોગને સમજી શકાય છે.આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર દિવ્યાબેન ઢોડીયા, જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનુ, ભુતસર, વલસાડ, મેડિકલ ઓફિસર તરલ ગરાસિયા, સરકારી આયુર્વેદ દવાખાનુ, નાની દાંતી, વલસાડ. હોમિયોપેથી મેડિકલ ઓફિસર બિરજુ પટેલ, સરકારી હોમિયોપથી દવાખાનુ, હરિયા, વલસાડ. હો.મે.ઓ. નિકુંજભાઈ ગામીત, સરકારી હોમિયોપથી દવાખાનુ, ડુંગરી, વલસાડ એ સ્ટાફ સહિત હાજરી આપી હતી. કાર્યક્રમના અંતે બ્રાહ્મી શંખપુષ્પી હીમ શરબતનું વિતરણ તથા ડાયાબિટિસ, સાંધાના રોગો, પાચન તંત્રના રોગો માટે જરૂરી યોગાસન વિષયક પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. કોસંબાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં યોગ કાર્યક્રમ અને યોગ વિષયક જન જાગૃતિ હેતુ ઘર ઘર સુધી અષ્ટાંગ યોગ અંગે ના પેમ્પલેટનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

## વલસાડ જિલ્લા માર્ગ સલામતી સમિતીની બેઠક યોજાશે

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ જિલ્લાની જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક તા ૧૫-૦૬-૨૬ ના રોજ સાંજે ૪-૩૦ કલાકે વલસાડ જિલ્લા કલેકટર નિતીન સાંગવાનના અધ્યક્ષપણા હેઠળ કલેકટર કચેરી વલસાડ ખાતે યોજાશે. આ બેઠકમાં હેડ ક્વાર્ટરના અધિકારીઓ હાજર રહેવાનું રહેશે. જયારે હેડ ક્વાર્ટર સિવાયના અધિકારીઓ વીડીયો કોન્ફરન્સથી ભાગ લેશે.

## વલસાડ જિલ્લો બાળમજૂરી નાબૂદીના પંથે : છેલ્લા ત્રણ વર્ષમાં બાળ મજૂરીના માત્ર બે કેસ મળી આવ્યા


### જિલ્લાના ૪૦૦૦ ઉદ્યોગોની તુલનાએ હોટલ અને રેસ્ટોરન્ટોમાં તરુણ શ્રમયોગી મળી આવતા માલિક સામે કાર્યવાહી

**જિજ્ઞેશ સોલંકી દ્વારા**

**વલસાડ, તા. ૧૨ :** "જ્યારે કોઈ બાળકના હાથમાં રમકડાં અને પુસ્તકોના બદલે કામના સાધનો દેખાય, ત્યારે સમજવું જોઈએ કે, માત્ર એક બાળક નહીં, પરંતુ સમાજનું ભવિષ્ય પણ મજૂરીના ભાર હેઠળ દબાઈ રહ્યું છે." બાળકો ભારતના ભાગ્ય વિધાતા છે એટલે જ તેમને દેશનું ઉજ્જવળ ભવિષ્ય કહેવામાં આવે છે. ત્યારે બાળકોના ભવિષ્ય સાથે ચેડા ન થાય તે માટે International Labour Organization (ILO) દ્વારા વર્ષ ૨૦૦૨ થી તા. ૧૨ જૂનને વિશ્વ બાળમજૂરી વિરોધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ બાળ મજૂરી સામે જાગૃતિ ફેલાવવાનો અને બાળકોને શિક્ષણ, સુરક્ષા તથા તેમના અધિકારો પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નો કરવાનો છે.

આજે વિશ્વ બાળમજૂરી વિરોધ દિવસની વાત કરીએ તો, વલસાડ જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં બાળ મજૂરીના નહિવત કેસો છે પરંતુ ૧૪ થી ૧૮ વર્ષની વય વચ્ચેના તરૂણો પાસે મજૂરી કરાવાતી હોવાના બનાવો જોવા મળી રહ્યા છે. જેને અટકાવવા માટે અને સરકારના નીતિ નિયમોનું પાલન કરાવવા માટે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલી ટાસ્ક ફોર્સ દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.

ગુજરાત સરકારની કડક નીતિઓ અને વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ બાળ મજૂરીની સામાજિક બદીને જડમૂળથી ઉખાડવા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. બાળ શ્રમિકોને મુક્ત કરાવવા અને ગુનેગારો સામે કાયદાકીય સકંજો કસવા માટે રચાયેલી ખાસ ટાસ્ક ફોર્સ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી સઘન કામગીરીના સત્તાવાર આંકડા તંત્રની સક્રિયતા દર્શાવે છે. જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં મદદનીશ શ્રમ આયુક્ત કચેરી દ્વારા જિલ્લામાં ૪૫૫ સંસ્થાઓની મુલાકાત લેવામાં આવી હતી અને ૮૮ જેટલા સ્થળે રેડ પાડવામાં આવી હતી. ૩ વર્ષમાં માત્ર બે બાળ મજૂર મળી આવતા માલિક સામે ગુનો દાખલ કરાયો હતો. આ સિવાય ૧૦૨ તરૂણ મળી આવ્યા હતા. જેમાં નિયમોના ભંગ બદલ માલિક સામે ૪૮ કેસ કરાયા હતા. જેમાં કુલ રૂ. ૭,૨૭,૧૦૦નો દંડ કરાયો હતો.




વલસાડ જિલ્લા મદદનીશ શ્રમ આયુક્ત કચેરીના મદદનીશ શ્રમ આયુક્ત જી.એમ. ભૂટકા જણાવે છે કે, ટાસ્ક ફોર્સ કમિટી દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે રાખી દર મહિને બે રેડ પાડવામાં આવે છે. જેમાં ૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને કોઈપણ પ્રકારના કામે રાખવા પર અને તરૂણોને (૧૪ વર્ષથી મોટા અને ૧૮ વર્ષથી નાના) જોખમી વ્યવસાય કે પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે. જેમાં કામે રાખનાર માલિકની તાત્કાલિક ધરપકડ કરી ગુના બદલ રૂ. ૧ લાખ સુધીનો દંડ અથવા બે વર્ષ સુધીની જેલ અથવા બંને સજા થઈ શકે છે.

જિલ્લા મદદનીશ શ્રમ આયુક્ત કચેરીના લેબર ઓફિસર એન.બી. પરમાર જણાવે છે કે, વલસાડ જિલ્લામાં અંદાજે ૪૦૦૦ જેટલા ઉદ્યોગો છે, તેમાં નહિવત બાળ મજૂરો જોવા મળે છે પરંતુ હોટલ અને રેસ્ટોરન્ટ પર તરૂણો કામ કરતા જોવા મળે છે. જેમાં નીતિ નિયમોનો ભંગ થતો જોવા મળે છે. બિન જોખમી વ્યવસાયમાં તરુણ પાસે કામ કરાવી શકાય પરંતુ તે માટે ટાસ્ટ ફોર્સ પાસે મંજૂરી લેવાની હોય છે અને ૧૨ જેટલા નિયમોનું પાલન કરવાનું હોય છે. જેનો ભંગ થતા માલિક સામે દંડનીય કાર્યવાહી થાય છે. રેડ દરમિયાન ૧૪ વર્ષથી નીચેની વયનું બાળક મળે તો તે ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી તેને શિક્ષણ અને માતા-પિતાને રોજગાર આપવામાં તંત્ર મદદરૂપ થાય છે. જો પરપ્રાંતના બાળક મળી આવે તો જે તે રાજ્યને જાણ કરવાની હોય છે.

બાળપણ કામ માટે નહીં, પરંતુ શિક્ષણ, વિકાસ અને સપનાઓ સાકાર કરવા માટે છે. વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ આપણને એ સંદેશ આપે છે કે, કોઈપણ બાળકનું સ્થાન કામના સ્થળે નહીં, પરંતુ શાળામાં અને સુરક્ષિત પરિવારમાં હોવું જોઈએ. આવો, આપણે સૌ મળીને બાળ મજૂરીમુક્ત સમાજના નિર્માણ માટે સંકલ્પબદ્ધ બનીએ અને દરેક બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે યોગદાન આપીએ.

ત્રણ - ચાર વર્ષથી ગ્રામજનોની ફરિયાદ છતાં

## માંડવામાં મંજૂરી વગર ધમધમતું ક્વોરી પ્લાન્ટ ચલાવનારા પર કોની રહેમ નજર ?

વલસાડ જિલ્લા માં સૌથી ખનીજ અંગે ની ફરિયાદો કપરાડા - નાનાપોંઢા તાલુકા માં ઉઠી રહી છે. જેમાં ગેરકાયદેસર રેતી અને માટી ખનન મોટેપાયે થતું હોવાની વર્ષો થી લોકો ફરિયાદ કરી રહ્યા છે. આ ઉપરાંત માનવ વસતી ધરાવતા વિસ્તાર માં તંત્ર ની રહેમ નજરે ક્વોરી અને ક્રશર પ્લાન્ટ ની મંજૂરી આપી ધમધમી રહ્યા છે. સ્થાનિક રહીશો ની અનેકવાર ની ફરિયાદો છતાં તંત્ર દ્વારા કોઈ પગલા લેવા માં આવતા નથી હોવાની લોકોમાં રોષ સાથે ફરિયાદો ઉઠી રહી છે. છતાં ક્વોરી સંચાલકો પોતાનો ધંધો બેરોકટોક ધમધમાવી રહ્યા છે અને રૂઆબ સાથે લોકો ની ફરિયાદો ને તંત્ર સાથે ની સાંઠગાંઠના કારણે ખનિજ માફિઓ પર કોઈ પગલા લેવા માં આવતા નથી હોવાની લોકો માં વર્ષો થી ફરિયાદો ઉઠી રહી છે. જે નું એક જીવંત ઉદાહરણરૂપ કપરાડા તાલુકાના માંડવા ગામ માં ચાલતું ક્રશર પ્લાન્ટ અને ક્વોરીના મંજૂરી વગર ધમધમતો હોવાની ગ્રામજનો ની ત્રણ - ચાર વર્ષથી ફરિયાદો ઉઠી રહી છે. લોકોની ફરિયાદો વચ્ચે ક્રશર અને કવોરી પ્લાન્ટ નામંજુર હોવા છતાં કાર્યરત હોવા અંગે ગત તારીખ ૫ મી મે ના રોજ માંડવા ગામની ગ્રામસભા માં સ્થાનિકો દ્વારા ક્રશર પ્લાન્ટ અને ક્વોરી અંગે પ્રશ્નો ઉઠાવતા સરપંચ અને જાગૃત યુવાનો



કપરાડાનો પત્ર

જગદીશ ભોયા, કપરાડા

સાથે બબાલ થઈ હોવાનું જાણવા મળે છે. સરપંચ દ્વારા અપશબ્દો અને અપમાનજનક શબ્દો ગ્રામસભા માં બોલતા વિવાદ વધુ ઉગ્ર બન્યો હોવા ની વિગત મળવા પામી છે.જે અંગે જિલ્લા કલેક્ટર દ્વારા તપાસ થાય તેવી માંગ ઉઠી રહી છે. ઉલ્લેખનીય છે. કપરાડા - નાનાપોંઢા તાલુકાના કેટલાક ગામોમાં માનવવસ્તીની વચ્ચે ક્વોરી પ્લાન્ટો ધમધમે છે. જેથી ધ્વનિ પ્રદૂષણ,પથરોના રજકણો લોકો ના સ્વસ્થ માટે જોખમી હોય છે.જે કોની રહેમ નજરે આવા માનવ વસતી ધરાવતા લોકો ની વચ્ચે પ્લાન્ટ મંજૂરી અપાય છે ? જે એક મોટો પ્રશ્ન ઉભો થાય છે. એવી જ રીતે માંડવા ગામે હટવાડા ફળિયા ખાતે માનવ વસતી ધરાવતા વિસ્તાર માં ચાલતું ક્રશર પ્લાન્ટ અને ક્વોરી ની મંજૂરી કેવી રીતે મળી છે? ગ્રામપંચાય ના ઠરાવ અપાયો છે કે પછી કોઈપણ મંજૂરી વગર જ પ્લાન્ટ ચલાવાય છે. જેવા પ્રશ્નો ગ્રામસભા માં ગામના જાગૃત યુવાન આનંદભાઈ થોરાતે ઉઠાવતા સરપંચ ઉગ્ર બન્યા હોવાનું જાણવા મળે છે અને ગ્રામસભા માં મોટી બબાલ મચી જવા પામી હતી. જેનો સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થતા કપરાડા - નાનાપોંઢા તાલુકા માં ચર્ચા ના વિષય બન્યો હતો. ખનિજ વિભાગ ની રહેમ નજરે રેતી - માટી ખનન ઉપરાંત ક્વોરી પ્લાન્ટો નીતિનિયમો ને નેવે મૂકી ધમધમે છે. જે અંગે લોકો ની અનેક વાર ની ફરિયાદો બાદ પણ તંત્ર ની ભૂમિકા નિષ્ક્રિય રહી છે. જે અને કલેક્ટર દ્વારા તપાસ થાય તેવી લોકો માં માંગ ઉઠી રહી છે.



# તીર્થરાજ નાગબલ લોક ભવન - સિદ્ધ લક્ષ્મી પીઠ

## કાશ્મીરની પ્રાચીન આધ્યાત્મિક ધરોહર








**ચસ્મે બદૂર કશ્મીર**

**ડો. રાધિકા ટીક્કુ, વલસાડ**

**અ**નંતનાગ જિલ્લાના ડોરૂ તાલુકાના લારકીપોરા નજીક આવેલા શાંત અને મનોહર ગામ લોક ભવનમાં સ્થિત તીર્થરાજ નાગબલ લોક ભવન, જેને સિદ્ધ લક્ષ્મી પીઠ તરીકે પણ ઓળખવામાં આવે છે, કાશ્મીરના સૌથી પ્રાચીન અને પૂજનીય તીર્થસ્થાનોમાંનું એક છે. પવિત્ર ઝરણાંઓ, પ્રાચીન મંદિરો અને લોકકથાઓથી ઘેરાયેલું આ સ્થાન કાશ્મીરી હિંદુઓની સદીઓ જૂની આસ્થા, આધ્યાત્મિકતા, બલિદાન અને સાંસ્કૃતિક વારસાનું જીવંત પ્રતીક છે. પ્રાચીન સમયમાં આ તીર્થ લોક-પુણ્ય તરીકે ઓળખાતું હતું, જે આ સ્થળની પવિત્રતા અને દિવ્ય મહિમાનું પ્રતીક હતું. સમય જતાં પુણ્ય શબ્દનું રૂપાંતર ભવનમાં થયું અને આ ગામ તથા તીર્થસ્થાન લોક ભવન તરીકે ઓળખાવા લાગ્યું. આ વિસ્તાર લોકભવન તરીકે ઓળખાય છે. જેનું નામ સમ્રાટ લોકનાથના નામ પરથી પડ્યું માનવામાં આવે છે. એવું કહેવાય છે કે, તેઓ કાશ્મીરના એક ખુબસુરત અને લોકપ્રિય હિન્દુ રાજા હતાં. વળી, તેઓ ધાર્મિક પણ હતાં. માતા સિદ્ધ લક્ષ્મીએ પણ અમુક સમય માટે તેમના રાજ્ય વિસ્તારમાં પ્રેમથી નિવાસ કર્યો હતો .

માતા શ્રી સિદ્ધલક્ષ્મી પીઠ અનંતનાગ જિલ્લાના લાર કિપોરાના જંગલોમાં વેરીનાગ જવાના માર્ગમાં આવેલું છે.

આ તીર્થ એક નાની ટેકરીની તળેટીમાં આવેલું છે, જ્યાંથી એક સુંદર પવિત્ર ઝરણું નીકળે છે. ૧૯૯૦ પહેલાં ગામમાં આશરે ૭૫ કાશ્મીરી પંડિત પરિવારો વસવાટ કરતા હતાં અને આ તીર્થ તેમના ધાર્મિક તેમજ સાંસ્કૃતિક જીવનનું મુખ્ય કેન્દ્ર હતું.

**પવિત્ર ઝરણાં અને મંદિરો**

લોક ભવન તીર્થ તેના પવિત્ર ઝરણાંઓ અને મંદિરો માટે પ્રસિદ્ધ છે.

મુખ્ય આકર્ષણ લોક ભવન નાગ છે, જેને ટેકરી ઉપર આવેલ એક નાનાં પવિત્ર ઝરણામાંથી પાણી મળે છે. તેનું નિર્મળ અને સ્વચ્છ જળ અત્યંત પવિત્ર માનવામાં આવે છે. પરંપરાગત રીતે ભક્તો તીર્થમાંથી વહેતા પ્રવાહમાં સ્નાન કરીને આધ્યાત્મિક શુદ્ધિ પ્રાપ્ત કરે છે.

આ ઝરણામાં પવિત્ર માછલીઓ પણ જોવા મળે છે, જે સ્થળના આધ્યાત્મિક વાતાવરણમાં વધારો કરે છે. ધાર્મિક મહત્વ ઉપરાંત, આ ઝરણું આસપાસના ગામો માટે સિંચાઈનું મહત્વપૂર્ણ સાધન પણ રહ્યું છે.

ટેકરીના નીચલા ભાગે માતા સિદ્ધ લક્ષ્મીનું મંદિર આવેલું છે. તેની જમણી બાજુએ વામન ગંગા નામનું પવિત્ર ઝરણું છે, જ્યારે ડાબી બાજુએ સરસ્વતી કુંડ આવેલું છે. આ બંને ઝરણાંઓની વચ્ચે ભગવાન વિષ્ણુના પવિત્ર ચરણચિહ્નો (પદ) હોવાનું માનવામાં આવે છે.

**લોકભવનનું ઐતિહાસિક મહત્વ**

ઐતિહાસિક નોંધો અનુસાર, લોક ભવન એક સમયે સમૃદ્ધ નગર અને શિક્ષણ તથા સંસ્કૃતિનું મહત્વપૂર્ણ કેન્દ્ર હતું.

પ્રસિદ્ધ ઈતિહાસકાર કલ્હણએ પોતાના ગ્રંથ રાજતરંગિણીમાં આ વિસ્તારનો ઉલ્લેખ કર્યો છે. ઉપરાંત તુઝુક-એ-જહાંગીરી તથા જાણીતા ઈતિહાસકાર આનંદ કૌલ બમઝાઈના લખાણોમાં પણ લોક ભવનનો ઉલ્લેખ મળે છે.

પરંપરા અનુસાર, આ નગર એક સમયે આજના સદૂરાથી શંકરપોરા સુધી વિસ્તરેલું હતું અને અહીં મોટી વસ્તી વસતી હતી. આજે પણ મંદિરની આસપાસ પ્રાચીન ઈમારતોના અવશેષો, ઝરણાંઓના નિશાન અને પુરાતત્વીય અવશેષો જોવા મળે છે.

અહીંનું એક અત્યંત રહસ્યમય અવશેષ છે એક પ્રાચીન ગુફા મંદિર, જે લગભગ ૧૮૫ ફૂટ લાંબું

ઓ હોવાનું કહેવાય છે. પરંપરા અનુસાર તેમાં ભગવાન રામ, શેષનાગ અને શ્રી ગણેશજીની મૂર્તિઓ હતી. આજે આ ગુફા કાદવ અને માટીથી મોટા ભાગે બંધ થઈ ગઈ છે.

પરંતુ લોકમાન્યતા મુજબ રાજાઓ અને શાસકો પવિત્ર ઝરણામાં સ્નાન કર્યા પછી આ ગુફાની મુલાકાત લેતા હતા.

કેટલીક પરંપરાઓમાં લોક ભવનને માર્ટંડ (મટ્ટન)નું આધ્યાત્મિક સમકક્ષ પણ કહેવામાં આવે છે, જે કાશ્મીરની પવિત્ર ભૂગોળમાં તેના વિશેષ સ્થાનને દર્શાવે છે.





**લોકનાગ અને દયામલ (કાજ મોજ)ની દંતકથા**

લોક ભવનનું આધ્યાત્મિક હૃદય દયામલની સુંદર કથા સાથે જોડાયેલું છે, જેમને પ્રેમથી કાજ મોજ તરીકે યાદ કરવામાં આવે છે.

પ્રાચીન સમયમાં આ વિસ્તારમાં પાણીની ભારે અછત હતી. લોકોને પીવાનું પાણી મેળવવા માટે દૂર દૂર સુધી જવું પડતું હતું. મંદિરની આસપાસના ઝરણાનું પાણી આસપાસના ગામોની દૈનિક જરૂરિયાતો પૂરી કરે છે . લોકોની પીડા જોઈને માતા સિદ્ધ લક્ષ્મીએ ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરી. જ્યારે તરત સહાય ન મળી, ત્યારે તેમણે પોતે જ દયામલ નામની એક ગરીબ અને મૂંગી સ્ત્રીના સ્વરૂપમાં અવતાર લીધો.

ગરીબી અને મુશ્કેલીઓ છતાં દયામલે પોતાનું આખું જીવન લોકોની સેવા માટે સમર્પિત કરી દીધું. દરરોજ તે દંગાજ નામના તળાવમાંથી પાણી લાવી ગામલોકોમાં વહેંચતી.

એક કઠોર શિયાળાના દિવસે પાણી લઈને પાછી ફરતી વખતે તેને રસ્તામાં એક ભયંકર સિંહ મળ્યો. તે સિંહ વાસ્તવમાં ભગવાન વિષ્ણુ હતા, જે તેની ભક્તિ અને નિઃસ્વાર્થતાની પરીક્ષા લઈ રહ્યા હતા.

દયામલે સંકેતો દ્વારા વિનંતી કરી કે પહેલાં તે ગામલોકોને પાણી પહોંચાડી દે અને પછી પાછી આવશે. પોતાની ફરજ પૂર્ણ કર્યા પછી તે વચન મુજબ પાછી આવી.

ત્યાં તેને સિંહના બદલે દિવ્ય વાણી સંભળાઈ. ભગવાન વિષ્ણુએ તેની ભક્તિથી પ્રસન્ન થઈ તેને હરબાહના પવિત્ર દિવસે એક નિશ્ચિત સ્થળે ચોખાના દાણા વેરવાનો આદેશ આપ્યો. જ્યારે તેણે એવું કર્યું, ત્યારે પક્ષીઓ ત્યાં આવી જમીન ચાંચ મારવા લાગ્યા. અચાનક ત્યાંથી એક ઝરણું ફૂટી નીકળ્યું અને પાણીની અછત હંમેશ માટે દૂર થઈ ગઈ. આ પવિત્ર ઝરણું લોક નાગ તરીકે ઓળખાયું.

સ્થાનિક માન્યતા અનુસાર, પોતાનું દિવ્ય કાર્ય પૂર્ણ કર્યા પછી દયામલ એક પક્ષી બની વિષ્ણુધામ તરફ ઉડી ગઈ.

આ કથા આજે પણ કરુણા, ભક્તિ, બલિદાન અને નિઃસ્વાર્થ સેવાનું પ્રતીક માનવામાં આવે છે.

**હરબાહ - પવિત્ર ઉત્સવ**

લોક ભવન સાથે જોડાયેલો સૌથી મહત્વપૂર્ણ ધાર્મિક ઉત્સવ હરબાહ છે, જે દર વર્ષે અષાઢ શુક્લ પક્ષ દ્વાદશીના દિવસે ઉજવવામાં આવે છે.

સદીઓથી ખાસ કરીને મહિલાઓ આ દિવસે લોક ભવનના પવિત્ર ઝરણાંઓની યાત્રા કરે છે. માન્યતા છે કે નારણ નાગથી અમૃત કુંડ સુધીના પવિત્ર જળમાં સ્નાન કરવાથી આત્માની શુદ્ધિ થાય છે અને પાપોથી મુક્તિ મળે છે. કાશ્મીરી પંડિતોની માન્યતા મુજબ ,મહાકાલ ભૈરવ આ પીઠના રક્ષક દેવતા છે.તેઓ પીઠની નજીક આવેલી ટેકરીની ટોચ પર નિવાસ કરે છે અને દિન રાત ચોકી કરે છે. આ યાત્રાનું મહત્વ એક જૂની કાશ્મીરી કહેવતમાં પણ જોવા મળે છે લાર લડ બટનૈ હર બહ તે કરથ ના? અર્થાત્ - શું તમે હરબાહની પવિત્ર યાત્રા કરી છે?

આ દિવસે યજ્ઞ, પૂજા, ભક્તિ અને વિશાળ ધાર્મિક મેળાવડા યોજાય છે. શ્રી પુષ્કરનાથ કૌલનું યોગદાન લોક ભવનનો આધુનિક ઈતિહાસ શ્રી પુષ્કરનાથ કૌલ (પ્રેમથી પોષ મોત અથવા ડેડીજી) ના યોગદાન વગર અધૂરો છે. જ્યારે આ તીર્થ અવગણનાનો ભોગ બની રહ્યું હતું, ત્યારે તેમણે પોતાનું સમગ્ર જીવન તેના પુનર્જીવન અને સંરક્ષણ માટે સમર્પિત કરી દીધું.

૧૯૬૦ના અંતિમ વર્ષો અને ૧૯૭૦ના પ્રારંભમાં તેમણે શાંતિપૂર્ણ અભિયાનો ચલાવી તીર્થના સંરક્ષણ માટે જનજાગૃતિ ફેલાવી. તેઓ ગામે ગામ ફરી દાન એકત્ર કરતા અને લોકોને તીર્થના પુનઃનિર્માણ માટે પ્રેરિત કરતા. તેમના નેતૃત્વ હેઠળ હરબાહ ઉત્સવે ફરી પોતાની ભવ્યતા પ્રાપ્ત કરી અને હજારો ભક્તો ફરી અહીં આવવા લાગ્યા.

આજે પણ અનેક ભક્તો તેમને તીર્થરાજ લોક ભવનના પુનર્જીવન પાછળની મુખ્ય આધ્યાત્મિક શક્તિ તરીકે યાદ કરે છે. વિનાશ, સ્થળાંતર અને પુનઃનિર્માણ ફેબ્રુઆરી ૧૯૮૬ દરમિયાન થયેલી અશાંતિમાં મંદિર અને ધર્મશાળાઓને અસામાજિક તત્વોએ આગ ચાંપી દીધી, જેના કારણે તીર્થને ભારે નુકસાન થયું.

પછી રાજયપાલ શાસન દરમિયાન પુનઃનિર્માણ કરવામાં આવ્યું. ૧૯૯૦માં કાશ્મીરી પંડિતોના સ્થળાંતર બાદ તીર્થ ફરી અવગણનાનો ભોગ બન્યું અને ઘણી ઈમારતોને નુકસાન થયું. પરંતુ ભક્તિની જ્યોત ક્યારેય બુઝાઈ નહીં.

૨૦૦૭માં તીર્થના સંચાલન અને પુનર્જીવન માટે નવી પ્રબંધક સમિતિની રચના કરવામાં આવી. સમિતિએ જમ્મુના દુર્ગા નગરમાં માતા સિદ્ધ લક્ષ્મી મંદિર તથા સંબંધિત સુવિધાઓનું નિર્માણ કરીને લોક ભવનની પરંપરાઓને જીવંત રાખી.

આસ્થાની જીવંત ધરોહર તીર્થરાજ નાગબલ લોક ભવન માત્ર એક પ્રાચીન તીર્થસ્થાન નથી; તે કાશ્મીરની આધ્યાત્મિક પરંપરા, સામૂહિક સ્મૃતિ અને અડગ શ્રદ્ધાનું જીવંત પ્રતીક છે.

તેના પવિત્ર ઝરણાંઓ, પ્રાચીન દંતકથાઓ, ઐતિહાસિક અવશેષો અને સદીઓ જૂની પરંપરાઓ આજે પણ ભક્તોમાં નવી પ્રેરણા જગાવે છે.

લોક ભવનની ગાથા એ સમયની કસોટીઓ વચ્ચે પણ જીવંત રહેલી આસ્થાની ગાથા છે – એવી આસ્થા, જેને સંતો, ભક્તો અને પંડિત સમુદાયોએ પેઢી દર પેઢી આગળ વધારી છે અને આ પવિત્ર વારસાને ક્યારેય લુપ્ત થવા દીધો નથી.

# શું ફરફરિયું એ દૈનીક્પત્રની બાલ્યાવસ્થા છે..?




માંકડને ખાટલામાં બાવડાં ફુલાવતાં જોઉં ત્યારે, ટેન્શન એ વાતનું આવે કે, આ ચાવરૂ, ક્યારે હાથી બની રહેશે...? પણ અવસ્થાને ઉમ્મીદ સાથે ક્યાં ન્હાવા નિચોવાનો સંબંધ હોય....? એ તો કહેવાય ફરફરિયું, પણ ક્યારે દૈનિકપત્ર બની જાય એનો અંદાજ તો વૈજ્ઞાનિક પણ નહિ કાઢી શકે...! જુઓને....? ડૉ. અબ્દુલ કલામ સાહેબ, છાપાં નાંખતા નાખતા ભારતના રાષ્ટ્રપતિ બની જ ગયેલાં ને...? છાપા સાથે આવતાં ફરફરિયાં, એ તો છાપાનો સોળે શણગાર કહેવાય. જેમ વાંચકને છાપની તરસ, છે, એમ ફરફરિયાં એ ખાધા પછીનો મુખવાસ છે. પછી છાપને બદલે કોઈ મુખવાસ ખાયને ધરાઈ જાય, તો એ બે નંબરની વાત કહેવાય....!

છાપાની વાટ જોવી એટલી આકરી છે કે, વાટ જોવામાં ક્યારેક કૃષ્ણ પણ કંસ બની જાય. જાણે રાધાની વાટ કંસ જોતો હોય એવું લાગે. કકળાટના મંગલાચરણ સવાર-સવારમાં આ છાપામાંથી જ પ્રગટ થાય. જેને છાપાં સાથે આવતા ફરફરિયાંની એલર્જી હોય, એ તો એવો બગડે કે, જાણે લીમડાના રસમાં બનાવેલી ચા નો ઘૂંટડો નહિ ગળી ગયો હોય...?જેવું છાપું આવે, એટલે સમાચાર વાંચતા પહેલા, એકાદ-બે ફરફરિયાં તો આપણા ખોળામાં આપઘાત કરે જ. જાણે આપણા ઘૂંટણીએ પડીને શરણાગતિ નહિ સ્વીકારતા હોય કે 'મુઝે આપ બચા લો પાપાજી....! 'સવાર સવારમાં કોઈ ખોળાનો ખુંદનાર પ્રગટ થાય, ત્યારે આનંદ તો થાય, સાથે મગજ પણ છટકે....! ફરફરિયાં ને બદલે, ફેણીયા પડ્યા હોય, એમ મહોલ્લાની શાંતિ ડહોળી નાંખીએ. નાંખે. આપણને સમઝ નહિ પડે કે, આપણે સાલા છાપાનું લવાજમ ભરીએ છીએ કે, ફરફરિયાંનું....? મિત્રમંડળ સહીત આમંત્રણ આપ્યું હોય, એમ છાપાં સાથે ફરફરિયાં પણ આપણે દ્વારે આવી જાય....! અનવોન્ટેડ મહેમાન જેવાં....!

અસ્સલ એવો રીવાજ હતો કે, મીંઢળબંધી કન્યા સાથે વળતી જાને કુરેલી પણ આવતી. જેથી નવવધૂને અજાણ્યું નહિ લાગે. શું છાપાં પણ એકલવાયું ટાળવા આવા કુરેલા લાવતાં હશે....? યાર....એકાદ ફરફરિયું હોય, તો કુરેલી માનીને વધાવી પણ લઈએ. આ તો છાપાના પાનાં કરતાં, ફરફરિયાં વધારે ટપકે....! પેલી કન્યા કરતાં કુરેલાની ફોજ વધારે આવે....! ને આપણે પાછાં એવાં ભોલેશંકર કે, ફરફરિયાં તો ફરફરિયાં....! મફતમાં આવતાં હોય તો, ફેણીયા પણ ટોપલામાં તાણી બાંધીએ....!

ઘણીવાર તો કન્યા કરતાં કુરેલી ચટાકેદાર નીકળે. ફરફરિયાં ના સુંવાળા શરીરનો સ્પર્શ કરતાં કરતાં આપણે ઘાયલ થઇ જઈએ. એમ થાય કે, પહેલાં કોને વાંચું....? છાપાને કે ફરફરિયાંને....? ' મૈ પહલે કિસકો પ્યાર કરૂ....! ' જેવી આપણી વલે થાય. પછી થાય એવું કે, છાપું આપણને રોજનું લાગ્યું, એટલે ફરફરિયાંને પહેલું પ્રાધાન્ય આપીએ. છાપામાં તો ખૂનામરકી ને ગોળીબારના મસાલા જ ભર્યા હોય. ને સમાચાર પણ એક સરખા જ હોય, ને માત્ર તારીખ જ નવી હોય. ને મરેલાની મ્હોકાણ નવી હોય...! ત્યારે ફરફરિયાં તો ઘણીવાર આપણી સવાર સુધારીને મોમાં પાણી પણ લાવી દે. કારણ એમાં ખમણ-ઢોકળા ને મીઠાઈની ટેસ્ટી જાહેરાત હોય....! એવી ચટાકેદાર જાહેરાત હોય કે, કચ્છના રણમાં જાણે વીરડી ફૂટી હોય, એમ મોંઢાની પાણીની પાઈપ લાઈન ભરાય જાય....! આને કહેવાય છાપાના તંત્રીની ઉદારતા. એને ગ્રાહક ઉપર કેવી અપાર લાગણી કે, મારો ગ્રાહક ક્યારેય વાંચન ભૂખ્યો ના રહેવો જોઈએ....! છાપા સાથે વાંચવાની સપ્લીમેન્ટરી પણ મફતમાં મોકલે. એ જાણે કે, છાપાના પાનાં વધારવા, એના કરતાં આવા ફરફરિયાં જ સસ્તા પડે. એમાં બેઉનું સચવાય. છાપાની દુકાન પણ ધમધમતી રહે, ને ફરફરિયાં પણ ઝામે...! ગ્રાહકને સંતોષ થાય કે, હોટલની અનલીમીટેડ થાળીની માફક મને વાંચવાનું મળ્યું...! નિશાળમાં જેમ શિક્ષકનું સેટ-અપ સાચવવા ભૂતિયા વિદ્યાર્થીઓની ફોજ ઉભી કરવી પડે, એમ, તંત્રીનું તંત્ર પણ જળવાયેલું રહે. ધત્ત તેરીકી....!!

રવિવારના દિવસે તો, ફરફરિયાં ફેમીલી સાથે ફરવા નીકળે. ફરફરિયાંનું વાવાઝોડું ફૂકાયું હોય, એટલાં ફરફરિયાં છાપામાંથી નીકળે. રવિવારે ભલે બીજું બધું બંધ હોય, પણ લોકોનું ફરવાનું, ને ફરફરિયાંનું અટકવાનું અટકે નહી. 'ખુદા જબ દેતા હૈ તો છપ્પર ફાડ ફાડ કે દેતા હૈ.....! ' ની માફક, રવિવાર આવે એટલે, છાપામાં જાણે રવિવારીય હટવાડો જ ભરાયો હોય. આપણે પણ ' જે આવે તે ખપે ' ની માફક પ્રસાદ સમઝીને ફરફરિયાં સ્વીકારી જ લેવાના....! એક વાત છે, ફરફરિયાંને કોઈ દિવસ નાના મોટા છાપાના ભેદ ભરમ હોતા નથી. ભલે એ છડેચોક ગૃહપ્રવેશ નહિ કરતાં હોય. દમણીયા દારૂની માફક છુપાઈ ને છાપામાં આવતાં હોય, પણ આપણને આનંદ તો થાય. કોને ખબર આજનું ફરફરિયું એ આવતીકાલનું છાપું પણ હોય તો....?બીજું કે, આપણને સંતોષ થાય કે, લક્ષ્મીજી ભલે આપણું ઘર પૂછતાં નહિ આવે, પણ સવાર સવારમાં ફરફરિયાં તો આવે છે...? આજે આપણો ભાવ પૂછવાવાળું છે કોણ...? એટલે ફરફરિયાં તો આપણને સ્વજન જેવાં લાગે..! ને સ્વચ્છતા અભિયાનની ઝુંબેશને પાર પાડવા માટે આપણી પાસે આપણા સિવાય બીજું કચરામાં છે પણ શું....? બેંક્વાળા તો કચરા જેવી નોટ આપે, પેમેન્ટમાં કંઈ કચરો થોડો આપવાના...? પાડોશમાં આપણી કેટલી ઈજ્જત વધે કે, પાડોશી, સાવ લુખ્ખો નથી. એમની પાસે ફરફરિયાંનો કચરો પણ સ્ટોકમાં છે.!

આમ જુઓ તો, છાપાવાળાનો આપણે પાડ માનવો જોઈએ કે, છાપાનું એક જ લવાજમ ભરવામાં આપણને કેટલાં બધા ફરફરિયાં એ મફતમાં આપે. છે. જાણે પગાર કરતાં મોંઘવારી નહિ વધારે આપતાં હોય....? જો કે એક વાત છે કે, ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં, ગુજરાતમાં ક્યાંથી દારુ આવે છે એની ખબર નથી પડતી એમ, તંત્રીને પણ ખબર જ નથી કે, પ્રેસમાંથી છાપું નીકળ્યા પછી એમાં આ ફરફરિયાં જોડે છે કોણ....? પણ ફરફરિયાંની પણ હવે તો વાંચકને ચાનક ચઢી ગઈ. જાણે ઘરવાળી કરતાં સાળી ઉપર જ હેત વધી ગયું. જેમ ચટણી વગર જમવાનું નહિ ઝામે, એમ જે દિવસે છાપામાં ફરફરિયું નહિ આવે, તે દિવસે સમાચાર પણ સાવ લુખ્ખા લાગે. આખર તો માણસ છે ને ભાઈ....? મફતમાં જો કાળા મરી મળતાં હોય તો, મરીનો મુખવાસ પણ ચાર વાર કરે, એનું નામ માણસ....!

છાપાવાળા પણ રોજેરોજનું કેટલુક લાવે....? સમાચાર કંઈ બાજરો તોડો છે કે, ખેતરમાં નાંખીને એનું ઉત્પાદન કરાય...? જેમ મદ્રાસમાં કોઈપણ સાબુથી ન્હાવ, માણસના કલર બદલાતા નથી. એમ કોઈપણ છાપું વાંચો, સમાચારમાં કોઈ ફરક નહિ પડે....! ખૂનામરકીના જ સમાચાર એટલાં આવે કે, ન્હાવા પહેલાં છાપું વાંચવાનું પતાવી દેવું પડે. જેથી બીજીવાર નહાવું નહિ પડે. ત્યારે ફરફરિયાં તો ચટાકેદાર હોય. છાપામાં જે સ્વાદ નહિ હોય, એ ફરફરિયાંમાંથી નીકળે. માણસમાં આજકાલ જે ચટાકાવૃદ્ધિ આવી છે, એ આ ફરફરિયાંને આભારી છે...! એના કપાળમાં કાંદા ફોડું....!

# એન.એસ.એસ. ન જાણા અને સમજા...

**અભિવ્યક્તિ**



**ડો. જે.એમ. નાયક** (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

(વાપીની રોફેલ કોલેજમાં NSS ના સ્વયંસેવકો સમક્ષ આપેલ વક્તવ્યનો સાર. તા.૧૦/૮/૨૦૧૫)

તા. ૨જી ઓકટોબર, ૧૯૬૯ ના રોજ આપણા ભારત દેશની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં જેના શ્રીગણેશ થયા હતા. એ રાષ્ટ્રીય સેવા યોજનાના છેતાળીસ વર્ષો જોતજોતામાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયા છે. રાષ્ટ્ર કક્ષાની આ એક એવી યોજના છે કે જે ઓછામાં ઓછા ખર્ચે વધુ વળતર આપે એવી રાષ્ટ્રીય સેવા યોજનાથી આપણે સૌ પરિચિત છીએ. સ્વાગત પ્રવચનમાં જ પ્રા.ડૉ.દરૂ સાહેબે ઉલ્લેખ કર્યો કે વિદ્યાર્થીઓ આ યોજનાને બહુ કામ કરાવે એવી રીતે ફલ્લ ને સમજે છે. આ સદંતર ખોટો ખ્યાલ છે. જે વિદ્યાર્થીઓ NSSને ફોર્મ ભરતી વખતે આ યોજનામાં જોડાય એવા સ્વયંસેવકોએ એક શૈક્ષણિક વર્ષમાં રાષ્ટ્રીય સેવા પાછળ ફક્ત એકસો વીસ કલાક જ ફાળવવાના છે.

મારો NSS ના સ્વયંસેવકોને એ પ્રશ્ન છે કે પરમકૃપાળુ પરમાત્માએ આપણને સૌને એક વર્ષના ૮,૭૬૦ કલાક આપ્યા છે. શું એમાંથી આપણે એક વર્ષમાં ફકત ને ફકત ૧૨૦ કલાક રાષ્ટ્રીય સેવા માટે ફાળવી નહીં શકીએ? આપણે એટલા બધા તો બીઝી નથી જ ને? કુદરતે તવંગર હોય કે ગરીબ, મિલમાલીક હોય કે મજૂર દરેકને એક દિવસના ચોવીસ કલાક જ આપ્યા છે. એમાં કોઈ ભેદભાવ નથી. ૧૯૬૯ માં આ યોજનાનો પ્રારંભ થયો હતો તે પહેલાં એના બીજ રોપાયા હતા, ૧૯૫૮માં કે જયારે પંડિત જવાહરલાલ નહેરૂએ તમામ રાજયોના ચીફ મીનીસ્ટરને પત્ર લખીને જણાવ્યું હતું કે સામાજિક શિક્ષણ એ શિક્ષણનો ભાગ છે. એ જ રીતે ૧૯૬૪-૬૬માં ડૉ. ડી.એસ. કોઠારીના ચેરમેનપદે રચાયેલી સમિતિએ પણ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ શિક્ષણના દરેક પગથિયે સામાજિક સેવાઓ સાથે સંકળાયેલા છે. ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ સમાજ માટે ખૂબ જ મહત્ત્વનું યોગદાન આપી શકે એમ છે. કોઈ પણ દેશની પ્રગતિ માટે ઉચ્ચ શિક્ષિત વિદ્યાર્થીઓ પોતાનો ફાળો આપે તે રાષ્ટ્રના વિકાસ માટેની પૂર્વશરત છે. હું સ્પષ્ટપણે માનું છું કે કોલેજના વર્ગખંડની ચાર દિવાલ વચ્ચે વિદ્યાર્થીઓ પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકે નહીં. ડીગ્રી માટે ચાર દિવાલ વચ્ચેનું શિક્ષણ આવશ્યક છે. પરંતુ જીવન ઘડતર માટે ચાર દિવાલને ઓળંગીને બહાર નીકળવું પડશે. આ માટે કોલેજના અભ્યાસની સાથે સાથે ફલ્લ એ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. મારી દૃષ્ટિએ સમાજ સેવાનું ઉત્તમ માધ્યમ NSSની યોજના છે એમાં બેમત નથી.

ઘણી વાર યુવાન-યુવતીઓ પ્રશ્ન કરે છે કે સમાજ કે રાષ્ટ્ર મારા માટે શું કર્યું? શા માટે યુવાપેઢી પોતાની જાતને એવો પ્રશ્ન કેમ નથી પૂછતી કે મેં મારા સમાજ કે રાષ્ટ્ર માટે શું કર્યું? આપણે સૌએ ભારે શું? અને મારું શું? એ માનસિક્તામાંથી બહાર આવવું પડશે, જે સમાજમાં આપણે રહીને આપણે આપણો વિકાસ કરીએ છીએ ત્યારે સમાજ પરની આપણી સ્વાભાવિક પણે જવાબદારી બને છે. Social Responsibility પ્રત્યે આપણે બેદરકાર બની શકીએ નહીં. આપ સૌ જે વયજૂથમાં અત્યારે કોલેજનું ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છો તે વયજૂથના ૮૦-૮૫ ટકા થી વધુ યુવાન-યુવતીઓને ઉચ્ચ શિક્ષણ નસીબમાં નથી. કોઈક કારણસર તેઓ કાળીમજૂરી કરી રહ્યા હોય એવું શક્ય છે અને તેથી જ આપણી જવાબદારી વધે છે.

આજની યુવાપેઢીને ટી.વી., મોબાઈલ, ફેસબુક, મીડીયાના વળગણમાંથી વાળીને એમને રચનાત્મક કાર્યમાં જોડવાનું કામ મુશ્કેલ બનતું જાય છે ત્યારે NSS માં મને આશાનું કિરણ દેખાય છે. શિસ્તબદ્ધ વિદ્યાર્થીઓનો સમૂહ આપણે રાષ્ટ્રીય સેવા યોજનાના માધ્યમથી ચોકક્ક્સપણે તૈયાર કરી શકીએ. એવી ફરિયાદ થાય છે કે આજનો યુવાન તોફાન, મસ્તી અને વ્યસનોના રવાડે ચડી ગયો છે ત્યારે એમની શક્તિનો રચનાત્મક ઉપયોગ કરીને એઓ હકારાત્મક અભિગમ કેળવે તે માટે NSS જેવી યોજના આવશ્યક જ નહીં, અનિવાર્ય બને છે. યુવાનો શ્રમયજ્ઞનું મહત્ત્વ સમજે એ ખૂબ જ જરૂરી છે.

મારા વિદેશ પ્રવાસ દરમ્યાન મેં જોયું છે કે શ્રમકાર્ય તરફની સૂગ આપણે ત્યાં પશ્ચિમના દેશો કરતાં વધુ જોવા મળે છે. ત્યારે આપણે પણ શ્રમયજ્ઞનું ગૌરવ સ્થાપિત કરવું પડશે જે NSS દ્વારા શકય બની શકે છે. સમાજલક્ષી અનેકવિધ પ્રવૃત્તિઓમાં જોડવાનું ભગીરથ કાર્યNSS નાપ્રોગ્રામ ઓફિસરો કરી શકે એમ છે.

રાષ્ટ્રીય સેવા યોજનાનો મુખ્ય ઉદ્દેશ સામાજિક સેવા દ્વારા શિક્ષણ નો છે. સમાજ અને વિદ્યાર્થીઓને એકમેકને નજીદીક લાવવામાં આ યોજના કડીરૂપ બની શકે એમ છે. સમાજમાં લોકો વચ્ચે જઈને કામ કરવાની તક ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને NSS ના માધ્યમથી મળી શકે એમ છે. બ્લડ ડોનેશન, એઈડ્ઝ જાગૃતિ અભિયાન, પલ્સ પોલિયો રસીકરણ જેવી અનેક આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ NSS ના માધ્યમથી વિદ્યાર્થીઓ સમાજની વચ્ચે જઈને કરી શકે એમ છે. પર્યાવરણની જાળવણી માટે વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરી શકાય છે. કુદરતી કે માનવસર્જિત આફતોમાં પણ કોલેજનો ફલ્લ નિ સ્વયંસેવક ખડે પગે સેવા આપી શકે છે.

આ અને આવા અનેકવિધ રચનાત્મક કાર્યો તરફ વિદ્યાર્થીઓને આપણે રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા વાળી શકીએ છીએ. રાષ્ટ્રીય સેવા યોજનાનો MOTTO “NOTME BUTYOU” છે. આપણે સ્વ માટે તો જીવીએ છીએ પરંતુ સાથે સાથે પર માટે જીવવાની વાત NSS કરે છે. કોલેજમાં ચાલતા NSS ના દરેક એકસો વિદ્યાર્થીના યુનિટ દીઠ પાંચ વિદ્યાર્થીઓને દર વર્ષે સ્વયંસેવકની વિશિષ્ટ કામગીરીને ધ્યાનમાં લઈને મેરીટ સર્ટિફિકેટ આપવામાં આવે છે અને આજ મેરીટ સર્ટિફિકેટ ભવિષ્યમાં વિદ્યાર્થીને પોષ્ટ ગ્રેજયુએટના વધુ અભ્યાસ માટે કે નોકરી માટે પણ ઉપયોગી નીવડે છે.

નેશનલ લેવલે દર વર્ષે બેસ્ટ વોલયર્સને ઈન્દિરા ગાંધી નેશનલ એવોર્ડથી નવાજવામાં આવે છે. એટલું જ નહીં શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસરનું પણ આજ એવોર્ડથી અભિવાદન કરવામાં આવે છે જ અને હવે તો ગયા વર્ષથી સ્ટેટ લેવલે પણ શ્રેષ્ઠ સ્વયંસેવક અને શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસરનું બહુમાન કરવામાં આવે છે.

અંતમાં મારી વાણીને વિરામ હુંઋગવેદની ઋચાથી આપીશ.

આપણે બધા સહકારથી પ્રયાસ કરીએ આપણા હૃદયના ભાવો સમાન રહે આપણા મનમાં સંપ રહે કે જેથી આપણે બધા કલ્યાણ પ્રાપ્ત કરીએ.

## પરફેક્ટ પિક્ચર



વીણેલા ફૂલ

- આશા વીરેન્દ્ર - વલસાડ

'તિવારી, કેટલી વાર કહ્યું છે કે, મારા ટેબલ પર યુ પીન, ટાંચણી, સ્ટેપ્લર બધું પણી બાજુ જ હોવું જોઈએ. જે ચીજની જે જગ્યા હોય ત્યાં જ બરાબર મૂકવાની, વજ્યા ?

'ઘોષબાબુ, અહીં તમે ટાઈપ કરવામાં જરા ભૂલ કરી છે. આ એક આખું વાક્ય છે. ચે અલ્પવિરામને બદલે પૂર્ણવિરામ કેમ મૂકયું ?

શેખરને દરેકે દરેક કામ વ્યવસ્થિત અને સંપૂર્ણ જોઈએ. એનું પોતાનું કામ તો ક્ષતિ અનાનું રહેતું જ પણ બીજાના કામની નાની સરખી ત્રુટિ પણ એનાથી સહન ન થતી. આવું ાત્ર ઑફિસના કામમાં જ હતું એવું નહોતું. ઘરગથ્થુ બાબતોમાં પણ એની સંધ્યા સાથે ચકચ ચાલતી રહેતી.

તેં ભીના હાથે ફ્રીજને હાથ કેમ લગાડયો ? ડાઘા પડી જશે.'

આજે દાળમાં મીઠું હે...જ વધારે છે અને વઘાર પણ થો...ડો વધારે કડક થઈ ગયો છે. એકદમ પરફેક્ટ ટેસ્ટ નથી.

'મારો ટુવાલ સૂકવે ત્યારે હંમેશા ત્રણ ક્લીપ મારવી. બે આજુબાજુ અને એક વચ્ચે. કેટલી વાર તને કહ્યું છે, મને બધું પરફેક્ટ જોઈએ.

શેખરના પૂર્ણતાના આવા વળગણને કારણે ઑફિસમાં એનું નામ મિ. પરફેક્ટનિસ્ટ પડી ગયું હતું. જો કે, ઑફિસના એના સહકર્મીઓ કે સંધ્યા, સૌ શેખરના માયાળુ અને લાગણીશીલ સ્વભાવને કારણે એનો આદર પણ કરતાં. નાનાં મોટાં બધાં કામોમાં એની દખલગીરીથી સંધ્યા ત્રાસી જતી. મારા એક પણ કામને તમે વખોડો નહીં એવું તો બને જ નહીં. હું કરી કરીને મરી જાઉં તો યે તમને કદી સંતોષ થવાનો નથી. એ બળાપો કાઢતાં કહેતી.

બધું પરફેક્ટ હોવું જોઈએ એવું માનતા શેખરની જિંદગીમાં એક મુખ્ય વાત પરફેક્ટ નહોતી. લગ્નજીવનને સાત સાત વર્ષ થયાં છતાં ઘરમાં પા પા પગલી પાડનારની પધરામણી નહોતી થઈ એ વાતનું દુઃખ શેખર અને સંધ્યા બંનેનાં મનમાં રહ્યા કરતું હતું. કેટલીય બાધા-આખડીઓ, દોરા-ધાગા, વૈદ્ય-હકીમ કરીને થાક્યા પછી કોઈકે ડૉ. ચૌધરીનું નામ સૂચવ્યું. આટલાં વર્ષોના પ્રયત્નોને કારણે હોય કે પછી ડૉ.ની કુશળતાને લીધે - જે હોય તે, પણ એમની સારવાર ચાલુ કર્યાના છ જ મહિનામાં એક દિવસ સંધ્યાને તપાસીને એમણે કહ્યું, 'કોન્ગ્રેચ્યુલેશન્સ, જે દિવસની તમે આતુરતાથી રાહ જોઈ રહ્યાં હતાં એ આવી ગયો છે. યુ આર પ્રેગનન્ટ.

શેખર તો સમાચાર જાણીને એટલો હરખઘેલો થઈ ગયો કે એણે જાહેરાત કરી દીધી, આજથી ઘરનાં અને બહારનાં બધાં કામ હું કરીશ. તારે ડૉકટરની સલાહ મુજબ સમયસર દવા લેવાની, પૌષ્ટિક ખોરાક ખાવાનો ને આરામ કરવાનો. પતિ-પત્ની પોતાની આંખના રતનની એટલી આતુરતાથી રાહ જોતાં હતાં કે, નવ મહિનાનો સમય એમને બહુ લાંબો લાગતો હતો. 'મને લાગે છે કે, આજે તો હૉસ્પિટલ જવું જ પડશે. જે દિવસે સંધ્યાએ કહ્યું તે દિવસથી શેખર એની પડખે જ રહ્યો. સીઝેરિયન કરીને ડૉક્ટર બહાર આવ્યા અને એમણે પુત્રજન્મના અભિનંદન આપ્યા ત્યારે શેખરને લાગ્યું કે એમના અવાજમાં ઉત્સાહ નથી. આશંકાભર્યા અવાજે એણે પૂછ્યું, ડૉક્ટર, બધું બરાબર છે ને ?

હં....હા, આમ તો બરાબર પણ આય એમ સૉરી ટુ સે કે, બાળકનો એક પગ લાંબો અને બીજો ટૂંકો છે.

શું ? શેખરને જાણે તમ્મર આવી ગયાં. એને લાગ્યું કે બધું ગોળગોળ ફરી રહ્યું છે. મારો દીકરો ને ખોડ-ખાંપણવાળો ? આ વાત એને માટે વજ્રાઘાત સમાન હતી.

પણ સંધ્યા શરૂઆતમાં લાગેલા આઘાતને ખૂબ સહજતાથી પચાવી શકી હતી. દીકરાના જન્મના બીજે દિવસે ઉદાસ ચહેરે બેઠેલા પતિનો હાથ સ્નેહથી પોતાના હાથમાં લેતી એ બોલી હતી, 'હજી ગઈકાલ સુધી આપણે નિઃસંતાન હતાં શેખર ! આ માસુમ જીવે પૃથ્વી પર અવતરીને આપણને માતા-પિતાનો દરજ્જો આપ્યો એ વાત શું ખુશ થવા માટે પૂરતી નથી ? આમ કહેતાં એણે નવજાત શિશુને મમતાથી છાતીએ વળગાડ્યું હતું.

સંધ્યાએ ભલે હકીકતને સ્વીકારી લીધી હોય પણ શેખરને ક્યાંય ચેન નહોતું. એને જાણે ચારે તરફથી અટ્ટહાસ્ય સંભળાઈ રહ્યું હતું, હા... હા.... હા, કેમ છો મિ. પરફેક્શનિસ્ટ ? શું તમારી પ્રતિકૃતિ બાળક પરફેક્ટ છે? નહીં ? તો હવે શું કરશો ? રસ્તા પર ભીખ મંગાવશો, દીકરા પાસે ? એને લાગ્યું કે એ પાગલ થઈ જશે. રાત્રે એણે નિર્ણય કરી લીધો કે, મારે આવું અપંગ છોકરું જોઈએ જ નહીં. સંધ્યા સૂઈ જાય પછી એના મોઢા પર તકિયો દબાવીને ગૂંગળાવી નાખું. બસ, બે જ મિનિટમાં કામ તમામ ! સૌ માનશે કે, બાળકની શ્વાસનળીમાં કંઈક તકલીફ હશે તે મરી ગયું. જિંદગીભર એક લંગડાના બાપ કહેવડાવવાની નાલેશીમાંથી છુટકારો મળી જશે.

બીજી રાત્રે એણે પોતાના વિચારને અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો. ઘડિયાળનો કાંટો જાણે એકાએક વજનદાર થઈ ગયો હોય એમ આગળ જ નહોતો ખસતો. હજી તો સંધ્યાને સૂવાને વાર હતી. એને થયું, લાવ, એટલી વાર ટી.વી. ચાલુ કરું. ટી.વી. ચેનલના પ્રવક્તા બોલી રહ્યા હતા, દર્શક મિત્રો, હવે થોડીક જ ક્ષણોમાં આપની મુલાકાત કરાવીશું વિશ્વ પ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી ડૉ. સ્ટીફન હોકીંગ્સ સાથે. આ મહાન વિજ્ઞાનીએ જગતને બ્લેક હોલની થિયરી આપી છે. આપને જાણીને નવાઈ લાગશે કે, આવી અદ્ભુત શોધ કરનાર આ વૈજ્ઞાનિક નાનપણમાં થયેલ પોલિયોને કારણે હાલી-ચાલી શકતા નથી. એમણે પોતાનું જીવન વ્હીલચેરને સહારે જ વિતાવ્યું છે. અરે, બોલવા માટે એમણે ખાસ પ્રકારના સાધનનો ઉપયોગ કરવો પડે છે અને છતાં દુનિયાના મહાન ખગોળશાસ્ત્રી તરીકે એમનું નામ જાણીતું છે. એમણે મેળવેલી સિદ્ધિ જોઈને કહેવું પડે કે, એવરીથીંગ ઈઝ પોસીબલ. તો આવો, મળીએ સ્ટીફન હોકીંગ્સને. એકાએક શેખરને થયું, એ શા માટે પોતાનો દીકરો ભિખારી બનશે એવું નકારાત્મક જ વિચારે છે ? તદ્દન હળવો થઈને એ સંધ્યાના રૂમમાં ગયો ત્યારે મા-દીકરો મીઠી નિંદર માણી રહ્યા હતા. ચંદ્રનો -કાશ એ બંનેના મુખને અનોખું તેજ બક્ષી રહ્યો હતો.શેખરે મનમાં કહ્યું, બસ, આ જ છે મારી જિંદગીનું 'પરફેક્ટ પીક્ચર(અરુણ યાદવની હિંદી વાર્તાને આધારે)

## નિષ્ક્રિયતા' એ આળસ નથી, પણ આત્માનો આરામ છે!



નોખી-અનોખી

- કિંજલ પંડ્યા, પારડી

આજે આખો દિવસ શું કર્યું? રવિવારની સાંજે કોઈ આવો સવાલ પૂછે ત્યારે આપણો સાહજિક જવાબ હોય છે. અરે યાર, કંઈ નહીં! આખો દિવસ બસ એમ જ વેડફાઈ ગયો. આ 'કંઈ નહીં' શબ્દ બોલતી વખતે આપણા ચહેરા પર એક અજાણ્યો ગુનાહિત ભાવ હોય છે. જાણે આપણે કોઈ બહુ મોટો ગુનો કરી નાખ્યો હોય!

આજના હાઈપરમોડર્ન જમાનામાં આપણે એક વિચિત્ર રોગનો ભોગ બન્યા છીએ, જેને મનોવૈજ્ઞાનિકો પ્રોડક્ટિવિટી એન્ઝાયટી કહે છે. ચોવીસ કલાક ભાગતા રહેવું, સતત ઈમેઈલ ચેક કરવા, સોશિયલ મીડિયા પર સ્ક્રોલિંગ કરવું કે આગામી અઠવાડિયાનું પ્લાનિંગ કરવું, આપણું મગજ સતત કંઈક કરવા માટે પ્રોગ્રામ થઈ ગયું છે. પણ શું ક્યારેય વિચાર્યું છે કે 'કંઈ ન કરવું' (Doing Nothing) એ પણ એક શક્તિશાળી પ્રક્રિયા છે?

વિશ્વના સૌથી સુખી દેશોમાં જેમની ગણતરી થાય છે તેવા નેધરલેન્ડના લોકો પાસે આનો એક મસ્ત ઈલાજ છે. તેઓ તેને 'નિક્સેન' કહે છે, જેનો શાબ્દિક અર્થ થાય છે, 'કંઈ જ ન કરવું'. કોઈ હેતુ વગર બારીની બહાર જોયા કરવું, સંગીત સાંભળતા સાંભળતા છત તરફ તાકી રહેવું, અથવા બસ શાંતિથી બેસી રહેવું. આ આળસ નથી. આળસમાં કંઈક ન કરવાનો પસ્તાવો હોય છે, જ્યારે નિક્સેન માં શાંતિનો આનંદ હોય છે. આપણું મગજ એક કમ્પ્યુટર જેવું છે. જો બહુ બધી ટેબ્સ એકસાથે ખુલ્લી હોય તો કમ્પ્યુટર હેંગ થઈ જાય છે. 'કંઈ ન કરવાની' ક્ષણો મગજને રીબૂટ થવામાં મદદ કરે છે.



શ્રેષ્ઠ વિચારો ક્યારેય ટ્રાફિકમાં કે ઓફિસના દબાણમાં નથી આવતા. એ ત્યારે જ સ્ફુરે છે જ્યારે મગજ શાંત અને ખાલી હોય. પ્રખ્યાત વૈજ્ઞાનિક ન્યૂટનને ગુરુત્વાકર્ષણનો વિચાર સફરજનના ઝાડ નીચે એમ જ બેઠા હતા ત્યારે આવ્યો હતો, કોઈ લેબમાં દોડાદોડ કરતી વખતે નહીં.

સતત દોડતા રહેવાથી સ્ટ્રેસ હોર્મોન (Cortisol) વધે છે. થોડીવાર શાંત બેસવાથી શરીર અને મન રિલેક્સ થાય છે.

જો હોડીને કિનારે બાંધી ન રાખવામાં આવે, તો તે દરિયાના મોજાંમાં ક્યાંક ખોવાઈ જાય છે. માણસના મનનું પણ એવું જ છે.

આજના ડિજિટલ યુગમાં કંઈ ન કરવું એ સૌથી અઘરું કામ છે. કારણ કે જેવું આપણું મન ખાલી થાય, આપણો હાથ ખિસ્સામાંથી સ્માર્ટફોન તરફ સરકી જાય છે. તેથી દિવસમાં અડધો કલાક એવો રાખો જેમાં ફોન, ટીવી કે લેપટોપ બધું જ બંધ હોય. કોઈ પાર્કમાં અથવા અગાસી પર જઈને બસ પક્ષીઓનો અવાજ સાંભળો કે વાદળોની ગતિ જોવી. જ્યારે આપણે શાંત બેઠા હોઈએ ત્યારે હું મારો સમય બગાડી રહ્યો છું તેવો વિચાર મનમાંથી કાઢી નાખીએ. આપણે સમય બગાડી નથી રહ્યા, પણ આપણી જાતને રિચાર્જ કરી રહ્યા છીએ. જીવન એ કોઈ રેસ નથી કે જેમાં સતત દોડતા જ રહેવું પડે. ક્યારેક રસ્તા કિનારે ઊભા રહીને આસપાસના દ્રશ્યોને માણવા પણ જરૂરી છે. એટલે જ, આવતા રવિવારે જ્યારે કોઈ પૂછે કે શું પ્લાન છે?, ત્યારે ગર્વથી કહેવું કંઈ જ નહીં, આજે બસ કંઈ ન કરવાનો પ્લાન છે!

## ગરમીને પણ માણસની અસર થવા લાગી છે



સતરંગી શમણાં

-નીતા પી. જાદવ, રાજકોટ

ભારત એક એવો દેશ છે, જેને કુદરતે છૂટે હાથે પ્રકૃતિની સોળે કળાનું વરદાન આપ્યું છે. અન્ય દેશોમાં જોવા જઈએ તો પોણુંવરસ ઠંડીનો પ્રકોપ હોય, ક્યાંક અગિયાર મહિનાસૂકીતપતીરેતીનું રણ, ક્યાંક બારેમાસ મુશળધાર વરસતોવરસાદ ને ક્યાંક દરિયાના વેરાન કિનારા તો ક્યાંક બારેમાસ માઈનસ ડિગ્રીરહેતા બરફથી છવાયેલા ઉત્તર ને દક્ષિણ ધ્રુવ.... છતાં માણસ સળગતી રેતીમાં , ઠંડા બરફમાં ને વરસતાવરસાદમાં પણ જીવન જીવી રહ્યો છે.

પ્રગતિના નામ પર ભરેલી હરણફાળ ક્યારે કાળનો કોળિયો બની ગઈ કે એને ખબર જ નથી.એક સમયે સામાન્યરહેતી ઋતુઓ આજે અસામાન્ય બની ગઈ છે. અતિશય ઠંડી ને ગરમીની ઝાળ માણસને જીવતા સળગાવી રહી છે. કમોસમી વરસાદના માવઠાને લીધે ખેતીને બધાઉદ્યોગો પરવિપરીત અસર થાય છે અને ચીજ વસ્તુઓના ભાવ આસમાને પહોંચી જાય છે. વાત ખાલી બદલતીઋતુઓની નથી. માણસની જીવનશૈલીની પણ છે. એક સમયે પોતાનાપરિવાર તો ઠીક અજાણ્યા માણસનાદુઃખને જોઈ લોકોના દિલદ્રવી ઉઠતા અને આજે સ્મશાનમાં પોતાના જ સ્વજનને સળગાવીને પરત ફરતા દુઃખનેબદલે એની અંતિમ ક્રિયાઓ, એનું આયોજન અને ખર્ચનો હિસાબ લગાવવામાં વ્યક્તિની ગેરહાજરી શૂન્ય થઈ જાય છે. બધુંઔપચારિકતામાત્રબની જાય છે.

આજે સમય એટલો ખરાબ આવ્યો છે કે, માણસમાણસનોસાથી બનવાને બદલે પ્રતિસ્પર્ધી બનીને વણજોઈતા મુદ્દાઊભા કરી ખુદને ચડિયાતો બતાવવા દિનરાત મગજ ખપાવે છે. શાંતિથી પરિવારસાથે બેસી રોટલો ખાવાને બદલેબીજાની જિંદગીમાં શુંચાલી રહ્યું છે,એ ક્યાં છે? શું કરે છે? કેટલી પ્રગતિ કરી ? ક્યાં અને કોની સાથે શું કરે એ જાણવાની લ્હાયમાં પારકીપંચાતને પોતાનો હક્ક અથવા તો આગવી કળા અને ખાસિયત તરીકે ખુદ વખાણ કરતાં જરાય લાજ પણ નથી લાગતી. બીજા કરતાં પોતાની પાસે કેટલી સંપત્તિ છે, કેટલી સુખસુવિધા છે એ દેખાડવાના ચક્કરમાં એ માણસાઈના સ્તર પરથી નીચે હિન સ્થાન પર જઈ ચડે તો પણ હોશિયારી અને ડિંગોછૂટતા નથી.

મોં પરસત્ય,દયા અને ધર્મની વાતો કરવાવાળા જ મોટે ભાગે આખા ગામની કુંડળી કાઢી ભગવાનનું કામ પોતે કરવા લાગે છે. ભગવાન પણ આવા નમૂના બનાવીને પસ્તાવો કરતા હશે કે, ખુદની જિંદગી મૂકીને બીજાની જિંદગીમાં માથું મારવાનો હક્ક કોઈને નથી છતાં દરેકમહોલ્લા, સમાજ અને સંપ્રદાયમાં આવા દોઢ ડાયા પંચાત કરીને ખુદ પર અભિમાન કરતાં હોય છે. આવા લોકોથી ભગવાન પણ બચીને રહેતાં હોય એમ લાગે. આવા રંગબદલાતા લોકોને જોઈને મોસમ પણગમે ત્યારે પલટો મારે છે. આટલી ડિગ્રી તાપમાનમાં માણસનાપાપે અબોલ જીવો સૌથી વધુ પીડાઈ રહ્યાં છે. ઝાડ કાપી નાખ્યા એમાં પંખીને માળાઓ ક્યાં બાંધવા ? મૂંગા ઢોરછાંયો ક્યાં ગોતે? પાણીની અછત, ઉતરીગયેલું ભૂગર્ભજળનું સ્તર અને ચારે તરફ પ્રદૂષણ અને મિલાવટી સમાન અને ખાદ્ય ચીજો, ગંદુપાણી અને ભાંગી પડેલી પર્યાવરણસુરક્ષામાણસનીલાલચ અને કપટનું પરિણામ છે.

મોસમને પણ માણસની અસર થતાં રંગબદલીને એના પ્રકોપનો પરચો આપી માણસનેસુધરવા સાવધાન કરે છે. વધતી જતી આપદાઓ માનવજાત માટે લાલબત્તી સમાન છે.

## 'આવતો પગરવ હજી અટક્યાં વગર'



*આવતો પગરવ હજી અટક્યાં વગર,*
*દ્વાર ખુલ્લે ટેરવાં અડક્યાં વગર.*
*આંખમાં ઘેરાય એવી હાથમાં,*
*ભ્રમણા કોઈ ના રહે વરસ્યાં વગર.*
*છાંયડો તો અર્થનો આપ્યો છતાં,*
*જંપ ક્યાં છે શબ્દને ભટક્યાં વગર.*
*તે બતાવ્યો છે મજાનો રાહ, પણ,*
*કેમ ઊભો છું અહીં થડક્યાં વગર.*
*એક વસ્ત્રે આ નગરમાં વાસ છે,*
*સાંભળી એ વારતા સમજ્યાં વગર.*

**ઉમેશ જોષી**



સંવેદન

- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

ઉમેશ જોષીની આ ગઝલ જીવનના આંતરિક અનુભવો, માનવ મનની ભ્રમણાઓ, શબ્દના અર્થ અને અસ્તિત્વની શોધને અત્યંત સંવેદનશીલ રીતે વ્યક્ત કરે છે. ગઝલમાં કવિએ પ્રતીકો અને કલ્પનાઓ દ્વારા મનુષ્યના જીવન-વાસને દર્શાવ્યો છે. દરેક શેર જીવનના કોઈ ને કોઈ તત્ત્વજ્ઞાનિક પાસાને સ્પર્શે છે. ગઝલની ભાષા સરળ છે, પરંતુ તેના અર્થની ઊંડાઈ વાચકને સતત વિચારતા રાખે છે.

ગઝલનો મત્લા છે -

આવતો પગરવ હજી અટક્યાં વગર,
દ્વાર ખુલ્લે ટેરવાં અડક્યાં વગર.

અહીં પગરવ આશા, સંભાવના કે, જીવનમાં આવનારા કોઈ નવા અનુભવોનું પ્રતીક છે. કવિ કહે છે કે આવનારા પગલાં હજુ અટક્યા નથી, એટલે જીવનની ગતિ યથાવત્ છે. દ્વાર ખુલ્લાં છે, પરંતુ કોઈ અવરોધ કે અડચણ વગર તે પગરવ અંદર -વેશી શકે છે. આ શેર જીવનમાં ખુલ્લા મન અને સ્વીકારની ભાવનાને વ્યક્ત કરે છે. જે વ્યક્તિ પોતાના મનના દ્વાર ખુલ્લા રાખે છે, તે નવી સંભાવનાઓને સરળતાથી આવકાર આપી શકે છે.

આંખમાં ઘેરાય એવી હાથમાં,
ભ્રમણા કોઈ ના રહે વરસ્યાં વગર.

આ શેરમાં કવિ ભ્રમણાઓ અને સત્ય વચ્ચેનો સંબંધ દર્શાવે છે. મનુષ્ય ઘણીવાર કલ્પનાઓ અને ભ્રમણાઓમાં જીવતો હોય છે. પરંતુ જ્યારે અનુભવનો વરસાદ વરસે છે, ત્યારે ભ્રમણાઓ ધોઈ જાય છે અને વાસ્તવિકતા સ્પષ્ટ થાય છે. આંખમાં ઘેરાય એવી હાથમાં પંક્તિ સૂચવે છે કે, જીવનના અનુભવો એટલા નજીક અને સ્પર્શનીય બની જાય છે કે તેઓ માત્ર કલ્પના નહીં રહે. અનુભવ વિના સત્યનો સાક્ષાત્કાર શક્ય નથી - આ વિચાર ખૂબ સુંદર રીતે વ્યક્ત થયો છે.

છાંયડો તો અર્થનો આપ્યો છતાં,
જંપ ક્યાં છે શબ્દને ભટક્યાં વગર.

આ શેર ગઝલનું કેન્દ્રીય તત્ત્વજ્ઞાનિક નિવેદન કહી શકાય. શબ્દને અર્થનો છાંયો તો મળે છે, પરંતુ તે અર્થ સુધી પહોંચવા માટે તેને ભટકવું પડે છે. કવિ અહીં સર્જન પ્રક્રિયાની વાત કરે છે. કવિ, લેખક કે વિચારક માટે સાચો અર્થ સહજ રીતે પ્રાપ્ત થતો નથી. વિચાર, અનુભવો અને આંતરિક મથામણમાંથી પસાર થયા પછી જ શબ્દ પોતાના સાચા અર્થ સુધી પહોંચે છે. જીવનમાં પણ મનુષ્યને શાંતિ અને સમજણ સહેલાઈથી મળતી નથી; તે માટે સંઘર્ષ અને શોધ જરૂરી છે.

આગળ કવિ લખે છે -

તે બતાવ્યો છે મજાનો રાહ, પણ,
કેમ ઊભો છું અહીં થડક્યાં વગર.

અહીં કવિ જીવનમાં મળેલા માર્ગદર્શન અને પોતાની આંતરિક સ્થિતિ વચ્ચેનો વિરોધાભાસ રજૂ કરે છે. કોઈએ સુંદર માર્ગ બતાવ્યો છે, જીવનની દિશા પણ સ્પષ્ટ કરી છે, છતાં કવિ આગળ વધી શકતો નથી. થડક્યાં વગર શબ્દ ખૂબ અર્થસભર છે. જીવનમાં ક્યારેક ભય, સંકોચ કે અનિશ્ચિતતા માણસને અટકાવી દે છે. માર્ગ સ્પષ્ટ હોવા છતાં પગ આગળ વધતા નથી. આ શેર માનવમનની અસમંજસ અને અસ્થિરતાનું અસરકારક ચિત્રણ કરે છે. ગઝલનો અંતિમ શેર છે -

એક વસ્ત્રે આ નગરમાં વાસ છે,
સાંભળી એ વારતા સમજ્યાં વગર.

આ શેર અત્યંત ગહન અને પ્રતીકાત્મક છે. એક વસ્ત્ર અહીં એકરૂપતા, બાહ્ય દેખાવ અથવા સમાજની બનાવટી ઓળખનું પ્રતીક બની શકે છે. સમગ્ર નગર એક જ વસ્ત્રમાં વસે છે, એટલે બધા લોકો એકસરખા દેખાય છે અથવા એક જ પ્રકારની માન્યતાઓમાં જીવતા હોય છે. પરંતુ તેઓ પોતાની જ વાર્તાને સમજ્યા વગર માત્ર સાંભળતા રહે છે. કવિ અહીં સમાજની યાંત્રિકતા અને વિચારશૂન્યતાની ટીકા કરે છે. લોકો જીવન જીવતા તો હોય છે, પરંતુ જીવનનો અર્થ સમજવાનો પ્રયત્ન ઓછો કરે છે.

ગઝલનું સૌંદર્ય તેના પ્રતીકોમાં વસેલું છે. પગરવ, દ્વાર, ભ્રમણા, વરસાદ, છાંયડો શબ્દ, રાહ, વસ્ત્ર અને નગર જેવા પ્રતીકો ગઝલને અનેક અર્થસ્તરો પ્રદાન કરે છે. દરેક વાચક પોતાની સમજ અને અનુભવો મુજબ આ પ્રતીકોને અલગ રીતે અર્થ આપી શકે છે. આ જ એક ઉત્તમ ગઝલની વિશેષતા છે.

ભાષાની દૃષ્ટિએ ગઝલ અત્યંત સરળ અને સંયમિત છે. ક્યાંય અતિશય અલંકારોનો ઉપયોગ નથી, છતાં દરેક શેરમાં કાવ્યાત્મક ઊર્જા અનુભવી શકાય છે. અટક્યાં વગર, અડક્યાં વગર, વરસ્યાં વગર, ભટક્યાં વગર, થડક્યાં વગર અને સમજ્યાં વગર જેવા કાફિયાઓ ગઝલને સંગીતમય બનાવે છે. બગર રદીફનો સુંદર નિર્વાહ ગઝલની લયને મજબૂત બનાવે છે.

આ ગઝલનો મુખ્ય ભાવ જીવનમાં અનુભવ, શોધ અને સમજણની અનિવાર્યતાને ઉજાગર કરવાનો છે. કવિ કહે છે કે જીવનમાં કોઈ પણ સત્ય સહજ રીતે પ્રાપ્ત થતું નથી. ભ્રમણાઓ તૂટે ત્યારે જ સત્ય મળે છે, અર્થ મેળવવા માટે ભટકવું પડે છે. માર્ગ હોવા છતાં આગળ વધવા માટે હિંમત જોઈએ અને સમાજની વાર્તા સમજવા માટે માત્ર સાંભળવું પૂરતું નથી - તેને આત્મસાત્ કરવી પડે છે.

અંતે કહી શકાય કે ઉમેશ જોષીની આ ગઝલ માનવજીવનના આંતરિક સંઘર્ષ, અનુભવની આવશ્યકતા અને અસ્તિત્વની શોધનું કલાત્મક પ્રતિબિંબ છે. ગઝલ વાચકને માત્ર રસાસ્વાદ જ કરાવતી નથી, પરંતુ જીવન વિશે ગંભીરતાથી વિચારવા માટે પણ પ્રેરિત કરે છે. તેની તત્ત્વચિંતનસભર અભિવ્યક્તિ, પ્રતીકાત્મક ભાષા અને અર્થની ઊંડાઈ તેને એક યાદગાર અને ચિંતનપ્રેરક ગઝલ બનાવે છે.

## જળની આંખે જળને જોવું..!



શબ્દથી શબ્દ સુધી

રમેશ પટેલ, સુરત

હીરાને હીરાથી કાપું. મનને મનથી મલકાવું. જળની આંખે જળને જોવું...! આંગળીને આંગળી ના બતાવું. શ્રીફળને શ્રીફળથી ફોડું.

બારીને બારીમાં બેસાડું. શબ્દને શબ્દથી ટહુકાવું. ફૂલોને ફૂલોથી સુગંધાવું. મનથી ચાલીને મનને મળવું.

વાસણને વાસણથી ટકરાવું . હર ઘરને મંદિર બનાવું !

પાછળને પાછળ જ મોકલું. આગળને આગળ દોડાવું. અગ્નિથી અગ્નિને બાળું. ભગવાનને ભગવાન દેખાડું .હવાને હવાથી છલકાઉં.

કારણને કારણ પૂછું. ભીતોના કાનોથી સાંભળું. સત્ય પાસે સત્ય બોલાવું! સમયને હું સમય પૂછું! સવારને સવારે જગાડું.

ચાંદાને ચાંદની દેખાડું. વાદળ થી વાદળ પર ચાલુ. આંસુથી આંસુને પંપાળુ!

હાસ્યને હાસ્ય સંભળાવું. કવિતાને કવિતા સંભળાવું. ચાડિયાને ચીં ચીં કરીને ખિજવું. વાનરમાંથી નર બનાવું.!કાંટાને કાંટાથી કાઢું. દરિયાને દરિયામાં ડુબાડું!

બીજાના પગલાંમાં પગલું નહીં મૂકું. પા...પા... પગલી ભરતા શીખું! સદ્ વિચારો માટે વિચારીને વિચારું. રમકડાંને રમકડાંથી રમાડું. રમતને હું રમત રમાડું! મોતીને મોતીથી વીંધુ. દીવાથી દીવો સળગાવું. રાતને રાતભર જગાડું! કંકરથી કંકરને રણકાવું. ભૂલોને ભૂલોથી ભૂસું. ભાગ્યને ભાગ્યથી ચમકાવું. દિલને દિલથી ધબકાવું. સોટીને સોટી મારું! હુંને હુંથી ફટકારું. જીવન વનમાં વનમાળી શોધું!

વિસ્મયને વિસ્મયથી ભાળું! રેતીમાં રેતીનું વહાણ હંકારું. મૌનને મૌન બેસી સાંભળું! રંગને રંગથી રંગાવું. મેઘાને મેઘથી ભીંજાવું! મનની વાતો મનને સંભળાવું. ગરબાને ગરબા શીખવાડું! લખતા લખતા લહિયો બનાવું. ધૂળને ધૂળથી નવડાવું. આજને આજથી અજવાળું !અસ્તુ!

## મગજ, હૃદય અને નાભિ એ બુદ્ધિ-ભાવના અને અનુભૂતિના પ્રતિકો

અમે અરે, અરે કરતા રહ્યાને કવિ તો ધરાર કાંકરામાં બેસી ગયા ! અમારો ચારફૂટી સિંગાપુરી ચંપો પુરબહારમાં હતો. કવિએ એને નખશિખ નીરખવો હતો, પાસે બેસીને વાત કરવી હતી. ઉભાં-ઉભાં આ થોડું થઈ શકે ?


ઉમાશંકરભાઈ ગયા ઉનાળે તીથલ આવ્યા તેના આગલા દિવસે જ કદંબને ફુલ આવ્યાં હતાં. મેં સ્ટેશને ખુશખબર આપ્યા ત્યારે કહે, અમે તો કદંબનાં ફુલો પર ઉતરાણ કર્યુ ! ચાર-પાંચ માઈલના વિસ્તારની મધમાખીને વાવડ મળી ગયેલા એટલે હજારો માખી કામે લાગી ગઈ હતી. રાતના પ્રમાણમાં દિવસે સુગંધ ઘણી આછી પણ મધમાખીની હલચલને ગણગણાટ ગજબનાં. કવિએ દસ-પંદર મિનિટ કદંબ નીચે ગાળીને આ મધુઉત્સવનાં છાંટણાં ખુલ્લા માથા પર ઝીલ્યાં !

બે દિવસ રહીને કવિને ખબર આપ્યા કે આખું કુંતી (મરાયા એક્ઝોટિકા) સફેદ સુગંધી ફુલોથી ભરાઈ ગયું છે, ઝડ આવો ! બીજો સમય ફાવે તેમ ન હોઈ કવિ ભરબપોરે માથે ટુવાલ મુકીને આવ્યા. બે-ચાર પ્રદક્ષિણા કરીને નિરાંતે કુંતી માણ્યું. હાથમાં ફુલ લઈ એકાગ્રતાથી ઘાટઘુટ જોયાં ને સુગંધને કોઈ સ્મૃતિદાબડામાં ગોઠવી દીધી.

અમારી જાજમ જેવડી અગાશીમાંથી ચિનાઈ મેંદીનો ગુચ્છો બતાવ્યો ત્યારે કવિએ નાનકડા બગીચાના નકશામાં બે ચીકુની ગાઢી લીલી ઘટાને ઉંચકી લેતા આશ્યામગુલાલ ગુચ્છનું મહત્વ સમજાવ્યું. એક વાર રાતે જમવા આવેલા ત્યારે પુછે કે રસ્તેથી ઓટલે આવતાં આપણે સુગંધના કેટલા કોઠા વટાવ્યા ? પછી પોતે જ જવાબમાં પાંચ સુગંધ ગણાવી. મગજ, હૃદય અને નાભિને અનુક્રમે બુદ્ધિ, ભાવના અને અનુભૂતિનાં પ્રતિકાત્મક કેન્દ્ર ગણીએ તો સામાન્ય બૌદ્ધિકોના પ્રકૃતિ સાથેના બધા સમાગમ, કેન્દ્ર ગણીએ તો સામાન્ય બૌદ્ધિકોના પ્રકૃતિ સાથેના બધા સમાગમ, શબ્દો કે વિચારના કાંકરા થઈને માથાની તુંબડીમાં ખખડતા હોય છે ! કવિને મેં વિના અપવાદે વસ્તુ કે દ્રશ્ય પરથી સીધા અનુભૂતિસરવરમાં સરી જતા જોયા છે. અર્ધોન્મિલિત નેત્રે ઝાડપાનને પંપાળતા, વળગતા કે નિહાળતા નકલી ને વેવલા રહસ્યવાદીઓ (મિસ્ટિક)માંના આપણા કવિ નહોતા.

**(સાભાર : ''છબિ ભીતરની'' માંથી)**

## પરિવારનું વાતાવરણ અને બાળકોનું ઘડતર



પ્રીતનું ઝરણું

જ્યોતિ ઉત્પલ પંડયા, અતુલ

આજે લગભગ દરેક ઘરમાં નાની-નાની સમસ્યાઓ ઊભી થઈ રહી છે. ઘણી વખત આવા નાના ઘર્ષણો મોટું સ્વરૂપ ધારણ કરી લે છે. આજના સમયમાં ઘર-ઘરમાં જોવા મળતો એક મોટો પ્રશ્ન માતા-પિતા અને સંતાનો વચ્ચેના તાલમેલનો છે. ઘણી વખત નજીવી બાબતો એટલી મોટી બની જાય છે કે સંબંધોની આહુતિ સુધી વાત પહોંચી જાય છે. આ બાબતને સમજવાની ખૂબ જરૂર છે.

ઘણા ઘરોમાં અત્યંત અનુશાસન, સખત સ્વભાવ, નિષ્ઠુર વાતાવરણ, વાતે-વાતે અપમાન અને અપશબ્દોનો સામનો બાળકો કરી રહ્યા છે. બીજી તરફ કેટલાક ઘરોમાં ખૂબ જ સૌમ્ય, સરળ અને મિત્રતાભર્યું વાતાવરણ જોવા મળે છે. કેટલાક ઘરોમાં તો બંને બાબતોનો અતિરેક જોવા મળે છે. વધારે પડતો પ્રેમ લાડમાં બદલાય છે અને લાડ અમર્યાદામાં પરિણમે છે. તેવી જ રીતે વધારે પડતું અનુશાસન અને સખતી બાળકોને ડરપોક અથવા તો બળવાખોર બનાવી શકે છે.

એક ઘરમાં માતા અને પિતા બંનેની જવાબદારી ખૂબ મહત્વની છે. આપણે કેટલાય ઘરોમાં જોઈએ છીએ કે નાની-નાની બાબતો માટે બાળકોને બૂમ પાડી કામ કરાવવામાં આવે છે. આ એક નજીવી બાબત લાગે છે અને તેમાં કંઈ ખોટું છે એવું પણ તરત કહી શકાય નહીં. જેમ કે– જરા પાણી લઈ આવ, પંખાનું બટન બંધ કરી દે, કુંડામાં પાણી નાખી દે, તારી થાળી સાથે મારી થાળી પણ લઈ જા, પપ્પાનો શર્ટ લઈ આવ, બારી ખોલી દે, દરવાજો બંધ કરી દે, પપ્પાને ઉઠાડી આવ, ફ્રિજમાંથી પાણીની બોટલ લઈ આવ, બાને જમવાનું આપી આવ, પપ્પાના પગ દબાવી આપ, મોબાઈલ ચાર્જિંગમાં મૂકી દે વગેરે.

ધીરે-ધીરે આપણે એટલા પરાધીન બની જઈએ છીએ કે બાળકોને કામ શીખવવાના નામે પોતાનું કામ પણ તેમની પાસે કરાવવા લાગીએ છીએ. પ્રશ્ન એ છે કે શું ઘરના દરેક સભ્ય પોતાનું કામ જાતે કરે તો બાળક શીખી નહીં શકે? બાળકો ઘરમાં મોટા લોકોને જોઈને જ બધું શીખે છે—પછી તે વર્તન હોય, વાણી હોય કે જીવનમૂલ્યો.

જો બાળક દરેકને પોતાનું કામ જાતે કરતા જોશે તો તે પણ સ્વાવલંબી બનશે. પરંતુ જો તે સતત બીજાને કામ સોંપતા જ જોશે તો તે પણ આદેશ આપવાની ટેવ વિકસાવશે. ઘર એટલે માત્ર એક મકાન નહીં, પરંતુ સંબંધોથી રચાતું એક પરિવાર, જ્યાં દરેક સભ્ય એકબીજાને મદદરૂપ બને, એકબીજા પર આશ્રિત નહીં.

બાળકોના ઉછેર માટે કાળજી અને નિયંત્રણ બંને જરૂરી છે. જ્યારે બાળકો ઘરના વડીલોને પૂજા-પાઠ કરતા, ધાર્મિક વાર્તાઓ કહેતા, ઈતિહાસની જાણકારી આપતા અને નીતિ-નિયમ મુજબ અનુશાસિત જીવન જીવતા જુએ છે, ત્યારે તેઓમાં સારા સંસ્કારો અને સ્વાવલંબનની ભાવના વિકસે છે.

તમે જ્યારે વડીલોની સેવા કરો છો, ત્યારે બાળક પણ એ જ શીખે છે અને મોટો થઈને વડીલોની સેવા કરવા પ્રેરાય છે.

બાળકોને માત્ર ઉપદેશથી નહીં, પરંતુ પોતાના આચરણથી સંસ્કાર આપી શકાય છે.

માતા-પિતાનું અતિશય લાગણીશીલ હોવું પણ ક્યારેક નુકસાનકારક બની શકે છે. પ્રેમ, અનુશાસન અને સ્વતંત્રતા—ત્રણે વચ્ચેનું સંતુલન જ બાળકના સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે.

આ સંદર્ભમાં બીબીસીના સંવાદદાતા ફાતિમા ફરહીને દિલ્હીના વરિષ્ઠ મનોવિજ્ઞાની ડૉ. શેખ અબ્દુલ બશીર સાથે વાતચીત કરી હતી. ડૉ. બશીરે જણાવ્યું હતું કે લક્ષણ અને વિકાર વચ્ચે ફરક હોય છે અને દરેક લક્ષણ વિકાર નથી હોતું.

તેમણે કહ્યું હતું, તમારી કેટલીક આદતોની અસર તમારા જીવન પર પડતી હોય છે. જ્યારે તેની અસર તમારા દૈનિક જીવન, સંબંધો અને કાર્યક્ષમતા પર નકારાત્મક રીતે થવા લાગે, ત્યારે તે વિકારનું સ્વરૂપ ધારણ કરી શકે છે. અંતે એટલું જ કહી શકાય કે બાળકોના ઉછેર માટે કાળજી અને નિયંત્રણ બંને જરૂરી છે, પરંતુ તેનો અતિરેક હંમેશા નુકસાનકારક સાબિત થાય છે.

વાત ખૂબ જ નજીવી છે, પણ સમજવા જેવી છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Saturday 13, June 2026

## દેશભરમાં હવે ઓપરેશન મ્યુલ હંટની અનિવાર્યતા

દેશભરમાં સમાજના તમામ વર્ગોને અસર કરી રહેલા સાયબર ગુનેગારોની સામે જાગૃતિના અને પગલાંના દાવા વચ્ચે આ ગુનાખોરીના અંતના કોઈ અણસાર જણાતા નથી. રોજેરોજ નવા નવા કારસામાં નિર્દોષ લોકોના લાખો રૂપિયાની સાયબર ધાડના બનાવ વધી રહ્યા છે ત્યારે ઠગાઈ અને વિશ્વાસઘાતની મસમોટી રકમ સગેવગે કરવામાં બેંકિંગ વ્યવસ્થાના કર્મચારીઓની સાંઠગાઠ તરફ ભાગ્યે જ કોઈએ ધ્યાન આપવાની તસ્દી લીધી છે. દેશભરની સલામતી એજન્સીઓ આ મામલે કમર કસી રહી છે ત્યારે ગુજરાત પોલીસે ઓપરેશન મ્યુલ હન્ટ હાથ ધરીને આવા બેનામી ખાતાંને ઝડપી લેવા કમર કસી છે. સાયબર ગુનાખોરીના વધતા જતા વ્યાપની સામે દેશભરની સલામતી એજન્સીઓ મથી રહી છે ત્યારે આવી ઓનલાઈન ધાડનાં નાણાંની માટે બેંકોના જવાબદારો મદદગાર બની જતા હોવાની ચોંકાવનારી હકીકતો સામે આવી રહી છે. સામાન્ય લોકોને નજીવા કમિશનની લાલચ આપીને સાયબર ગઠિયાઓ તેમનાં ખાતાંનો ઉપયોગ છેતરપિંડીની મસમોટી રકમ જમા કરાવવા માટે કરતા હોવાની હકીકત આજકાલની નથી. મ્યુલ ખાતાં તરીકે કુખ્યાત આ બેંક એકાઉન્ટ - આવાં ખાતાં ખોલાવવાથી માંડીને તેનાં ઓપરેશન તરફ કોઈનું ધ્યાન ન જાય તે માની શકાય તેમ નથી. સાયબર ગુનેગારોના કારસામાં બેંકના કર્મીઓની સાંઠગાઠ હોવાની વાત હવે નક્કર સ્વરૂપમાં સામે આવી રહી છે. તાજેતરમાં રાજધાની દિલ્હીના ન્યૂ કોલોની વિસ્તારમાં એક સહકારી બેંકના નાયબ મેનેજરની આવા ગુના માટે ધરપકડ થઈ હતી. આવા કિસ્સા વધુ ને વધુ સામે આવી રહ્યા છે. દરમ્યાન ગુજરાત પોલીસે આવાં ખાતાંની સામે ઓપરેશન મ્યુલ હન્ટ શરૂ કરીને રૂા. ૨,૨૦૦ કરોડથી વધુની લેવડદેવડ કરાવતા એક હજારથી વધુ ખાતાં અને ખાતાધારકોની સામે કાર્યવાહી હાથ ધરી છે. પહેલી જૂનના અપાયેલી સત્તાવાર માહિતી મુજબ ૬૩૮ આરોપીઓ સામે ૫૬૫ એફઆઈઆર નોંધાઈ છે. આ રાજ્યવ્યાપી કાર્યવાહી હજી ચાલી રહી છે. પશ્ચિમ કચ્છ પોલીસે માધાપરના એક બેંક ખાતામાં ૪૭ દિવસની અંદર દેશભરમાંથી ૪૭ કરોડની જંગી રકમ જમા થયાનો ગુનો નોંધ્યો છે. તો પૂર્વ કચ્છ પોલીસે બુધવારે જાહેર કરેલી વિગતો મુજબ ગરીબોને ભોળવીને તેમનાં ખાતાંમાં સાયબર છેતરપિંડીની રકમ જમા કરવાના કારસાનો પર્દાફાશ થયો છે. ૧૦૫ બેંક ખાતાંમાં દેશ ઉપરાંત શ્રીલંકામાં આવી છેતરપિંડી આચરીને ૪૩ કરોડ જેવી મસમોટી રકમ જમા કરવાના ચોંકાવનાર કારસાનો ખુલાસો થયો છે. ચાર જણની ધરપકડ થઈ છે, બાકીના સૂત્રધારોને શોધવામાં આવી રહ્યા છે. આ કિસ્સામાં ગાંધીધામની એક ખાનગી બેંકના કર્મચારીની સંડોવણી પણ સામે આવી છે. દિલ્હીમાં અને ગાંધીધામમાં મ્યુલ બેંક ખાતાંના બનાવમાં બેંક કર્મચારીઓની સંડોવણી સામે આવતાં આ સાયબર ક્રાઈમનાં ચક્રમાં બેંકના જવાબદારોની ભૂમિકા પ્રસ્થાપિત થઈ રહી છે. પોલીસ અને સલામતી એજન્સીઓ સાયબર ક્રાઈમને રોકવા લોકોને જાગૃત કરવા સતત મથી રહ્યા છે ત્યારે આ ગુનામાં છેતરપિંડીની રકમ જ્યાં જમા થાય છે તે બેંક ખાતાંને શોધીને ગુનેગારોના સગડ અને રકમ મેળવવા પર વધુ વ્યવસ્થિત રીતે વ્યૂહરચના ઘડી કાઢવાની જરૂરત છે. સામાન્ય લોકોને જાગૃત કરવાની સાથોસાથ આવી જવાબદાર બેંકોને તેમનાં ખાતાંના વ્યવહારો તરફ આંખ આડા કાન કરવાને બદલે લેવડદેવડ પર બારીકાઈથી નજર રાખવાની તાલીમ આપવાની પણ તાકીદની જરૂરત છે. દેશભરના પોલીસદળોએ ગુજરાતનાં ઓપરેશન મ્યુલ હન્ટમાંથી બોધપાઠ લેવાની પણ ખાસ જરૂરત છે. કેન્દ્રીય સ્તરે ઓપરેશન મ્યુલ હન્ટના સંકલિત અમલથી સાયબર ગુનાખોરીનાં વળતાં પાણી કરી શકાય તેમ છે.

### G-7 સમિટમાં લેશે ભાગ !

# નરેન્દ્ર મોદી આજથી ૧૮ જૂન સુધી ફ્રાન્સના પ્રવાસે



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૨ :પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૩થી ૧૮ જૂન દરમિયાન ફ્રાન્સની મુલાકાતે છે. તેઓ ૧૩-૧૪ જૂન ૨૦૨૬ ના રોજ નાઈસ, ત્યારબાદ ૧૬-૧૭ જૂને એવિયન અને ૧૭-૧૮ જૂન ૨૦૨૬ના રોજ પેરિસની મુલાકાત લેશે. ૨૦૧૪ પછી આ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ફ્રાન્સની સાતમી સત્તાવાર મુલાકાત હશે. ફ્રાન્સના રાષ્ટ્રપતિએ ૧૭થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન ભારતની મુલાકાત લીધી હતી. જે દરમિયાન બંને દેશો વચ્ચેના સંબંધોને ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડવામાં આવ્યા હતા. હવે પીએમ મોદી ફ્રાન્સની મુલાકાત લઈ રહ્યા છે.

આ મુલાકાત ભારત અને ફ્રાન્સ વચ્ચે ઉચ્ચ-સ્તરીય સંવાદની ગતિને પ્રતિબિંબિત કરે છે. તેનો મુખ્ય હેતુ ઈનોવેશન, વિજ્ઞાન અને ટેક્નોલોજી, અર્થતંત્ર, સાંસ્કૃતિક સંબંધો અને લોકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો છે.

પીએમ મોદી, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે નાઈસમાં ઈન્ડિયા ઈનોવેટ્સ ઈવેન્ટનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમ ભારત, ફ્રાન્સ અને વિશ્વના ટોચના ઈનોવેશન સ્ટાર્ટઅપ્સને એકસાથે લાવે છે. ભારત-ફ્રાન્સ ઈનોવેશન વર્ષ દરમિયાન યોજાનારી આ ઈવેન્ટ બંને દેશો વચ્ચે નવીનતા ભાગીદારીને પ્રોત્સાહન આપશે. ફ્રાન્સ અને અન્ય દેશોના ૧૨૦થી વધુ ભારતીય કંપનીઓ/સ્ટાર્ટઅપ્સ અને અગ્રણી બિઝનેસ લીડર્સ, રોકાણકારો અને સીઈઓ ઈન્ડિયા ઈનોવેટ્સમાં ભાગ લે તેવી અપેક્ષા છે.

પીએમ મોદી નાઈસમાં ફ્રેન્ચ રાષ્ટ્રપતિ મેક્રોન સાથે તેમની પ્રથમ દ્વિપક્ષીય સમિટ યોજશે. પીએમ મોદી ૧૬ અને ૧૭ જૂને ફ્રાન્સના એવિયનમાં ૮-૭ સમિટમાં ભાગ લેશે. રાષ્ટ્રપતિ મેક્રોને તેમને સમિટમાં હાજરી આપવા માટે આમંત્રણ આપ્યું છે. G7 સમિટમાં ભારતની હાજરી ગ્લોબલ સાઉથના મહત્વપૂર્ણ અવાજ તરીકે તેની ભૂમિકા દર્શાવે છે.

વડાપ્રધાન ૧૮ જૂને મેક્રોન સાથે યુરોપના સૌથી મોટા ટેકનોલોજી અને સ્ટાર્ટઅપ ઈવેન્ટ, વિવાટેક સમિટમાં હાજરી આપશે. વિવાટેક સમિટમાં ભારતીય પેવેલિયન હશે. જે આ વર્ષે સમિટમાં સૌથી મોટું છે. ઈન્ડિયા ઈનોવેટ્સ અને વિવાટેક સમિટ બંનેમાં વડા પ્રધાન મોદીની ભાગીદારી ભારતને નવીનતા, ડિજિટલ પરિવર્તન અને ઉદ્યોગસાહસિકતા માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે પ્રદર્શિત કરશે અને ભારતીય અને યુરોપિયન ટેકનોલોજી ઈકોસિસ્ટમ વચ્ચે નવી ભાગીદારીને પ્રોત્સાહન આપવાની અપેક્ષા છે.

આ મુલાકાત ભારત અને ફ્રાન્સ સ્પેશિયલ ગ્લોબલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ અને ભારત અને યુરોપિયન યુનિયન સંબંધોને વધુ મજબૂત બનાવવાનો એક મહત્વપૂર્ણ અવસર રહેશે. આ દરમિયાન તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારની સમીક્ષા કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન થશે અને એક સ્થિર, સમૃદ્ધ મલ્ટિપોલર વર્લ્ડ ઓર્ડર બનાવવા માટે યોગદાન મળશે.

ભારત અને ફ્રાન્સે ૧૯૪૭માં ભારતની આઝાદી પછી તરત જ રાજદ્વારી સંબંધો સ્થાપ્યા હતા અને ત્યારથી બંને દેશો વચ્ચે નજીકના અને મિત્રતાપૂર્ણ સંબંધો રહ્યા છે. ૨૬ જાન્યુઆરી ૧૯૯૮ના રોજ શરૂ થયેલી ભારત-ફ્રાન્સ વચ્ચેની સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ હવે ૨૫ વર્ષથી વધુ જૂની છે. આ ભારત માટે કોઈ પશ્ચિમી દેશ સાથેની પ્રથમ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ હતી, જ્યારે ફ્રાન્સ માટે કોઈ ગેર-પશ્ચિમી દેશ સાથેની પ્રથમ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ હતી.

આ મુલાકાત ઉચ્ચસ્તરીય રાજકીય સંવાદને પ્રોત્સાહન આપશે અને ભારત-ફ્રાન્સ સંબંધોને મજબૂત બનાવશે. ખાસ કરીને ઈનોવેશન, વિજ્ઞાન અને ટેકનોલોજી અને ઈકોનોમિક કોર્પોરેશન જેવા ક્ષેત્રોમાં. વર્તમાન વૈશ્વિક વાતાવરણમાં તે આપણી ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવશે, જે યુરોપ અને યુરોપિયન યુનિયન સાથે સહકારને વધુ ગાઢ બનાવવા અને વિશ્વસનીય મિત્ર સાથે આપણા સહયોગને આગળ વધારવાના આપણા વિઝન સાથે સુસંગત છે. જેનાથી આર્થિક અને સુરક્ષા ક્ષેત્રોમાં આપણી રાષ્ટ્રીય ક્ષમતાઓને મજબૂત બનાવવામાં આવશે.

## અમેરિકાની 'ઓઈલ ગેમ'થી અમે સારી રીતે વાકેફ છીએ :જયશંકર



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૨ : ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ફરી એકવાર વૈશ્વિક મંચ પરથી અમેરિકા અને યુરોપના બેવડા વલણને ખુલ્લું પાડ્યું છે. ફિનલેન્ડમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન તેમણે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાના મુદ્દે પશ્ચિમી દેશોને જવાબ આપ્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં અમેરિકાને સંભળાવી દીધું કે, તે ભારત સામે નૈતિકતાનો દેખાવ કરવાનું બંધ કરે, કારણ કે અમેરિકાનો આ ઓઈલ પાછળનો આખો ખેલ ભારત બહુ સારી રીતે સમજે છે. ભારતે હંમેશાં કોઈ પણ વૈચારિક કે રાજકીય દબાણમાં આવ્યા વગર માત્ર પોતાના દેશના હિતોને જ પ્રાથમિકતા આપી છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે એક મોટો ખુલાસો કરતા યાદ અપાવ્યું કે, આજે જે રશિયા પાસેથી ઓઈલ ખરીદવા બાબતે ભારત પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે, એ જ રશિયન ઓઈલ ખરીદવા માટે એક સમયે અમેરિકાએ પોતે ભારતને આગ્રહ કર્યો હતો. વર્ષ ૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારે વૈશ્વિક ઓઈલ બજાર તૂટી ન પડે અને કિંમતો કાબૂમાં રહે તે માટે અમેરિકાએ ભારતને રશિયા પાસેથી ઓઈલ ખરીદવા આજીજી કરી હતી.

પરંતુ ત્યારબાદ જ્યારે ભારતે પોતાના રાષ્ટ્રીય હિતમાં ઓઈલની ખરીદી વધારી, ત્યારે અમેરિકાએ પહેલા ટૅરિફ લગાવ્યા અને પછી પ્રતિબંધોમાં ઢીલ આપી. જયશંકરે અમેરિકાના આ વલણ પર કટાક્ષ કરતા કહ્યું કે, આમાં કોઈ મોટો સિદ્ધાંત નથી, આ બધું ઓન-ઓફ જેવું છે. જ્યારે તમને સૂટ થાય ત્યારે બધું સાચું અને ન સૂટ થાય ત્યારે ખોટું! અમે બધા સમજદાર છીએ અને આ રમત જાણીએ છીએ.

## આ વીકેન્ડ સુધીમાં ઈરાન સાથે સમજૂતી થઈ જશેઃ ટ્રમ્પ



(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૧૨ : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે ફરીથી એક મોટો દાવો કરી નાખ્યો છે. ગુરુવારે સાંજે રાષ્ટ્રપતિ કાર્યાલયમાં મીડિયાકર્મીઓ સાથે વાતચીતમાં ટ્રમ્પે કહ્યું કે ઈરાન સાથે સમજૂતિ મુદ્દે સહમતિ બની ગઈ છે અને આ વીકેન્ડમાં તેને અંતિમ સ્વરૂપ આપી દેવાશે. બીજી બાજુ ઈરાને તો ટ્રમ્પના આ દાવાને મજાકમાં લીધો અને તેને માત્ર અટકળો ગણવ્યો. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમે હાલ ઈરાન સાથે યુદ્ધ અંગે એક શાનદાર સમજૂતિ કરી છે અને હવે બસ તેને અંતિમ સ્વરૂપ આપવાનું બાકી છે. આગામી થોડા દિવસોમાં આ કામ પતી જવું જોઈએ. કદાચ યુરોપમાં આ સમજૂતિ પર હસ્તાક્ષર થશે. ટ્રમ્પે વધુમાં કહ્યું કે જ્યારે ઓઈલના ભાવ ઓછા હોય છે ત્યારે બાકી ચીજોના ભાવ પણ ઘટે છે. સૌથી મહત્વની વાત એ છે કે અમારી પાસે એક એવી સમજૂતિ છે જે હેઠળ ઈરાન પાસે ક્યારેય પરમાણુ હથિયારો નહીં હોય, આ જ અમારો હેતુ હતો જેના માટે અમે આટલી મથામણ કરી. જલદી તેના પર હસ્તાક્ષર થશે અને કાગળો લગભગ તૈયાર છે. આ કામ ઝડપથી થઈ જવું જોઈએ.

## વાપીમાં બે સપ્તાહ પહેલા રોડ બનાવ્યો ને ખોદકામ શરૂ



### ૯.૬૦ કરોડના ખર્ચે બજાર રોડ અને ટાંકી ફળિયા રોડ બનાવાયા, ગણતરીના દિવસોમાં જ પાણીની લાઈન લીકેજથી રોડ ખોદાતા લોકોમાં રોષ

**દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ**
**વાપી, તા.૧૨ :** વાપી શહેરમાં વિકાસના નામે કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલા રસ્તાઓની ગુણવત્તા અને આયોજન સામે ફરી એકવાર સવાલો ઊભા થયા છે. શહેરના મુખ્ય ગણાતા બજાર રોડ અને ટાંકી ફળિયા રોડનું તાજેતરમાં જ મહાનગર પાલિકા દ્વારા અંદાજે ૯.૬૦ કરોડ રૂપિયાના ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યું હતું. જોકે રોડ બન્યાને હજુ બે સપ્તાહ પણ પૂર્ણ થયા નથી ત્યાં જ બઝાર રોડ પર નગર પરિવારના ઘર આગળ પાણીની લાઈનમાં લીકેજ સર્જાતા નવા બનેલા રસ્તાને ખોદવાની ફરજ પડી છે.સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓના જણાવ્યા મુજબ રસ્તા બનાવતા પહેલાં ભૂગર્ભમાં આવેલી પાણીની લાઈનો અને અન્ય સુવિધાઓની યોગ્ય ચકાસણી કરવામાં આવી હોત તો આ સ્થિતિ સર્જાઈ ન હોત. નવા બનેલા રોડ પર ખોદકામ થતાં જાહેર નાણાંનો બગાડ થવા સાથે લોકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખોદકામના કારણે વાહનચાલકોને અવરજવર કરવામાં મુશ્કેલી પડી રહી છે, જ્યારે વેપારીઓનું કહેવું છે કે ધૂળ અને ટ્રાફિકની સમસ્યાના કારણે વેપાર પર પણ અસર થઈ રહી છે. શહેરમાં વારંવાર આવી ઘટનાઓ બનતી હોવાને કારણે વિકાસ કાર્યોના આયોજન અને સંકલન અંગે -ૈ ઉઠી રહ્યા છે. સ્થાનિકોએ માંગ કરી છે કે રોડ નિર્માણ પહેલાં તમામ વિભાગો વચ્ચે યોગ્ય સંકલન સાધી કામગીરી હાથ ધરવામાં આવે જેથી નવા બનેલા રસ્તાઓને થોડા જ દિવસોમાં ફરી ખોદવાની નોબત ન આવે. હાલ લોકો જવાબદાર તંત્ર પાસેથી સ્પષ્ટતા અને જવાબદારી નક્કી કરવાની માંગ કરી રહ્યા છે.

## વાંસદા ખાતે મહા રક્તદાન કેમ્પ યોજાશે

**દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ**
**વાંસદા, તા.૧૨ :** વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે તા. ૧૪ જૂન, ૨૦૨૬ ના રોજ વાંસદા પોલીસ સ્ટેશન ખાતે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનું આયોજન પોલીસ સ્ટેશન વાંસદા, તિલક ગ્રૂપ વાંસદા, જેસીઆઈ વાંસદા રોયલ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વાંસદા ના સંયુક્ત સહયોગથી કરવામાં આવશે.

હાલમાં વિવિધ બ્લડ બેંકો અને હોસ્પિટલોમાં લોહીની અછત જોવા મળી રહી છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વધુમાં વધુ રક્ત એકત્રિત થાય અને જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર લોહી મળી રહે તેવા શુભ હેતુથી આ મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આયોજકો દ્વારા વાંસદા તથા આસપાસના વિસ્તારના યુવાનો, સામાજિક કાર્યકરો, વિવિધ સંસ્થાઓના સભ્યો તેમજ તમામ સ્વસ્થ નાગરિકોને રક્તદાન કરવા માટે આગળ આવવા અપીલ કરવામાં આવી છે. રક્તદાન એ માનવતાની સૌથી મોટી સેવા છે અને એક યુનિટ રક્ત અનેક દર્દીઓના જીવનમાં આશાનું કિરણ બની શકે છે.

આ મહા રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે આયોજકો દ્વારા તમામ નાગરિકોને વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ઉમરગામ પોલીસે થાણેથી વોન્ટેડ સોનીને ઝડપ્યો

**દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ**
**ઉમરગામ, તા.૧૨ :** વલસાડ જિલ્લા પોલીસે નાસતા-ફરતા અને વોન્ટેડ ગુનેગારો વિરુદ્ધ ચલાવેલી ઝુંબેશ હેઠળ ઉમરગામ પોલીસે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. ઘરફોડ ચોરીના ગુનામાં ચોરાયેલો મુદ્દામાલ ખરીદનાર વોન્ટેડ સોની વેપારીને મહારાષ્ટ્રના થાણે ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે. ઉમરગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં અગાઉ સુમન ઉર્ફે સોનું ગુલ્લુ ગુદોસાના શેખની ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન તેણે રાત્રિના સમયે એક મકાનના તાળા તોડી સોના-ચાંદીના દાગીના તેમજ ઘડિયાળની ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે ચોરીનો સમગ્ર મુદ્દામાલ મહારાષ્ટ્રના થાણે ખાતે રહેતા વિમલ ઉર્ફે સોનુ મોતીલાલ ભગવતી સોનીને વેચી દેવામાં આવ્યો હતો. માહિતી મળતા જ પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી, પરંતુ આરોપી પોલીસ પકડથી બચવા માટે નાસતો-ફરતો હતો.

ઉમરગામ પોલીસને બાતમી મળી હતી કે આરોપી થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં સંસાર બેકરી પાસેની ગલીમાં છુપાયો છે. જેના આધારે પોલીસ ટીમે મહારાષ્ટ્રમાં જઈ સ્થાનિક સ્તરે વોચ ગોઠવી હતી અને સફળ ઓપરેશન હાથ ધરી આરોપી વિમલ સોનીને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે વિમલ સોની સામે અગાઉ પણ ચોરીના મુદ્દામાલની ખરીદી અને ઘરફોડ ચોરી સંબંધિત ગુનાઓ નોંધાયેલા છે.

તેની સામે વાપી ટાઉન અને ડુંગરા પોલીસ સ્ટેશનમાં પણ કેસ નોંધાઈ ચૂક્યા હોવાનું જાણવા મળ્યું છે.જિલ્લા પોલીસ દ્વારા વોન્ટેડ આરોપીઓ સામે ચલાવવામાં આવી રહેલી સતત કાર્યવાહીના ભાગરૂપે આ ધરપકડને મહત્વપૂર્ણ સફળતા માનવામાં આવી રહી છે. હાલ પોલીસે આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી છે અને અન્ય ગુનાઓમાં તેની સંડોવણી અંગે તપાસ હાથ ધરી છે.

## દમણમાં મચ્છરજન્ય રોગોના નિવારણ અંગે તાલીમ

**દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ**
**દમણ, તા.૧૨ :** રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ (દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ) દ્વારા શુક્રવારે દમણ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન, સોમનાથના કોન્ફરન્સ હોલ ખાતે ઔદ્યોગિક એકમોના નોડલ અધિકારીઓ માટે એક ખાસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આરોગ્ય સચિવ ગોપી કૃષ્ણના માર્ગદર્શન અને આરોગ્ય સંયુક્ત સચિવ અમિત પમાસીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

તાલીમ દરમિયાન, રાજ્ય કાર્યક્રમ અધિકારી ડૉ. ગણેશ વર્ણેકરે મચ્છર સંવર્ધન સ્થળોની ઓળખ, લાર્વા સર્વેક્ષણ, લાર્વાનો નાશ, જંતુનાશક છંટકાવ, સાપ્તાહિક ડ્રાય ફ્રાઈડે સફાઈ ઝુંબેશ અને દર્દીઓની સમયસર ઓળખ અને સારવાર અંગે માહિતી પૂરી પાડી. તેમણે ઔદ્યોગિક વિસ્તારોમાં વેક્ટર-જન્ય રોગોના નિવારણ માટે નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

કન્સલ્ટન્ટ વિશાલ દામાલિયાએ ઉલ્લંઘન માટે કાનૂની જોગવાઈઓ અને દંડ સમજાવ્યા, ઉદ્યોગોને સ્થાપિત પ્રોટોકોલ અનુસાર તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી. તેમણે દૈનિક દેખરેખ પ્રવૃત્તિઓ અને રિપોર્ટિંગ પ્રક્રિયાઓની પણ વિગતવાર માહિતી આપી.

આ કાર્યક્રમમાં મચ્છરોના વિવિધ લાર્વાના તબક્કાઓ, સંભવિત પ્રજનન સ્થળો અને લાર્વાનાશક દવાઓના વ્યવહારુ પ્રદર્શનોનો સમાવેશ થતો હતો. રક્ષણાત્મક ઉપકરણોના ઉપયોગ, પાણીના સ્રોતનું સંચાલન અને સ્થાનિક નિવારક પગલાં અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

## વલસાડમાં મોટાભાઈએ નાના ભાઈની વહુને પકડી માર મારતા સામસામી ફરિયાદ

**દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ**
**વલસાડ, તા.૧૨ :** વલસાડ શહેરમાં નાના ભાઈની વહુ સાથે શારીરિક સંબંધ બાંધવાના દબાણ અને જેઠ સહિતના સાસરીયાઓએ દંપતી પર હુમલો કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. આ હિંસક ઘટનામાં બંને પક્ષે ગંભીર ઈજાઓ થતાં વલસાડ સિટિ પોલીસ મથકે સામસામી ફરિયાદો નોંધાઈ છે.

વલસાડ શહેરમાં એક વિસ્તારમાં રહેતી એક મહિલા

ગત તારીખ ૭ જૂન, ૨૦૨૬ના રોજ રાત્રે૧૦ કલાકે ઘરની નાની ૨૬ વર્ષીય વહુ પોતાના પતિ સાથે ટેરેસ પરથી નીચે ઉતરી રહી હતી, ત્યારે તેના જેઠે તેને પાછળથી પકડી લીધી હતી અને શારીરિક સંબંધ બાંધવા માટે દબાણ કર્યું હતું.

મહિલાએ પ્રતિકાર અને ઈનકાર કરતાં ઉશ્કેરાયેલા જેઠે તેને પેટ અને છાતીના ભાગે લાતો મારી હતી, જેના કારણે મહિલાના નાકમાંથી લોહી નીકળવા લાગ્યું હતું.

તું મારી નહીં હોય તો કોઈની નહીં થવા દઉં તેવી જેઠે ધમકી આપી હતી ત્યારબાદ મહિલાને ઘરની બહાર ઢસડીને લઈ જતી વખતે તેનો નાઈટ ડ્રેસ પણ ખેંચી લઈ અને તેને રસ્તા પર નગ્ન કરીને મારવાની ધમકી આપી હતી. આ દરમિયાન પીડિત મહિલાની જેઠાણી અને કાકી સાસુ પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને તેમણે પણ નાની વહુને માર મારતા તેને બચાવવા માટે વચ્ચે પડેલા નાના ભાઈ પર આરોપી જેઠે લાકડાના પાટલા વડે માથા અને છાતીના ભાગે હુમલો કર્યો હતો. આ હુમલામાં નાની વહુ અને ભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા વલસાડની સિવિલ હોસ્પિટલમાં ચાર દિવસ સુધી સારવાર લેવી પડી હતી. જે અંગે નાની વહુએ જેઠ જેઠાણી અને સાસુ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી .તો બીજી તરફ જેઠે વલસાડ સીટી પોલીસ મથકમાં મોટા જેઠ દ્વારા પણ નાના ભાઈ અને તેની વહુ ની સામે વળતી ફરિયાદ નોંધાવી કે તેઓ પોતાની પત્નીને પાણી લાવવા માટે અવાજ આપી રહ્યા હતા. આ દરમિયાન નાના ભાઈની વહુ એ ખોટો વહેમ રાખીને`મને કેમ બોલાવો છો` તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. ઘરમાં બોલાચાલી દરમિયાન નાના ભાઈએ ત્યાં આવીને મોટા ભાઈ (જેઠ)ના મોઢા પર સીધો પ્રહાર કરતા ભાઈના નીચેના દાંત હલવા લાગ્યા હતા અને ઉપરનો એક દાંત છૂંદાઈ ગયો હતો. જે અંગે વલસાડ સીટી પોલીસમાં બંને પક્ષોની ફરિયાદ આધારે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## X-RAY ના ફોટોગ્રાફ પરથી વાંસદા પોસ્કો કેસનો વોન્ટેડ આરોપીને મહારાષ્ટ્રથી દબોચ્યો

**દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ**
**બીલીમોરા, તા.૧૨ :** વાંસદા પોલીસ સ્ટેશનની ટીમે ટેક્નોલોજી અને તીક્ષ્ણ બુદ્ધિનો સચોટ ઉપયોગ કરીને અદભુત અને સંવેદનશીલ કામગીરી પાર પાડી હતી. વાંસદા વિસ્તારની ૧૫ વર્ષની એક આદિવાસી સગીર દીકરીને ભગાડી જઈ છેલ્લા ૫ મહિનાથી નાસતા ફરતા અને એક સંતાનના પિતા એવા પોક્સો એક્ટના આરોપી નરેન્દ્રભાઈ સોનીરાવ પવાર (ઉ.વ. ૨૧, રહે. જામલાપાડા, નીચલા ફળિયા, તા. વઘઈ, જી. ડાંગ) ને પોલીસે મહારાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ તથા નવસારી પોલીસ અધીક્ષક રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ વાંસદા વિભાગના નાયબ પોલીસ અધીક્ષક હરેશ ચાંદુની સૂચનાથી વાંસદા પોલીસે આ ચકચારી ગુનાનો ભેદ માત્ર એક એક્સ-રે ના ફોટોગ્રાફ પરથી ઉકેલી નાખ્યો હતો.

આરોપી ગુનો આચરી પોતાનો મોબાઈલ બંધ કરી મહારાષ્ટ્રની દ્રાક્ષની વાડીઓમાં છુપાઈને કામ કરતો હતો. આ દરમિયાન પથરીના દુખાવાને કારણે તેણે એક ડાયગ્નોસ્ટિક સેન્ટરમાં એક્સ-રે કરાવ્યો હતો, જેનો ફોટો તેણે ઈન્સ્ટાગ્રામ મારફતે તેની મૂળ પત્નીને મોકલ્યો હતો. આ ફોટાની જાણ વાંસદા પોલીસને થતાં પી.આઈ. જયદીપસિંહ ચાવડા અને તેમની ટીમે ઝાંખા દેખાતા એક્સ-રે ના નીચેના ભાગે લખેલું સહ્યાદ્રી ડાયગ્નોસ્ટિક સેન્ટર વાંચી ઓનલાઈન તપાસ શરૂ કરી હતી. મહારાષ્ટ્રમાં આવા આશરે ૨૨ જેટલા સેન્ટરોમાંથી કડીઓ જોડીને અંતે નાસિક જિલ્લાના પિંપલગાંવ ખાતે આવેલા સેન્ટર પરથી આરોપીની વિગતો મેળવી હતી. આ ટેકનિકલ વર્કઆઉટના આધારે પોલીસે બસવંત ગામની દ્રાક્ષની વાડીમાં દરોડો પાડી આરોપીને દબોચી લીધો હતો અને ભોગ બનનાર સગીરાને સુરક્ષિત રીતે મુક્ત કરાવી તેની માતાને સોંપી માનવતાવાદી અભિગમ દાખવ્યો હતો. આ સફળ કામગીરી કરનાર પી.આઈ. જયદીપસિંહ ચાવડા, પીએસઆઈ એ.એચ. પટેલ,એ.એસ.આઈ દીલીપ મીઠ્ઠલભાઈ,હેડકોન્સ્ટેબલ નીતીન હરીલાલભાઈ, પોલીસ કોન્સ્ટેબલ હિતેશ ગુલાબભાઈ, પોલીસ કોન્સ્ટેબલ કાના માલાભાઈ,મહિલા પોલીસ કોન્સ્ટેબલ વૈશાલી ઉત્તમભાઈ તથા એલ.સી.બી નવસારી સર્વેલન્સ સ્ટાફની સરાહનીય બુદ્ધિ-તિભાને ચારેય તરફથી બિરદાવવામાં આવી રહી છે.

# અન્ય સમાચારો

Saturday 13, June 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# ગુજરાતમાં ૧૯,૦૦૦થી વધુ DPIIT માન્ય સ્ટાર્ટઅપ્સ કાર્યરત

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૧૨: ૨૬મી, મે-૨૦૨૬ના રોજ નરેન્દ્ર મોદીના ભારતના વડાપ્રધાન તરીકેના કાર્યકાળના ૧૨ વર્ષ પૂરાં થયા છે. આ ૧૨ વર્ષો દરમિયાન દેશમાં નવી ઉદ્યોગ સાહસિક સંસ્કૃતિનું નિર્માણ થયું છે અને ભારતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ મજબૂત બની છે. તેમના નેતૃત્વના ગત ૧૨ વર્ષો દરમિયાન ગુજરાત પણ દેશના અગ્રણી સ્ટાર્ટઅપ હબ તરીકે પણ ઉભરી આવ્યું છે. ગુજરાત, આજે ૧૯,૦૦૦થી વધુ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ-DPIIT માન્ય સ્ટાર્ટઅપ્સ સાથે દેશમાં અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે. ભારત સરકારના DPIIT દ્વારા સ્ટાર્ટઅપ ઈન્ડિયા રેન્કિંગમાં ગુજરાત સતત પાંચ વર્ષોથી 'બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ' રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી-SSIP વર્ષ ૨૦૧૭-૧૮થી ૫ વર્ષ માટે જાહેર કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨માં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી-SSIP ૨.૦ લોન્ચ કરવામાં આવી હતી. જેના અંતર્ગત નવા ક્ષેત્રો સાથે પરંપરાગત અને નવા યુગની ટેક્નોલોજી સાથે સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી-SSIP ૧.૦ અને ૨.૦ હેઠળ અત્યારસુધીમાં ૧૩,૦૪૭થી વધુ વિદ્યાર્થી પ્રોજેક્ટ્સને પ્રૂફ ઑફ કોન્સેપ્ટ (PoC) સ્તરે સહાય આપવામાં આવી છે. જ્યારે ૪,૦૪૩થી વધુ IPR (ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ) ફાઈલ કરવામાં આવ્યા છે. SSIP અંતર્ગત કુલ ૩,૨૮૭થી વધુ સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન, ઈન્ક્યુબેશન સહાય આપવામાં આવી છે. સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશનને આર્થિક સહાયતા માટે SSIP ગ્રાન્ટી સંસ્થાઓ દ્વારા ૩૬.૪૩ કરોડના SSIP ફંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

વધુમાં, SSIP ૧.૦ અને ૨.૦ હેઠળ પોલિસી અમલી બન્યાથી અત્યારસુધીમાં જાગૃતિ અભિયાન થકી ૨૨.૭૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ્સ અંગે માર્ગદર્શન આપીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં શાળાના વિદ્યાર્થીઓના ૧૯૪૮થી વધુ સ્ટાર્ટઅપ પ્રસ્તાવો SSIP ૨.૦ પોર્ટલ પર રજીસ્ટર થયા છે. જેમાંથી લગભગ ૧૧૪૧ વિદ્યાર્થીઓના સ્ટાર્ટઅપ પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે.

# કેદીઓ ધો-૧૨ સુધીનો અભ્યાસ જેલમાં રહીને પૂર્ણ કરી શકશે

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ, તા.૧૨ : અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ક્ર્એક નઈ ઉમ્મીદ યોજના અંતર્ગત એક વિશેષ પ્રોત્સાહન અને સન્માન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ જેલમાં રહેલા બંદીવાનો તથા તેમના બાળકોને શિક્ષણમાં પ્રોત્સાહન પૂરું પાડવાનો હતો. વર્ષ-૨૦૨૬ માં ધોરણ-૧૦, ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસની પરીક્ષાઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરનાર રાજ્યની અલગ-અલગ જેલોના બંદીવાનોના કુલ ૧૮ તેજસ્વી બાળકો તેમના સગા-સંબંધીઓ સાથે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. બંદીવાનોના જીવનમાં સુધારા તરફ આગળ વધતા, આ જ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે NIOS-National Institute of Open Schooling સાથે એક મહત્વપૂર્ણ MOU કરવામાં આવ્યા છે. જેના અંતર્ગત જેલના બંદીવાનો ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ જેલની અંદર જ રહીને પૂર્ણ કરી શકશે. જે બંદીવાનોનો અભ્યાસ ભૂતકાળમાં છૂટી ગયો છે. તેઓ કોઈપણ ધોરણથી ફરી પ્રવેશ મેળવી શકશે. ભવિષ્યમાં NIOS દ્વારા જેલના કેદીઓ માટે વિવિધ પ્રકારના વ્યાવસાયિક અને કૌશલ્યલક્ષી અભ્યાસક્રમો પણ શરૂ કરવામાં આવશે. જે જેલમુક્તિ બાદ તેમના પુનર્વસન અને રોજગારી માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે.

# ગુજરાત નોલેજ સોસાયટી અને અમેરિકાની વૈશ્વિક અગ્રણી કંપની વચ્ચે MoU

## સરકારી ઈજનેરી, પોલિટેકનિક કોલેજના વિદ્યાર્થીઓ, અધ્યાપકોને આધુનિક ટેકનોલોજીનું જ્ઞાન અપાશે

અમારા પ્રતિનિધિ તરફથી,

**અમદાવાદ,તા.૧૨ :** ગુજરાત સરકારના ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી હેઠળ કાર્યરત ગુજરાત નોલેજ સોસાયટી-GKS અને અમેરિકાની ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોફ્ટવેર ક્ષેત્રની વૈશ્વિક અગ્રણી કંપની Bentley Systems વચ્ચે એક મહત્વપૂર્ણ બિન-વ્યાવસાયિક-Non-Commercial વ્યૂહાત્મક ભાગીદારીના સમજૂતિ કરાર MoU કરવામાં આવ્યા છે. જેનો મુખ્ય હેતુ રાજ્યના એન્જિનિયરિંગ ક્ષેત્રના વિદ્યાર્થીઓને વૈશ્વિક ઉદ્યોગ

વિદ્યાર્થીઓને વૈશ્વિક ઉદ્યોગ પ્રથાઓ-Global Industry Practicesથી સજ્જ કરી રોજગારલક્ષી બનાવવાનો છે. જેના અંતર્ગત રાજ્યની તમામ ૧૬ સરકારી ઈજનેરી કોલેજો અને ૩૧ સરકારી પોલિટેકનિક કોલેજોના સિવિલ એન્જિનિયરિંગ વિભાગના આશરે ૩૦૦થી વધુ અધ્યાપકો માટે Bentleyના વૈશ્વિક નિષ્ણાતો દ્વારા વિશેષ 'Faculty Development Program'-FDPનું આયોજન કરવામાં આવશે. આ અનોખી પહેલનો સીધો લાભ સિવિલ એન્જિનિયરિંગ તેમજ તેની સંબંધિત શાખાઓના અંદાજે ૧૪,૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને મળશે.આ તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને MicroStation, OpenRoads, OpenFlows, Synchro - Digital Twin જેવા અદ્યતન ડિજિટલ એન્જિનિયરિંગ ટૂલ્સ પર પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત, પ્રોજેક્ટ આધારિત શિક્ષણ, હેકાથોન અને ડિઝાઈન સ્પર્ધાઓના માધ્યમથી વિદ્યાર્થીઓમાં વ્યવહારુ અને ટેકનિકલ કૌશલ્યોનો મજબૂત વિકાસ કરાશે. આ પ્રસ્તાવિત પ્ર અંતર્ગત રાજ્યના ટેકનિકલ શિક્ષણને વૈશ્વિક સ્તરે લઈ જવા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને વિનામૂલ્યે ૬૫થી વધુ 'Industry-standard' Bentley સોફ્ટવેર પૂરા પાડવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ઘરે બેઠા કે કોલેજમાં પોતાની અનુકૂળતાએ શીખી શકે તે માટે 'Bentley Learn Platform'ના માધ્યમથી સેલ્ફ-લર્નિંગ અને અદ્યતન ડિજિટલ એજ્યુકેશનની વિશેષ સુવિધા અપાશે. આ પહેલથી વિદ્યાર્થીઓ માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન પૂરતા મર્યાદિત ન રહેતા, વાસ્તવિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની પ્રક્રિયા અને લાઈવ કેસ સ્ટડીઝ દ્વારા સીધો વ્યવહારુ અનુભવ મેળવી શકશે.

# અમદાવાદ પ્લેન ક્રેશના સ્થળે રૂા.૫૪૭ કરોડથી વધુના આરોગ્ય - શિક્ષણ પ્રોજેક્ટ્સનું આયોજન

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૧૨ : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના મેઘાણીનગર, અમદાવાદ સ્થિત ન્યૂ મેન્ટલ કેમ્પસ ખાતે દુર્ઘટનાગ્રસ્ત ઈમારતોને દૂર કરી આધુનિક આરોગ્ય મંદિર અને શિક્ષણ મંદિરના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વાકાંક્ષી આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ મુદ્દે આરોગ્ય રાજયમંત્રી -ફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, દુઃખદ વિમાન દુર્ઘટના બાદ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ અને પરિવારજનો માટે તાત્કાલિક રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. હવે આ સમગ્ર વિસ્તારને આધુનિક આરોગ્ય મંદિર અને શૈક્ષણિક મંદિર તરીકે નિર્માણ કરવાનો સંકલ્પ રાજ્ય સરકારે કર્યો છે. તેમણે કહ્યું કે દુર્ઘટના પ્રભાવિત ન્યૂ મેન્ટલ કેમ્પસમાં રૂ. ૫૪૭ કરોડથી વધુના ખર્ચે આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રના આધુનિક પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે.

ન્યૂ મેન્ટલ કેમ્પસમાં વિમાન દુર્ઘટનાથી નુકસાન પામેલી ઈમારતોને દૂર કરીને વિવિધ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે. જેમાં અંદાજે ૨૫,૦૦૦ ચો.મી. જમીનમા રૂ. ૨૯૫ કરોડના ખર્ચે પેરાપ્લેજિયા અને સ્પાઈન હોસ્પિટલ, રિહેબિલિટેશન સેન્ટર, ફિઝિયોથેરાપી કોલેજ અને ૫૦૦ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ સ્થપાશે.

લગ્ન કરેલ પી.જી. વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૯૨ કરોડના ખર્ચે ૫૧૦ યુનિટ ધરાવતા નવા હોસ્ટેલ બ્લોક્સ જી૭ ઊંચાઈના અંદાજે ૮ બ્લોક્સનું નિર્માણ કરાશે. તેમજ રૂ. ૧૦ કરોડના ખર્ચે જી૧ માળનું ૮૦૦ વિદ્યાર્થીઓ માટે આધુનિક કેન્ટીન બિલ્ડિંગ, રૂ. ૫૦ કરોડના ખર્ચે ૩,૧૦૦ ચો.મી જમીનમાં નવીન ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરી એનએબીએલ ધોરણ મુજબની જી૭ માળની અદ્યતન લેબોરેટરી સ્થપાશે. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા બાદ ન્યૂ મેન્ટલ કેમ્પસ રાજ્યના અગ્રણી આરોગ્ય, સંશોધન અને મેડિકલ શિક્ષણ કેન્દ્ર તરીકે નિર્માણ પામશે, જે વિદ્યાર્થીઓ, આરોગ્યકર્મીઓ તેમજ સામાન્ય નાગરિકોને આધુનિક સુવિધાઓ પ્રદાન કરશે.


**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM KHUSHBU RAMESHBHAI PATEL TO KHUSHBU DAXESH PATEL ADDRESS: 39, KOLI FALIA, BHIMPORE, NANI DAMAN-396210.


#### રાષ્ટ્રીય સરેરાશ કરતા મોંઘવારી ઓછી

# ગુજરાતમાં મે મહિનામાં રીટેલ ફુગાવો ૩.૨૭ ટકા નોંધાયો

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૧૨: દેશમાં સામાન્ય નાગરિકના ખિસ્સા પર મોંઘવારીનો બોજ કેવો રહ્યો તે દર્શાવતા ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવાના મે ૨૦૨૬ના આંકડા કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. મે-૨૦૨૬માં સમગ્ર દેશનો સંયુક્ત રીટેલ ફુગાવો ૩.૯૩ ટકા નોંધાયો છે. જોકે, ગુજરાતના નાગરિકો માટે રાહતના સમાચાર એ છે કે રાજ્યમાં મોંઘવારીનો દર રાષ્ટ્રીય સરેરાશ કરતાં નોંધપાત્ર રીતે નીચો એટલે કે ૩.૨૭ ટકા રહ્યો છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારો કરતાં શહેરી વિસ્તારોમાં મોંઘવારી વધુ અંકુશમાં જોવા મળી છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં મે-૨૦૨૬માં ફુગાવાનો દર ૩.૭૩ ટકા અને શહેરી વિસ્તારોમાં મોંઘવારીનો માત્ર ૨.૯૫ ટકા નોંધાયો છે.

રાષ્ટ્રીય સ્તરે પણ આ જ ટ્રેન્ડ જોવા મળ્યો છે. જ્યાં દેશભરમાં ગ્રામીણ ફુગાવો ૪.૨૫ ટકા અને શહેરી ફુગાવો ૩.૫૩ ટકા રહ્યો છે. દેશભરમાં આ મહિને ખાદ્ય ફુગાવો ૪.૭૮ ટકાની સપાટીએ રહ્યો છે. સમગ્ર દેશમાં પર્સનલ કેર અને સોશિયલ પ્રોટેક્શન ક્ષેત્રમાં સૌથી વધુ ૧૮.૪૬ટકા મોંઘવારી જોવા મળી છે. જ્યારે બીજી તરફ બટાકા અને વટાણા જેવા રોજિંદા શાકભાજીના ભાવો ઘટવાને કારણે ગૃહિણીઓને મોટી રાહત મળી છે. આ ઉપરાંત, ચાંદીના દાગીનામાં ૧૫૫.૨૩ ટકા વાર્ષિક ધોરણે મસમોટો ઉછાળો જોવા મળ્યો છે. ચિંતાની વાત એ છે કે દેશમાં છેલ્લા ત્રણ મહિનાથી મોંઘવારીનો ગ્રાફ સતત ઉપર જઈ રહ્યો છે. જોકે, આ રાષ્ટ્રીય ચિત્ર વચ્ચે ગુજરાતના નાગરિકો માટે રાહતના સમાચાર એ છે કે રાજ્યમાં મોંઘવારીનો દર રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણો નીચો એટલે કે ૩.૨૭ટકા જ રહ્યો છે. છેલ્લા ત્રણ મહિનાનો ટ્રેન્ડરાષ્ટ્રીય સ્તરે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત મોંઘવારીમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. જે મુજબ,માર્ચ ૨૦૨૬માં ફુગાવાનો દર ૩.૪૦ હતો. એપ્રિલ ૨૦૨૬માં આ દર વધીને ૩.૪૮ટકા થયો હતો. મે ૨૦૨૬માં હવે તે વધુ ઉછળીને ૩.૯૩ ટકા પર પહોંચી ગયો છે.

ખાસ કરીને સામાન્ય પરિવારોના રસોડાને અસર કરતો દેશનો એકંદર ખાદ્ય ફુગાવો તો મે મહિનામાં ૪.૭૮ની ઊંચી સપાટીએ પહોંચ્યો છે. જો ક્ષેત્રવાર-Division-wise વાત કરીએ તો, રાષ્ટ્રીય સ્તરે પર્સનલ કેર, સોશિયલ પ્રોટેક્શન અને મિસલેનિયસ ગુડ્સ કેટેગરીમાં સૌથી વધુ ૧૮.૪૬ ટકાનો તોતિંગ વધારો ઝીંકાયો છે. આ ઉપરાંત બહાર જમવું અને હોટેલમાં રોકાવું પણ મોંઘું થયું છે કારણ કે રેસ્ટોરન્ટ અને અકોમોડેશન સર્વિસમાં ૫.૭૫ ટકાનો ફુગાવો છે. શિક્ષણ ક્ષેત્રે પણ ૨.૯૯ ટકા નો સામાન્ય વધારો નોંધાયો છે.

#### દુષ્કર્મ કેસમાં સજા યથાવત રહેતા

# આસારામે ગુજરાત હાઈકોર્ટમાં અરજી પરત લીધી

અમારા ટકાતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૧૨: ગુજરાત હાઈકોર્ટમાં આસારામે મેડિકલ ગ્રાઉન્ડ પર પોતાની હંગામી જામીન લંબાવવાની અરજી પરત ખેંચી લેતા તેને વધુ એક કાનૂની ઝટકો લાગ્યો છે. સુરતની યુવતી સાથે દુષ્કર્મના કેસમાં ગાંધીનગર સેશન્સ કોર્ટે આસારામને આજીવન કારાવાસની સજા ફટકારી હતી, જ્યારે રાજસ્થાનના જોધપુરમાં પણ એક સગીરા પરના દુષ્કર્મ કેસમાં પણ તે આજીવન કારાવાસની સજા ભોગવી રહ્યો છે.

મેડિકલ ગ્રાઉન્ડના આધારે આસારામે ગુજરાત હાઈકોર્ટમાં હંગામી જામીન લંબાવવાની અરજી કરી હતી. અગાઉ હાઈકોર્ટે તેના હંગામી જામીન ૧૫ જૂન સુધી લંબાવ્યા હતા. જોકે આ દરમિયાન રાજસ્થાન હાઈકોર્ટમાં તેની અપીલ પર મહત્વપૂર્ણ નિર્ણય આવ્યો હતો.

રાજસ્થાનના જોધપુરમાં નોંધાયેલા દુષ્કર્મ કેસમાં આસારામે ટ્રાયલ કોર્ટ દ્વારા ફટકારાયેલી આજીવન કારાવાસની સજા સામે અપીલ કરી હતી. રાજસ્થાન હાઈકોર્ટે તાજેતરમાં આ અપીલ ફગાવી દેતા ટ્રાયલ કોર્ટની સજાને યથાવત્ રાખી હતી. હાઈકોર્ટના આ નિર્ણય બાદ આસારામ હવે જોધપુર જેલમાં બંધ છે અને સજા ભોગવી રહ્યો છે.


**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

**Notice Inviting Tender for DNH and DD Power Corporation Limited, as per details mentioned below.**

e- PTN No. : 10/2026-27/412
Tender ID No. : 2026_UTDNH_8100_1
Last date of download : 18/06/2026 at 12:00 hrs.
Last date of online submission : 18/06/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 18/06/2026 till 15:00 hrs.

For details, please scan
www.dnhtenders.gov.in
ee-elec-dnh@ddd.gov.in
026-2406500

Any Other Details:

DNH & DD Power Corporation Limited,
Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.

NO.: IP/DMN/2/5/2026-27/244 DATED : 12/06/2026



**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

**Notice Inviting Tender for DNH and DD Power Corporation Limited, as per details mentioned below.**

e- PTN No. : 09/2026-27/411
Tender ID No. : 2026_UTDNH_8101_1
Last date of download : 16/06/2026 at 12:00 hrs.
Last date of online submission : 16/06/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 16/06/2026 till 15:00 hrs.

For details, please scan
www.dnhtenders.gov.in
ee-elec-dnh@ddd.gov.in
026-2406500

Any Other Details:

DNH & DD Power Corporation Limited,
Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.

NO.: IP/DMN/2/5/2026-27/243 DATED : 12/06/2026



**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

**Notice Inviting Tender for DNH and DD Power Corporation Limited, as per details mentioned below.**

e- PTN No. : 11/2026-27/414
Tender ID No. : 2026_UTDNH_8102_1
Last date of download : 19/06/2026 at 12:00 hrs.
Last date of online submission : 19/06/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 19/06/2026 till 15:00 hrs.

For details, please scan
www.dnhtenders.gov.in
ee-elec-dnh@ddd.gov.in
026-2406500

Any Other Details:

NO.: IP/DMN/2/5/2026-27/242 DATED : 12/06/2026



**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

**Notice Inviting Tender for DNH and DD Power Corporation Limited, as per details mentioned below.**

e- PTN No. : 12/2026-27/437
Tender ID No. : 2026_UTDNH_8109_1
Last date of download : 22/06/2026 at 12:00 hrs.
Last date of online submission : 22/06/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 22/06/2026 till 15:00 hrs.

For details, please scan
www.dnhtenders.gov.in
ee-elec-dnh@ddd.gov.in
026-2406500

Any Other Details:

DNH & DD Power Corporation Limited,
Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.

NO.: IP/DMN/2/5/2026-27/245 DATED : 12/06/2026


## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગામ ગલોન્ડા, દાદરા અને નગર હવેલી ખાતે આવેલ ખેતીની જમીન મૂળ સર્વે નં.૪૬૩/૧ ક્ષેત્રફળ ૩.૦૬ આરે તથા સર્વે નં. ૪૬/૨ ક્ષેત્રફળ ૦.૭૦ આરે. કુલ ક્ષેત્રફળ ૩.૭૬ આરે સબંધિત અને હાલમાં લાગુ પડતા મહેસૂલી રેકોર્ડ તથા એન્ટ્રીઓ મુજબ નોંધાયેલ મિલ્કત અંગેનો મૂળ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ (સાલે ડીદ) સિરિયલ નં.૨૧૧૨, તા.૨૪/૦૬/૨૦૧૪ રજીસ્ટર્ડ નં.૧૯૫૦ તા.૨૭/૦૬/૨૦૧૪ જે સબ-રજીસ્ટ્રાર કચેરી, દાદરા અને નગર હવેલી સિલ્વાસા ખાતે નોંધાયેલ છે અને જે સ્વ. શ્રી કિરણરાજ એફ. શાહ, શ્રીમતી સંગીતાબેન કે. શાહ, શ્રી ભરતકુમાર એમ. શાહ તથા શ્રીમતી લલિતાબન બી. શાહના નામે છે. તે મૂળ દસ્તાવેજ હાલ મળતો નથી અને ગુમ થયેલ અથવા ખોવાઈ ગયેલ હોવાનું માનવામાં આવે છે.

આથી વધુમાં જણાવવામાં આવે છે કે સ્વ. શ્રી કિરણરાજ એફ. શાહના અવસાન બાદ કાનૂની વારસદારો પરિવારજનો તથા સહ-માલિકો દ્વારા મિલ્કતના ટાઈટલ રેકોર્ડ તથા દસ્તાવેજોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. તમામ સબંધિત વ્યક્તિઓ સાથે જરૂરી પુછપરછ, તપાસ, શોધખોળ અને ચકાસણી કરવા છતાં ઉપરોક્ત મૂળ વેચાણ દસ્તાવેજ મળી આવેલ નથી. સમયગાળાના અંતર તથા સહ-માલિક પૈકી એકના અવસાનને કારણે મૂળ વેચાણ દસ્તાવેજની ચોક્કસ કસ્ટડી કોની પાસે હતી તે હાલ નિશ્ચિતપણ જાણી શકાય તેમ નથી. તમામ સદ્ભાવનાપૂર્વકના અને યોગ્ય પ્રયત્નો છતાં મૂળ દસ્તાવેજ આજદિન સુધી મળેલ નથી.

આથી કોઈપણ વ્યક્તિ, બેંક, નાણાંકીય સંસ્થા, સત્તાધિકારી, કોર્પોરેટ સંસ્થા અથવા અન્ય કોઈ એકમ કે વ્યક્તિ પાસે ઉપરોક્ત મૂળ વેચાણ દસ્તાવેજની કસ્ટડી અથવા કબ્જો હોય, અથવા ઉપરોક્ત દસ્તાવેજ અને/અથવા સબંધિત મિલ્કત અંગે કોઈપણ પ્રકારનો હક, માલિ, હિત, ભાગ, ચાર્જ, લિયન, ગીરો, બીજો, વાંધો, દાવો અથવા અન્ય કોઈ હિત ધરાવતી હોય, તો તેઓએ આ નોટિસના પ્રકાશનની તારીખથી ૧૫ (પંદર) દિવસની અંદર જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનાર વકીલને લેખિતમાં જાણ કરવી.

જો ઉપરોક્ત સમયમર્યાદામાં કોઈ રજૂઆત કરવામાં નહી આવે તો એવું માનવામાં આવશે કે ઉપરોક્ત મૂળ વેચાણ દસ્તાવેજ અને/અથવા સબંધિત મિલ્કત અંગે કોઈપણ વ્યક્તિનો કોઈ હક, દાવો, હિત અથવા વાંધો નતી અને ત્યારબાદ પ્રમાણિત નકલ મેળવવા, ટાઈટલ રેકોર્ડનું પુનઃનિર્માણ કરવા તથા અન્ય જરૂરી કાનુની કાર્યવાહી કોઈપણ વ્યક્તિને વધુ જાણ કર્યા વિના હાથ ધરવામાં આવશે.

**સ્થળ : સિલ્વાસા**
**તારીખ : ૧૧/૦૬/૨૦૨૬**
**શ્રી ભાવેશ કિરણરાજ શાહ,**
**સ્વ. શ્રી કિરણરાજ એફ. શાહના કાનૂની વારસદાર વતી**

**સહી/-**
**એડવોકેટ**
**શાઈસ્તા સૈયદ**
**મો.૭૨૨૭૯૪૬૭૧૨**

## નિવિદા

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત કુમાર છાત્રાલય ભૂતસર માટે ૨૦૨૬-૨૭ના નાણાંકીય વર્ષ માટે રેઈટ કોન્ટ્રાક્ટથી અનાજ કરીયાણા, જલાવ લાકડા કુમાર છાત્રાલય ભૂતસર ખાતે પહોંચતા ખરીદવાના થાય છે. માલ પુરો પાડવા ઈચ્છતા સહકારી ભંડારો, સહકારી મંડળીઓ કે વેપારીઓએ કોરા ભાવ પત્રકો, કુમાર છાત્રાલય ભૂતસર, તા.જી. વલસાડ તારીખ ૩૦/૦૬/૨૦૨૬ સુધીમાં મેળવી લઈ ભરેલા ભાવપત્રકો રજીસ્ટર પોસ્ટ એડીથી તારીખ ૧૫/૦૭/૨૦૨૫ સુધીમાં અત્રે મળી જાય એ રીતે મોકલવા વિનંતી છે.

૧. અનાજ કરીયાણા વગેરે અને જલાવ લાકડાની ખરીદી
૧. ટેન્ડર ફોર્મ ફી રૂ.૧૦૦/- (સો)

ગૃહપતિ, કુમાર છાત્રાલય ભૂતસર મુ.પો. ભૂતસર, તા.જી.વલસાડ

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૫૦૧/૨૦૨૬

**અરજદાર : ઉષાબેન ઉર્ફે રૂશનબેન બુધાભાઈ પટેલ તે ભરતભાઈ પટેલની પત્ની,**
**રહે.** રજપુત ફળિયુ, ખેરગામ
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, અટગામ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઉષાબેન ઉર્ફે રૂશનબેન બુધાભાઈ પટેલ તે ભરતભાઈ પટેલની પત્ની,** રહે.રજપુત ફળિયુ, ખેરગામ, તા.જી.વલસાડએ તેમના પોતે **ઉષાબેન ઉર્ફે રૂશનબેન બુધાભાઈ પટેલ તે ભરતભાઈ પટેલની પત્નીનો** જન્મ તા.૦૧-૦૬-૧૯૬૮ના રોજ મોજે. અટગામ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૫૦૧/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

**No.MAM/SIL/RTS/RBD-DNH/02/Birth/2026/1876 Dated : 07/04/2026**

**APPLICANT- Karuna Akash Dubey,**
**Presently residing at- Flat B-110, Vrundavan Park, Darigam, Bhilad, Umargam, Valsad, Gujarat-396155**
**Mo 8400472992**

**V/S**

**OPPONENTS- The Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil, Silvassa**

**NOTICE**

The public to take note that the above, named applicant Karuna Akash Dubey's son, namely Pranav Akash Dubey, who was born on 07/12/2024 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil, Silvassa. Hence, the applicant has moved on application to pass an order to register birth of Pranav Akash Dubey. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**










**ભારત મારબલ વોટરપ્રુફીંગ**

**વાંચશો તો જાણશો ને?**


ખુશખબર... ખુશખબર...

શુ તમારું ધાબુ લીક થાય છે ???

શુ તમારા ધાબામાંથી પાણી ટપકે છે? તદ આના માટે ભારત મારબલ નવી ટેકનીક લઈને આવ્યા છે.

દર વર્ષની વોરંટી સાથે ધાબાનું લીકેજ બંધ કરી દેવામાં આવશે.

ઉપરાંત દશ વર્ષની લેખીત વોરંટી આપવામાં આવશે.



**પધ્ધતિસર ધારા પર ઈટાલીયન માર્બલ પેસ્ટ કરી આપવામાં આવશે**



**અમારી કામ કરવાની પદ્ધતિ**

- ધાબુ વોશ કરી એના પર પીછી કેમીકલ લગાડવામાં આવે છે
- પીછી લાગ્યા પછી પ્લાસ્ટર ઉપર ૩ થી ૪ એમએમ માલ ચડાવવામાં આવે છે
- ત્યારબાદ કેમીક

હવે શું વિચારો છો ? આજે જ સંપર્ક કરો : નોંધ એડવાન્સ બુકીંગ ચાલુ છે એક જ કોલ કરો, માણસ વિઝીટ માટે આવી જશે. વીઝીટનો કોઈ ચાર્જ નથી

**ચંદન મેહરા મો. ૯૭૨૫૨૧૪૮૧૪**



Saturday 13, June 2026

# દમણગંગા ટાઇમ્સ





## વાપીમાં મેરિલના સહયોગથી રૂા. ૨૨ કરોડના ખર્ચે નવનિર્મિત વીઆઈએના 'કનુ દેસાઈ ઓડિટોરિયમ'નું ઉદ્‌ઘાટન

# મોટા, નાનાને મદદ કરે તો જ વિકાસ થાય : પદ્મશ્રી ગફુરચાચા










(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપીમાં આજે કનુ દેસાઈ વીઆઈએ ઓડિટોરિયમ હોલનું પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયા અને નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે અને વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ તેમજ જિલ્લા કલેકટર, ડીએસપી અને વાપીના મેયર સહિત વાપીના જાણીતા ઉદ્યોગપતિઓ, આમંત્રિતોની ભરચક ઉપસ્થિતિમાં લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

વાપી જીઆઇડીસીના ઉદ્યોગપતિઓના સમૂહ એટલે કે વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા વીઆઈએ ઓડિટોરિયમ હોલને જર્જરીતમાં અવસ્થામાં હોય તેને તોડી તેના સ્થાને રૂા. ૨૨ કરોડના ખર્ચે અને ૭૬૦ બેઠક ધરાવતું વીઆઈએનું અતિ આધુનિક વીઆઈએ ઓડિટોરિયમ હોલ મેરીલ ગ્રુપના સહયોગથી બનાવવામાં આવેલ આ ઓડિટોરિયમ હોલનું લોકાર્પણ કાર્યક્રમ આજે ગુજરાત રાજ્યના નાણા અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં પદ્મશ્રી અને મેરીલ ગ્રુપના ગફુરભાઈ બિલખિયા મેરીલ સાયન્સ લાઈફ કંપનીના એમડી અંજુમભાઈ બિલખિયા, વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, વાપીના ઉદ્યોગપતિ મેરિલના નાનુભાઈ બાંભરોલિયા, પ્રમુખ યોગેશભાઈ કાબરીયા, એડવાઈઝરી બોર્ડના મિલનભાઈ દેસાઈ, એ.કે. શાહ, શિરિષભાઈ દેસાઈ, એલ.એન. ગર્ગ, રજનીશ આનંદ, એસ.એચ. સરના, સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસો.ના પ્રમુખ કૌશિક પટેલ, મુરજીભાઈ કટારમલ, વાપી નોટિફાઈડ બોર્ડના ચેરમેન મગનભાઈ સાવલિયા, પ્રકાશભાઈ ભદ્રા, રાજુલભાઈ શાહ, કેતનભાઈ શાહ, કલ્પેશભાઈ વોરા, જિલ્લા કલેકટર નીતિનભાઈ સાગવાન, ડે. કલેકટર પિયુષભાઈ, જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજા તેમજ વાપી ઔદ્યોગિક એકમમાં ઉદ્યોગ ધરાવતા ઉદ્યોગપતિઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### ૭૬૦ જેટલી બેઠક વ્યવસ્થા ધરાવતું ભવ્ય વાતાનુકુલિત ઓડિટોરિયમ વીઆઈએની યશ કલગીનું પીંછુ

આ પ્રસંગે આ ઓડિટોરિયમ હોલનું નામ કનુભાઈ દેસાઈ ઓડિટોરિયમ હોલ જાહેર કરવામાં આવ્યું હતું. સાથે આ અંગે મંચ પરથી ઉપસ્થિત રહેલા મેરીલ ગ્રુપના એમડી અંજુમભાઈ બિલખિયાએ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાત રાજ્યમાં અને વલસાડ જિલ્લા તેમજ વાપી વિસ્તારમાં સૌથી વધુ વિકાસના કામો કરાઈ રહ્યા છે અને વાપીમાં ખૂબ જ ઝડપી વિકાસના કામો થતા જોઈ વાપીને કનુભાઈ દેસાઈએ રાજ્યના નાણામંત્રી રહેતા ખૂબ જ સુંદર બનાવવા માટે અનેક વિકાસના કામો માટેના પેકેજ જાહેર કર્યા છે જે વાપીની એક ઓળખ બની જેવા પામી છે તો આ સામાજિક કાર્યકર્તા રાજકીય આગેવાન કનુભાઈ દેસાઈને વાપીમાં કંઈક આપણે પણ તેમને ભેટ આપવી જોઈએ તેવા વિચારોને લઈ આ ઓડિટોરિયમ હોલનું નામ કનુભાઈ દેસાઈ હોલ જાહેર કરવા વીઆએના હોદ્દેદારોને તેઓએ જણાવ્યુ હતુ અને જેને લઈ આ હોલનુ નામ કનુભાઈ દેસાઈ ઓડિટોરિયમ હોલ જાહેર કરવામાં આવ્યું હતું. આ તબક્કે બિલખિયાના પરિવારના વડીલ અને જાણીતા સમાજસેવક ઉદ્યોગપતિ પદ્મશ્રી ગફુરભાઈ બિલખિયાએ પોતાના ટુંકા અને લાગણીસભર ઉદ્દબોધનમાં વાપીના ઔદ્યોગિક વિકાસમાં રજ્જુભાઈ શ્રોફથી લઈને અનેક નામો યાદ કર્યા હતાં. તેમણે વાપીમાં ઉદ્યોગકારો પરસ્પર સહકારથી આગળ વધી રહ્યા છે એનો રાજીપો વ્યકત કર્યો હતો. અને ઉમર્યુ હતું કે મોટાઓએ હંમેશા નાનાને મદદ કરવી જોઈએ તો જ વિકાસ કરી શકાય. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિત શાહના યોગદાનને પણ યાદ કર્યુ હતુ.

આ પ્રસંગે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે તેમણે વાપી વિસ્તાર માટે કરેલા કાર્યો એ માત્ર તેમની ફરજના ભાગરૂપ જ છે એના માટે કશી અપેક્ષા રાખી ન શકાય. છતાં આ ઓડિટોરિયમને મારુ નામ અપાયું છે એ મુ. ગફુરભાઈ બિલખિયા પરિવાર અને મેરિલગૃપનું વિશાળ દિલ દર્શાવે છે.

કાર્યક્રમની શરુઆતમાં વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ દ્વારા મહેમાનોને આવકાર અને સન્માન સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માજી પ્રમુખ યોગેશભાઈ કાબરિયા દ્વારા વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ઈતિહાસ સાથે નવનિર્મિત ઓડિટોરિયમ માટે કરાયેલા પ્રયાસો અને મળેલા સહકારની વિગતવાર વાત કરી અંજુમભાઈ બિલખિયાએ આપેલી ઉદાર સખાવત માટે આભાર માન્યો હતો.

### નવ ઉદ્‌ઘાટિત ઓડિટોરિયમમાં પ્રથમ કાર્યક્રમ તરીકે વીઆઈએની પપમી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

કાર્યક્રમ દરમ્યાન વીઆઈએના આ ભવ્ય કનુભાઈ દેસાઈ ઓડિટોરિયમના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન અને વિવિધ સેવાઓ પુરી પાડનારાઓનું પણ સ્મૃતિભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ વિઆઈએના સેક્રેટરી કલ્પેશ વોરાએ આટોપી હતી. ઓડીટોરિયમના ઔપચારિક ઉદ્દઘાટન બાદ એ જ સ્થળે ઓડિટોરિયમના પ્રથમ કાર્યક્રમ તરીકે વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની ૫૫મી વાર્ષિક સાધારણ સભા કેબિનેટમંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં વીઆઈએના હોદ્દેદારો અને સભ્ય ઉદ્યોગકારો મોટી સંખ્યામાં સામેલ થયા હતાં. સામાન્યસભાના એજન્ડા મુજબના કામોમાં એડવાઈઝરી બોર્ડને સર્વસંમતિથી અને કનુભાઈની ઈચ્છા મુજબ ફરીથી તેમના હોદ્દાઓ સાથે રીપીટ કરવામાં આવ્યું હતું. આ સામાન્યસભા દરમ્યાન વીઆઈએના પ્રવર્તનમાન હોદ્દેદારોના ૩ વર્ષના સંચાલન અને વહીવટ દરમ્યાન વીઆઈએની પ્રગતિનો ચિતાર પણ અપાયો હતો અને વીઆઈએની આવકમાં ૧૧૯ ટકાનો વધારો, સરપ્લસમાં ૪૬૪ ટકાનો જયારે ડિપોઝીટમાં ૧૦૫ ટકાનો વધારો નોંધાયો હોવાનું જણાવાયું હતું.

## ચાસામાં માટી ઉલેચતા ૧૭ હાઈવા અને ૪ પોકલેન્ડ જપ્ત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૨ :** ચીખલી તાલુકાના ચાસાગામે તળાવમાં ચાલતા માટી ખનન બાબતે નવસારી જિલ્લા કલેકટરને મળેલ ફરિયાદના આધારે ચીખલી પ્રાંત તેમજ ચીખલી મામલતદારે ચાસાગામે સ્થળ તપાસ આદરતા પરવાનગી કરતા વધુ માટી કાઢેલ હોવાનું જણાવતા અધિકારીઓએ સ્થળ ઉપર જ ૧૭ જેટલા હાઈવા ટ્રક તેમજ ૪ પોકલેન્ડ મશીન સીઝ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નવસારી જિલ્લા કલેકટર કચેરીને ફરિયાદ મળી હતી કે ચીખલી તાલુકાના ચાસાગામે આવેલ તળાવમાંથી પરવાનગી કરતા વધુ માટી કાઢવામાં આવી રહી છે. જે બાબતને ધ્યાનમાં રાખી નવસારી જિલ્લા કલેકટર મનીષ ગુરવાની એ ચીખલી પ્રાંત અધિકારી મિતેશ પટેલ, ચીખલી મામલતદાર હિરેન મૈસુરીયા અને સર્કલ સેહુલને સ્થળ તપાસ માટે મોકલતા સ્થળ ઉપર પરવાનગી કરતાં વધુ માટી કાઢેલ હોવાનું જણાય આવતા અધિકારીઓએ આ બાબતે નવસારી આરટીઓ, ડીએલઆર કચેરી તેમજ ખાણ ખનીજ વિભાગને જાણ કરતા તેઓ પણ સ્થળ ઉપર પહોંચી ગયા હતા. સમગ્ર બનાવની વધુ તપાસ ખાણ ખનીજ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે ચીખલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી માટી ખનનની પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલી રહી છે. મર્યાદિત માત્રામાં માટી ખનનની પરવાનગી લઈને લાખો મેટ્રિક્ ટન માટી કાઢવામાં આવતી હોય છે. અમુક ઊંડાઈ સુધી જ માટી ખનનની પરવાનગી આપવામાં આવતી હોવા છતાં પણ માટી ખનન કરનાર તત્વો દ્વારા વધુ પડતી ઊંડાઈ કરી દેવામાં આવતી હોય છે. નવસારી જિલ્લા કલેક્ટર દ્વારા કેટલાક ગામોમાં થયેલ માટી ખનનની પ્રવૃત્તિ બાબતે સ્થળ નિરીક્ષણ કરવામાં આવે તો સરકાર ની તિજોરીને કરોડો રૂપિયાનો ફાયદો થાય તેમ છે.


**દમણગંગા ટાઈમ્સ**

**ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે નીચે આપેલી વેબસાઈટની મુલાકાત લો**

**www.damangangatimes.com**


## સલવાવમાં કચરો નાખવાનું ના પાડતાં મહિલાનું માથુ ફોડયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપીના સલવામાં ઘર આગળ કચરો નાખવામાં ના પાડતા પાડોશી એ મહિલાનું પથ્થર મારી માથું ફોડ્યું હતું. પોલીસ સુત્રો દ્વારા પ્રાપ્ત વિગત મુજબ વાપીના સલવાવ બુધાના ફળિયામાં રહેતી અને ઉમરગામના એક ગામમાં પરણેલી સુમિત્રાબેન જીતેન્દ્ર દુપડા તેના પિયર રહેવાં આવી હતી ત્યારે તેમના પાડોશી હેમાંગીની જીગરભાઈ દુબળા તેમણે સુમિત્રાબેનના ઘર આગળ કચરો નાખતા હેમાંગીની બેને ના પાડી જેથી હેમાંગીનીબેને ગાળા ગાળી કરી ઝઘડો કરી ટુકડો સુમિત્રાબેનના માથામાં માર્યો હતો સુમિત્રાબેનને છોડાવવા પડેલ તેની દીકરીને પણ હેમાંગીની તેના પતિ જીગરભાઈ મીનાબેન ઝપાઝપી કરી હતી. ઘટના અંગે સુમિત્રાબેને પોલીસ ફરિયાદ નોંધાવી હતી

## ભીલાડમાં ૨ કિલો ગાંજા સાથે યુવક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૨ :** વલસાડ જિલ્લા પોલીસ દ્વારા ગેરકાયદેસર માદક પદાર્થોના વેચાણ અને સેવન સામે ચલાવવામાં આવતી કાર્યવાહી અંતર્ગત પોલીસે બાતમીના આધારે છાપો મારી ભીલાડ પૂર્વ બજારમાં આવેલી નૂર કાંદા-બટાકા સેન્ટરની પાછળના ખુલ્લા વિસ્તારમાંથી સંતોષ કાશીનાથ ગૌડ ઉ.વ. ૨૦ને ૨.૦૧૬ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડી NDPS એક્ટ,૧૯૮૫ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસને આરોપીના કબજામાંથી મળેલી બ્રાઉન રંગની બેગની તપાસ કરતાં તેમાંમાંથી ૨.૦૧૬ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પકડાયેલ આરોપી હાલ પાલઘર જિલ્લાના નંદુરે નાકા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે.જ્યારે તેનો મૂળ વતન ઉત્તરપ્રદેશના ચંદૌલી જિલ્લામાં આવેલું છે.પોલીસે આરોપી પાસેથી અંદાજે રૂા. ૧,૦૦,૮૦૦ કિંમતનો ગાંજો, એક મોબાઈલ ફોન તથા રોકડ રકમ મળી કુલ રૂ. ૧,૦૫,૯૭૫નો મુદ્દામાલ કબજે કર્યો છે.આ કેસમાં પાલઘરના રહેવાસી રોશન ચૌધરી તથા ઝારખંડના પંજા નામના વ્યક્તિને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.બંનેના સંપૂર્ણ નામ-સરનામાની તપાસ હાલ ચાલી રહી છે.આરોપી સામે NDPS એક્ટ,૧૯૮૫ની કલમ ૮(C), ૨૦(B)(II)(B) અને ૨૯ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## પારડીના પશુ પાલક પર ત્રણ યુવકનો હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૨ :** પારડીમાં ભેંસલાપાડા નવીનગરી ફળિયા વિસ્તારમાં જૂની અદાવતને લઈ એક પશુપાલક યુવક પર ત્રણ શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. લોખંડના સળીયા, પાઈપ અને લાકડી વડે કરવામાં આવેલા હુમલામાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાં તેના ડાબા પગમાં ફ્રેક્ચર થતાં તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પારડી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે પારડી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

ભેંસલાપાડા નવીનગરીના મનિષભાઈ યાદવએ પારડી પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ પોતાના પરિવાર સાથે રહે છે અને પશુપાલનનો વ્યવસાય કરે છે. તા. ૧૧ જૂન ૨૦૨૬ના રોજ સાંજે તેમની બાઈક લઈને બજારમાં શાકભાજી ખરીદવા નિકળ્યા હતાં ત્યારે ભેંસલાપાડા વિસ્તારના વિજય ફાર્મ પાસે ઉભેલા દિપકભાઈ રાજકુમાર યાદવ, ધર્મેશભાઈ રાજકુમાર યાદવ અને પ્રભાકર બનવારી યાદવે તેમની મોટરસાયકલનો રસ્તો રોકી દીધો હતો આરોપીઓએ મનિષભાઈને અપશબ્દો બોલી ઝઘડો શરૂ કર્યો હતો.

અને તેને લાકડા તેમજ લોખંડના સળિયા વડે હુમલો કરી ગંભીર રીતે ગાયલ કરી દીધો હતો. અને તેણે બુમાબુમ કરતાં આસપાસના લોકો આવી જાય તે પહેલાં જ ત્રણેય હુમલાખોરો ઘટના સ્થળેથી ભાગી છૂટ્યા હતા. અને તેને તાત્કાલીક ૧૦૮માં નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. જયાથી તેઓએ પારડી પોલીસ મથકમાં ત્રણ વિરુદ્ધ ફરિયાદ કરતાં વધુ તપાસ હાથ ધરાઈ છે.

## સેગવામાં બાઈક અડફેટે વૃદ્ધનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વલસાડ તાલુકાના સેગવા ગામે આજે સવારે ગામના ત્રણ રસ્તા ગ્રામ પંચાયતની સામે રોડ ક્રોસ કરી રહેલા એક ૮૫ વર્ષીય વૃદ્ધને પૂરપાટ ઝડપે આવી રહેલી બાઈક ચાલકે જોરદાર ટક્કર મારતાં વૃદ્ધનું માથાના ભાગે ગંભીર ઈજા થવાને કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. વલસાડ તાલુકાના ખેરગામ રોડ પર આવેલા સેગવા ગામના રોજી સામર ફળિયામાં રતિલાલભાઈ સીબાભાઈ પટેલ (ઉં.વ. ૮૫) રહે છે. રતિલાલભાઈ પટેલ આજરોજ સવારે સવારે ગામની સસ્તા અનાજની દુકાનેથી પૈસા ઉપાડીને પરત ઘરે ફરી રહ્યા હતા. સવારે આશરે ૦૮:૨૦ કલાકે તેઓ સેગવા ત્રણ રસ્તા ગ્રામ પંચાયતની સામેથી રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન ખેરગામ તરફથી પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક નં. GJ-21-R-4525 ના ચાલકે તેમને અડફેટે લેતા રતિલાલભાઈ રોડ પર પટકાયા હતા અને તેમના માથાના ભાગે ગંભીર ઈજા થતાં આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જોકે, ૧૦૮ ના ફરજ પરના તબીબોએ તપાસ કરીને રતિલાલભાઈને મૃત જાહેર કર્યા હતા.

જેવાદ રતિલાલભાઈ પટેલનો મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે વલસાડ નગરપાલિકા હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના અંગે મૃતકના પુત્ર રાજેશભાઈ રતિલાલભાઈ પટેલે અકસ્માત સર્જનાર બાઈક ચાલક વિરલભાઈ મુકેશભાઈ પટેલ રહે. વાવ ઉગમણા ફળિયા, તા. ખેરગામ, જી. નવસારી વિરુદ્ધ વલસાડ પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**